

નાઈજિરિયામાં સૈનિકોના કાફલા ઉપર હુમલો, 50 આતંકીઓ ઠાર

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



USની કાર્યવાહી બાદ અદાણીએ 600 મિલિયન ડૉલરના બૉન્ડ ઇશ્યૂ રદ કર્યા

PAGE NO. 20

FRIDAY, 22 NOVEMBER, 2024 Vol. 22, No. 47 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### કંપનીને કોન્ટ્રાક્ટના બદલામાં ભારતીય અધિકારીઓને 250 મિલિયન ડૉલરની લાંચની તૈયારી બતાવાઈ

# USમાં લાંચના આરોપ સાથે અદાણી સામે ઠગાઈનો કેસ

### અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારી તથા ગૌતમ અદાણીનો ભત્રીજો સાગર, વિનીત જૈનને આરોપી બનાવાયા

**ન્યૂયોર્ક**

દેશના જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુદ્ધ અમેરિકામાં કૌભાંડ અને લાંચ આપવાના સનસનીખેજ આરોપ લગાવાયા છે. અમેરિકામાં બુધવારે દાખલ એક કેસમાં તેમના વિરુદ્ધ પોતાની એક કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવાના બદલામાં ભારતીય અધિકારીઓને 250 મિલિયન ડૉલર (આશરે રૂ. 2000 કરોડથી વધુ)ની લાંચ આપવાની તૈયારી બતાવી હતી.

અમેરિકાના પ્રોસિક્યુટર્સ (સરકારી વકીલ)નો આરોપ છે કે, અદાણી તથા તેમની કંપનીના અન્ય સીનિયર અધિકારીઓએ રિન્યુએબલ એનર્જી કંપનીને કોન્ટ્રાક્ટ આપવાના બદલામાં ભારતીય અધિકારીઓને પૈસા આપવાનો વાયદો પણ કરી દીધો હતો. આ કોન્ટ્રાક્ટથી કંપનીને 20 વર્ષમાં 2 બિલિયન ડૉલરથી વધુનો નફો થવાની આશા હતી.

ન્યૂયોર્કની ફેડરલ કોર્ટે ગૌતમ અદાણી જ નહીં સાત લોકો પર અબજો ડૉલરની છેતરપિંડી તથા લાંચનો આરોપ લગાવ્યો છે. ભારતીય



અધિકારીઓને અબજો રૂપિયાની લાંચ આપવાનું ફંડ અદાણીએ અમેરિકામાંથી ભેગું કરવાનું નક્કી કર્યું હતું. આ માટે તેમણે અમેરિકા અને અન્ય વિદેશી રોકાણકારો તેમજ બૅંકો સમક્ષ પણ અનેક હકીકતો છુપાવી હતી.

આરોપીઓમાં અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારી તથા ગૌતમ અદાણીના ભત્રીજા સાગર અદાણી અને વિનીત જૈનનું નામ પણ સામેલ છે. આ કેસમાં સિરિલ કેબનેસ, સૌરભ અગ્રવાલ, દિપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

## બધા આરોપો પાયા વિહોણા છે : વિવાદ પછી અદાણી ગ્રૂપની પહેલી પ્રતિક્રિયા

અદાણી ગ્રૂપે યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ અને યુએસ સિક્યુરિટીઝ ઍન્ડ ઍક્સચેન્જ કમિશન દ્વારા મૂકવામાં આવેલા લાંચ અને છેતરપિંડીના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. અદાણી ગ્રૂપની પેટા કંપની અદાણી ગ્રીન પર રૂ. 265 મિલિયન ડૉલરની લાંચ અને છેતરપિંડીના આરોપ અદાણી ગ્રૂપે ફગાવી દીધા છે. અદાણી ગ્રૂપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ અને SEC દ્વારા અદાણી ગ્રીનના ડિરેક્ટર્સ વિરુદ્ધ મૂકાયેલા તમામ આરોપો પાયાવિહોણા છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસે લખ્યું છે કે, તમામ આરોપો શંકાસ્પદ છે. આરોપીને ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે, જ્યાં સુધી તે દોષિત સાબિત ન થાય. હવે અમે કાયદાકીય ઉકેલોના વિકલ્પના માર્ગે આગળ વધીશું. અદાણી ગ્રૂપે હંમેશા તમામ કાયદા અને નીતિનિયમોનું પાલન કર્યું છે.' અમે તમામ બિઝનેસ કામગીરીમાં પારદર્શકતા રાખી છે, નિયામકની જોગવાઈઓના પાલન પ્રત્યે હંમેશા પ્રતિબદ્ધ છીએ. અમે અમારા તમામ સ્ટેકહોલ્ડર્સ, ભાગીદારો અને કર્મચારીઓને ખાતરી આપીએ છીએ કે, અમે કાયદાનું પાલન કરતું ઑર્ગેનાઈઝેશન છીએ. અમે તમામ કાયદાને અનુસરીને જ કામગીરી કરીએ છીએ.'

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

## પાકિસ્તાનમાં પેસેન્જર વાન પર આતંકીઓ દ્વારા ફાયરિંગ, 50ના મોત, 11 લોકો ઘાયલ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના કુર્રમમાં આતંકી હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. જેમાં 50 લોકોના મોત થયા હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. આ હુમલામાં એક પોલીસ અધિકારી અને 6 મહિલાઓ સહિત 11 લોકો ઘાયલ થયા હતા. આતંકીઓએ ઓચિંતો હુમલો કરીને અચાનક ગોળીબાર શરૂ કરી દીધો હતો. સુરક્ષા દળો જવાબી કાર્યવાહી કરી રહ્યા હતા. આ હુમલો પખ્તૂનખ્વાના ડાઉન કુર્રમ વિસ્તારમાં એક પેસેન્જર વાન પર થયો હતો.

એએફપીના અહેવાલ મુજબ આ હુમલામાં 50 લોકોના મોત થયા હતા. પેસેન્જર વાન લોઅર કુર્રમના ઓચુત કાલી અને મંડુરી નજીકથી પસાર થઈ કે તરત જ ત્યાં પહેલેથી જ ઘૂસી આવેલા આતંકવાદીઓએ વાન પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. પેસેન્જર વાન પારાચિનારથી પેશાવર જઈ રહી હતી. પાકિસ્તાનની ન્યૂઝ એજન્સી ડોન અનુસાર, તહસીલ હેડક્વાર્ટર હોસ્પિટલ અલીઝાઈના ઓફિસર ડૉ.ગૈયોર



હુસૈને હુમલાની પુષ્ટિ કરી છે. ઘટનાને લઈને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ ઘટનાની સખત નિંદા કરી અને મૃતકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તો બીજી તરફ PPPએ X પર એક પોસ્ટમાં કહ્યું કે નિર્દોષ મુસાફરો પર હુમલો કરવો એ કાયરતાપૂર્ણ અને અમાનવીય કૃત્ય છે. પાર્ટીએ કહ્યું કે આ ઘટના માટે જવાબદારોને સજા મળવી જોઈએ. આ સાથે ઘાયલોને સમયસર તબીબી સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મુખ્ય સચિવ નદીમ અસલમ ચૌધરીએ જણાવ્યું કે કુર્રમમાં થયેલા હુમલામાં માર્યા ગયેલા લોકોમાં એક મહિલા અને એક બાળક પણ સામેલ છે.

SAVE MAX
Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

VOYAGES InterSky TRAVELS
Visa Services: India, Nepal, Dubai, Europe, UK-ETA
OCI, PASSPORT RENEWAL, SURRENDER, CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
India-North & South
Nepal - Bhutan -Sri Lanka.
Dubai.
NRI-Europe( Veg & Jain Meals)
All kinds of Travel Insurances
Hotel bookings( world wide)
www.interskytravel.com
Air Canada, Air India, Qatar, Emirates, Air France/ KLM, British Airways, United -Delta, Turkish & many more..............
Divyesh (Dev) Patel
514 -513 9191
Permis du Quebec
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 7000 વિદ્યાર્થીઓને ભારત પરત ફરવુ પડે તેવી સંભાવના

## વિદ્યાર્થીઓએ સબમિટ કરેલા એક્સેપ્ટન્સ લેટર બનાવટી હોવાનું કૌભાંડ બહાર આવ્યું, 0 ટકા લેટર ગુજરાત અને પંજાબના હોવાની ચર્ચા

**ટોરોન્ટો**

સ્ટુડન્ટ વિઝા પર કેનેડા જવા માટે વિદ્યાર્થીઓએ સબમિટ કરેલા એક્સેપ્ટન્સ લેટર બનાવટી હોવાનું કૌભાંડ બહાર આવ્યું છે. આ લેટરમાંથી 80 ટકા લેટર ગુજરાત અને પંજાબના હોવાનું માનવામાં આવે છે. આ સાથે જ કેનેડાથી 7000થી 8000 વિદ્યાર્થીઓએ ડેલીએ હાથ દીધા બાદ પરત ફરવાની નોબત આવે તેવી સંભાવના છે.

વિઝા એક્સપર્ટનું કહેવું કે, ‘વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા સ્વીકૃતિ પત્ર બોગસ હોવાનું પ્રસ્થાપિત થશે તો તેમના એડમિશન કેન્સલ કરી દેવામાં આવશે. તેમને ભારત પરત રવાના કરી દેવામાં આવશે.’ કેનેડા સરકાર અને ભારત સરકાર વચ્ચેના કથળેલા સંબંધને પરિણામે કેનેડા સરકાર આ મુદ્દે આકરુ વલણ અપનાવે તેવી સંભાવના છે.

વિઝા માટેની પ્રક્રિયા દરમિયાન કેનેડાની યુનિવર્સિટી તરફથી લેટર ઓફ એક્સેપ્ટન્સ માગવામાં આવે છે. વાસ્તવમાં આ લેટર યુનિવર્સિટીમાંથી નહિ, પરંતુ વિઝા કન્સલ્ટન્ટ્સ તરફથી જ બનાવીને રજૂ કરી દેવામાં આવ્યા છે. આ હકીકત તાજેતરમાં જ બહાર આવી છે. તેથી કેનેડાની સરકાર તરફથી 10,000 બનાવટી એક્સેપ્ટન્સ લેટર રજૂ કરાયા હોવાનો ઘટસ્ફોટ પંદરમી નવેમ્બરના અરસામાં કરવામાં આવ્યો છે.

પરિણામે ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓને કેનેડાથી પરત મોકલી દેવામાં આવે તેવી શક્યતા વધી ગઈ છે. આ વિદ્યાર્થીઓએ કેનેડા જવાની પ્રોસેસ કરવા માટે કરેલો ખર્ચ માથે પડશે. ભવિષ્યમાં તેમને અરજી કરવાની તક મળશે કે કેમ તે પણ એક સવાલ છે. કેનેડાના કાયમી નિવાસી બન્યા બાદ કેનેડામાં કે અન્ય કોઈ દેશમાં સ્થાયી થવાના તેમના સપનાં પણ રોળાઈ જવાની શક્યતા નિર્માણ થઈ છે.

**પાંચ વાર વિઝા નકારાયા પછી હર્ષ પટેલનો યુએસમાં ગેરકાયદે વસવાટ**

# સ્મગલરોએ જીવન કરતાં નાણાંને વધુ મહત્ત્વ આપતાં ડિંગુચાનો પટેલ પરિવાર મોતને ભેટ્યો

મિનેસોટા : ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ કેનેડાથી અમેરિકામાં ગેરકાયદે ઘૂસવાનો પ્રયાસ કરતાં ઠંડીમાં ઠુઠવાઈને મોતને ભેટેલાં જગદીશ પટેલ તથા તેમના પરિવારનો ખટલો મિનેસોટાની ફેડરલ કોર્ટમાં શરૂ થયો છે. પ્રોસિક્યુટરે સોમવારે જણાવ્યું હતું કે ૨૯ વર્ષના હર્ષકુમાર રમણલાલ પટેલ અને ૫૦ વર્ષના સ્ટિવ શેન્ડે માનવ જીવન કરતાં નાણાંકીય ફાયદાને વધારે મહત્વ આપી ભારે બરફવર્ષા દરમ્યાન ભારતમાંથી આવેલાં યુવાન દંપતી તથા તેમના બે સંતાનોને યુએસ-કેનેડાની સરહદ ગેરકાયદે ક્રોસ કરાવવાનો પ્રયાસ કરતાં ડિંગુચાનો આ પટેલ પરિવારં ઠંડીમાં થીજી જઇ મોતને ભેટ્યો સમક્ષ શરૂ થયેલો આ ખટલો પાંચ દિવસમાં પુરો કરવામાં આવશે. યુએસ ડિસ્ટ્રિકટ જજ જ્હોન ટુમહેમની કોર્ટમાં આરોપીઓ હર્ષદકુમાર રમણલાલ પટેલ અને સ્ટિવ શેન્ડ સામે ખટલો ચલાવવામાં આવી રહ્યો છે.

> સરહદે ડિંગુચાનો પરિવાર થીજી જવાની ઘટના અંગે ખટલો શરૂ થયો

સરકારી વકીલ રાયન લિપેસે ખટલાની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે ૩૯ વર્ષના જગદીશ પટેલ, તેમના પત્ની વૈશાલીબેન, અગિયાર વર્ષની પુત્રી વિશ્વાંગી અને ત્રણ વર્ષનો પુત્ર ધાર્મિક નવ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ બરફના તોફાનમાં કલાક સુધી ભટક્યા બાદ મૃત્યુ ડિગ્રીએ ગગડી ગયો હતો ત્યારે ગુજરાત રાજ્યના આ પરિવાર અને ૧૧ સ્થળાંતરીઓ સાથે શેન્ડ ટ્રકમાં રાહ જોઈ રહ્યો હતો. શેન્ડ અને પટેલ અત્યંત કારમી ઠંડી પડી રહી હોવાનું જાણતાં હોવા છતાં તેમણે સ્થળાંતરીઓને પગપાળા સરહદ પાર કરાવવાની યોજના અમલમાં મુકી હતી. આ સ્થળાંતરીઓને ઘનઘોર અંધારામાં કેનેડાની સરહદે ભેંકાર વિસ્તારમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં લીગલ એન્ટ્રી પોઈન્ટનો દૂર દૂર સુધી પત્તો નહોતો.જ્યારે જગદીશ પટેલનો મૃતદેહ મળ્યો ત્યારે ત્રણ વર્ષનો પુત્ર ધાર્મિક ધાબળાંમાં લપેટાયેલો તેમના ગળે લગાડેલો મળ્યો હતો. આ કેસ બે માણસોએ લોકોના જીવન કરતાં નાણાંને, કેનેડીયન સરહદેથી યુએસમાં ભારતથી આવેલાં સ્થળાંતરીઓની માનવ તસ્કરી કરવાથી મળતાં નાણાંને વધારે મહત્વ આપવાનો છે. બીજી તરફ હર્ષ કુમાર પટેલના એટર્ની થોમસ લેનેનવેબરે જણાવ્યું હતું કે મારા અસીલ પર કોઈ આરોપ મુકવો જોઈએ નહીં. તેને જે ગુનો કર્યો જ નથી તેનો આરોપી બનાવાયો છે.શેન્ડની એટર્ની લીસા લોપેઝે જ્યુરીને જણાવ્યું હતું કે શેન્ડ તો સ્મગલિંગ રીંગનો અનાયાસે હિસ્સો બની ગયો છે. હર્ષ પટેલે શેન્ડનો ઉપયોગ કર્યો છે અને કોઈનો જ્યારે ઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યારે તેને કાવતરાંનો દોષી ન ઠરવી શકાય.પટેલ અને તેના સ્મગલિંગ નેટવર્ક દ્વારા શેન્ડને છેતરવામાં આવ્યો હતો. ફેડરલ પ્રોસિક્યુટરે જણાવ્યું હતું કે હર્ષ કુમાર પટેલ અને શેન્ડ ઈન્ટરનેશનલ ક્રિમિનલ નેટવર્કનો સભ્ય છે જે ભારતમાંથી ગ્રાહકોને શોધી તેમને કેનેડિયન સ્ટુડન્ટ વિઝા અપાવી તેમના પરિવહનની વ્યવસ્થા કરી આપી તેમને મોટાભાગે વોશિંગ્ટન અથવા મિનેસોટાની સરહદથી યુએસમાં ગેરકાયદે ઘુસાડે છે. પાંચવાર વિઝા નકારી કાઢ્યા પછી હર્ષ કુમાર પટેલ યુએસમાં ગેરકાયદે રહેતો હતો અને તેણે ફલોરિડામાં ડેલટોનામાં આવેલાં તેના ઘરની નજીક આવેલાં કેસિનોમાં શેન્ડની ભરતી કરી હતી.

# ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને NATOમાં USના નવા રાજદૂતની કરી જાહેરાત

**ન્યૂ યોર્ક**

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની કેબિનેટમાં મંત્રીઓના નામની જાહેરાત કર્યા બાદ હવે મુખ્ય દેશોમાં અમેરિકન રાજદૂતના નામ ફાઈનલ કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. આ જ ક્રમમાં તેમણે નાટો અને કેનેડામાં નવા રાજદૂતના નામની જાહેરાત કરી છે, જેના કારણે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો ટેન્શનમાં આવી ગયા છે, જ્યારે ભારતને તેનો ફાયદો થઈ શકે છે.

ટ્રમ્પે ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠનમાં અમેરિકી રાજદૂત માટે કાર્યવાહક એટર્ની જનરલ મેથ્યુ જી.વ્હીટેકરના નામની જાહેરાત કરી છે. જ્યારે કેનેડા માટે પૂર્વ સાંસદ પીટ હોકેસ્ટ્રાનું નામ જાહેર કરાયું છે. આ નામોની જાહેરાત થયા બાદ યુરોપિયન યુનિયન અને ટ્રુડોની મુશ્કેલી વધી શકે છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગાઢ સંબંધો હોવાથી કેનેડામાં નવા અમેરિકન રાજદૂતનું ભારતને સમર્થન મળી શકે છે.

વ્હીટેકર અને હોકેસ્ટ્રા ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સારા સંબંધો ધરાવે છે. ટ્રમ્પે આ પહેલા ઈઝરાયેલના નવા રાજદૂતનું નામ ફાઈનલ કર્યું હતું. કેનેડાના નવા અમેરિકન રાજદૂત તરીકે સંભવિત પસંદ કરાયેલા હોકેસ્ટ્રાની ખાસ વાત એ છે કે, તેઓ કોંગ્રેસ (અમેરિકન સંસદમાં )માં મિશિગનના સેકન્ડ ડિસ્ટ્રીક તરીકે 20 વર્ષ સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું. NATOમાં નવા અમેરિકી રાજદૂત તરીકે મેથ્યુ જી.વ્હીટેકરનું નામ જાહેર કરાયું છે, જેઓ સંબંધો મજબૂત કરવામાં ખૂબ જ માહેર હોવાનું કહેવાય છે. ટ્રમ્પે કહ્યું કે, ‘મૈથ્યૂ આપણા નાટોના સાથીઓ સાથે સંબંધો મજબૂત કરશે.









# પોસ્ટ હડતાલ : સર્વિસ કેનેડાએ ૮૫,૦૦૦ પાસપોર્ટ હોલ્ડ પર મૂક્યા

## શટડાઉનથી લાખો કેનેડિયનો અને દેશભરના વ્યવસાયોને અસર થશે, નવી અરજી પ્રક્રિયા સ્થગિત થઈ

**ઓન્ટેરિયો**

કેનેડા પોસ્ટ ઉપર મજૂર વિવાદને કારણે સર્વિસ કેનેડાએ ૮૫,૦૦ પાસપોર્ટ મોકલવાનું મુલતવી રાખ્યું છે. રોજગાર અને સામાજિક વિકાસ કેનેડાએ જણાવ્યું હતું કે, સંભવિત શ્રામ વિક્ષેપની અપેક્ષાએ કેનેડા પોસ્ટ કામદારોએ નોકરી છોડયાના એક અઠવાડિયા પહેલા સર્વિસ કેનેડાએ ૮ નવેમ્બરે પાસપોર્ટ પૅકેજ મોકલવાનું બંધ કર્યું હતુ. કેનેડા પોસ્ટે ૧૫ નવેમ્બરના રોજ દેશભરમાં ટપાલ પહોંચાડવાનું બંધ કરી દીધું હતું. કારણ કે, હજારો પોસ્ટલ કર્મચારીઓ વેતન, કામ કરવાની પરિસ્થિતિઓ અને અન્ય મુદ્દાઓને લઈને હડતાળ પર ઉતર્યા હતા. શટડાઉનથી લાખો કેનેડિયનો અને દેશભરના વ્યવસાયોને અસર થશે, કેમ કે વ્યસ્ત રજાઓની મોસમ ચાલી રહી છે. એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ




ડેવલપમેન્ટ કેનેડાના પ્રવક્તા મિલા રોયે મંગળવારે એક મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે હડતાલ સમાપ્ત થયા પછી અને મેઈલ સેવા ફી શરૂ થયા પછી પાસપોર્ટ ગ્રાહકોને મોકલવામાં આવશે.

*વર્ક સ્ટોપેજના ઘણા દિવસો અગાઉ રહેણાંક મેઈલ પકડી રાખવાથી, સર્વિસ કેનેડાએ કેનેડા પોસ્ટ વિતરણ કેન્દ્રોમાં કોઈપણ પાસપોર્ટ રાખવાનું જોખમ ઘટાડી દીધું છે એમ રોયે જણાવ્યું હતું. જો કોઈ ક્લાયન્ટે હડતાલની શરૂઆત પહેલા તેમની પાસપોર્ટ અરજીમેઈલ કરી હોય, તો સર્વિસ કેનેડાને અરજી મળી ન હોત, રોયે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ કિસ્સાઓમાં, સેવા કેનેડા જ્યાં સુધી મેઈલ સેવા ફી શરૂ ન થાય ત્યાં સુધી અરજી પર પ્રક્રિયા કરી શકશે નહીં, કેનેડિયન કે જેમણે પહેલેથી જ અરજી સબમિટ કરી છે અને તેમને પાસપોર્ટની તાત્કાલિક જરૂર છે તે પાસપોર્ટ પ્રોગ્રામનો ૧-૮૦૦-૫૬૭-૬૮૬૮ પર સંપર્ક કરે અથવા તેમના પાસપોર્ટને પીક-અપ સેવા પ્રદાનકરતા સર્વિસ કેનેડા સેન્ટરમાં ટ્રાન્સફ કરવા માટે રૂબરૂ વિનંતી કરી શકે છે.

# ટોરોન્ટોમાં યોજાયેલી હરાજીમાં એમિલિ કારનું પેઈન્ટિંગ $ 3.49 kમાં વેચાયું

બ્રિટીશ કોલંબિયા : એક પેઈન્ટિંગ બદલ કલાકાર એમિલી કરને બુધવારે રાત્રે ટોરોન્ટોની હરાજીમાં $ ૩૪૯,૨૫૦ cdn મળ્યા હતા. હેફ્લ ફઈન આર્ટ ઓક્શન હાઉસે તેના ફેલ સેલમાં સૌથી વધુ બોલી લગાવનારને પેઈન્ટિંગ વેચી હતી. સૌથી વધુ બિડ $૧૦૦,૦૦૦થી $૨૦૦,૦૦૦ના પ્રીસેલ અંદાજથી ઉપર હતી. કુલ કિંમતમાં ખરીદનારનું પ્રીમિયમ, હેફ્લને ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલ કમિશન, $ ૨૯૦,૦૦૦ની હેમર કિંમતની ટોચ પરનો સમાવેશ થાય છે. ૧૯૧૨માં દોરવામાં આવેલો આ ટુકડો સ્મારક ટોટેમ ધ્રુવ પર કોતરવામાં આવેલ ગ્રીઝલી રીંછને દર્શાવે છે અને કારની સહી ધરાવે છે. કારનો જન્મ ૧૮૭૧ માં વિક્ટોરિયામાં થયો હતો અને તે પ્રખ્યાત ગ્રુપ ઓફ્ સેવન સાથે નજીકથી સંકળાયેલા હતા. એવું માનવામાં આવે છે કે આ કૃતિ ૧૯૩૦ના દાયકામાં કારના મિત્ર નેલ કોઝિયર અને તેના પતિને ભેટ તરીકે આપવામાં આવી હતી અને ત્યારથી તે હેમ્પટનના કોઠારમાં લટકતી હતી. આ દંપતી મૂળ વિક્ટોરિયામાં રહેતા હતા, પછી એક મોટી એસ્ટેટ માટે કેરટેકર તરીકે કામ કરવા માટે આ વિસ્તારમાં સ્થળાંતર કર્યું હતું. બ્રિટિશ કોલંબિયામાં ફર્સ્ટ નેશન્સ સમુદાયોના કલાત્મક વારસાનો વ્યાપક રેકોર્ડ બનાવવાના એમિલીના પ્રયાસોના ભાગરૂપે શોધાયેલા ભાગને રંગવામાં આવ્યો હતો. પેઈન્ટિંગમાં દર્શાવવામાં આવેલું સ્વદેશી સ્મારક પોસ્ટ પ્રાંતના હૈડા ગ્વાઈ દ્વીપસમૂહના ગામ માસેટમાં છે. યુ.એસ. આર્ટ ડીલર એલન ટ્રેબિટ્ઝ, પેચોગ, એન.વાય.માં હેરિટેજ ગેલેરી ઓક્શન્સના માલિકે, હેમ્પટનમાં કેનવાસ પેઈન્ટિંગ, માસેટ, ક્યુ.સી.આઈ. પર ઓઈલ વસંતઋતુના અંતમાં ખરીદ્યું હતું પરંતુ તે કારના કામ અને વારસાથી અજાણ હતા. જો કે, તેને ઝડપથી સમજાયું કે પેઈન્ટિંગમાં કંઈક વિશેષ છે.

# ટોરોન્ટોમાં હાઉસિંગ કટોકટી યથાવત માત્ર બે ઈમારત માટેની નોંધણી ખુલી

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં હજુ હાઉસિંગ કટોકટી ચાલુ હોવાથી એફોર્ડેબલ હાઉસિંગ એકમો સાથેની બે ઈમારતો માટે નોંધણી ખુલ્લી છે. વકીલો કહે છે કે, શહેરને વધુ હાઉસિંગની જરૂર છે. માર્ક રિચાર્ડસન શહેરના હાઉસિંગનોઉટીઓના ટેકનિકલ લીડ, રહેવાસીઓ માટે પોસાય તેવા ભાડાના એકમો માટે ખુલ્લી બે લોટરીઓની વાત કરે છે. પરંતુ એક તફાવતની પણ નોંધ લે છે. રિચાર્ડસને કહ્યું કે, “આ ઈમારતોની વિગતો ઓનલાઈન જોઈને અમે ખરેખર ખુશ છીએ, અમારે આના જેવી હજારો વધુ તકો ઊભી કરવાની જરૂર છે. જો ત્યાં 100 એકમો ઉપલબ્ધ હશે, તો ત્યાં હજારો લોકો છે, જેઓ તે એકમો માટે અરજી કરી રહ્યા છે.

ટોરોન્ટો તેના હાઉસિંગ લક્ષ્યોમાં પ્રગતિ કરી રહ્યું છે. ગયા વર્ષે શહેરમાં 6,500 રેન્ટ-ગિયર-ટુ-ઈન્કમ (RGI), 41,000 પરવડે તેવા ભાડા અને 17,500 ભાડા-નિયંત્રિત બજાર એકમો સહિત 40,000થી 65,000 ભાડા-નિયંત્રિત ઘરો માટે નવા આવાસ પુરવઠાના લક્ષ્યાંકો વધારી દીધા હતા. પરંતુ હાઉસિંગનો દર શરૂ થાય છે અને પૂર્ણ થાય છે તે મંજૂરીના દર સાથે સુસંગત નથી, શહેરે તેના તાજેતરના વાર્ષિક અહેવાલમાં હાઉસિંગ એક્શન પ્લાન અને હાઉસિંગટીઓ પ્લાન પર તેની પ્રગતિની રૂપરેખામાં જણાવ્યું હતું.

# ૨૦૨૨માં ટોરોન્ટોમાં નોંધપાત્ર બાળગરીબી કેટલાક પરિવારોને મહામારીની અસર થઈ

## શહેરમાં લગભગ 117,890 બાળકોએ દારુણ ગરીબીમાં સમય વીતાવ્યો




વર્ષ 2020થી ટોરોન્ટોના દરેક 25 વોર્ડમાં બાળગરીબીના દરમાં વધારો નોંધાયો

**ટોરોન્ટો**

૨૦૨૨માં ૫૦૦,૦૦૦થી વધુ લોકોની વસ્તી સાથે કેનેડાના કોઈપણ શહેર અથવા મ્યુનિસિપાલિટી કરતાં ટોરોન્ટોમાં સૌથી વધુ ગરીબી દર હતો તેમ એક નવા અહેવાલમાં નોંધવામાં આવ્યું છે. નેશનલ એન્ટી-પોવર્ટી ગ્રુપ કેમ્પેઈન ૨૦૦૦ અને સોશિયલ પ્લાનિંગ ટોરોન્ટો દ્વારા લખવામાં આવેલા રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, ૨૦૨૦ અને ૨૦૨૨ વચ્ચે શહેરની બાળ ગરીબી દર ૧૬.૮ ટકાથી વધીને ૨૫.૩ ટકા થઈ ગયો છે. અહેવાલ મુજબ ટોરોન્ટોને કેનેડાની બાળગરીબીની રાજધાની તરીકેનું દુર્ભાગ્યપૂર્ણ ગૌરવ છે. ૨૦૨૨માં શહેરમાં લગભગ ૧૧૭,૮૯૦ બાળકો ગરીબીમાં જીવી રહ્યા હતા. રિપોર્ટમાં આવકવેરા રિટર્ન અને કેનેડિયન વસ્તી ગણતરીના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે સ્ટેટિસ્ટિક્સ કેનેડા દ્વારા એક્સેસ કરવામાં આવે છે. તે ૨૦૨૩માં ટોરોન્ટોમાં ગરીબી અને હાંસિયામાં રહેલા નિષ્ણાતો સાથે બે સમુદાયની વાતચીતનો ડેટા પણ સમાવિષ્ટ કરે છે. ઝુંબેશ ૨૦૦૦ બાળગરીબી પર વાર્ષિક રાષ્ટ્રીય અહેવાલ પણ બહાર પાડે છે. ૨૦૨૦થી ટોરોન્ટોના દરેક ૨૫ વોર્ડમાં બાળગરીબીના દરમાં વધારો થયો છે.

નવ વોર્ડમાં, ૩૦ ટકા કે તેથી વધુ બાળકો ૨૦૨૨માં ગરીબીમાં જીવતા હોવાનું જાણવા મળ્યું હતું. આ નવ વોર્ડમાંથી ચાર સ્કારબરોમાં હતા. ટોરોન્ટો સેન્ટર શહેરમાં બાળકની ગરીબીનો સૌથી વધુ દર ૩૬.૬ ટકા હતો. તે પછી સ્કારબોરો-ગિલ્ડવુડ, ૩૪.૧ ટકા અને હમ્બર રિવર-બ્લેક ક્રીક, ૩૩.૯ ટકા પર હતું. ૨૦૧૫થી ૨૦૧૯ સુધી, ટોરોન્ટોનો બાળગરીબી દર ૨૯.૧ ટકાથી ઘટીને ૨૨.૭ ટકા થયો હતો, જે અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૧૬માં કેનેડા ચાઈલ્ડ બેનિફિટ (ઝઝમ્) ની રજૂઆતને કારણે ઘટાડો થયો હતો. ૨૦૨૨માં શહેરમાં એક-માતા-પિતાના પરિવારોના તમામ બાળકોમાંથી અડધા બાળકો ગરીબીમાં જીવતા હતા. રિપોર્ટ કહે છે કે એક-માતા-પિતાના પરિવારો ઝ્ૈંડ્ઢ-૧૯ રોગચાળાને લગતા લાભો નાબૂદ થવાથી પ્રભાવિત થયા હતા.



તંત્રી સ્થાનેથી

# મણિપુરમાં ફરી હિંસાનું તાંડવ, આઝાદ ભારતના ઈતિહાસમાં કલંકિત પ્રકરણ



તંત્રી - સ્વદેશ

ભારતના પૂર્વોત્તરના રાજ્ય મણિપુરમાં થોડા સમયની શાંતિ પછી ફરી હિંસા ભડકી ઉઠી છે. મેઈતેઈ સમુદાયનાં ૮ લોકોના અપહરણ બાદ તેની લાશો બે દિવસ પછી આસામની નદીમાં તરતી મળતા લોકોએ ઈમ્ફાલમાં હિંસા અને તોડફોડ કરતા અન્ય વિસ્તારમાં તેના પ્રત્યાઘાત પડયા. ઈમ્ફાલમાં હજારો લોકોએ રસ્તા પર ઉતરીને દેખાવો કર્યા. તેમને શાંત પાડવા ઈન્ડિયન આર્મી અને આસામ રાઈફલ્સની વધારાની ટુકડીઓ તૈનાત કરાઈ છે પણ લોકો રસ્તા પરથી હટી રહ્યાં નથી અને જવાનો સાથે ઘર્ષણમાં ઉતરી રહ્યાં છે.

આજે મણિપુરમાં સ્થિતિ એ હદે વકરી ચુકી છે કે, રાજ્ય સરકારના મંત્રીઓ અને ધારાસભ્યો પણ સલામત નથી. છેલ્લા ત્રણ દિવસમાં જ લોકોનાં ટોળાંએ ૩ મંત્રીઓ અને ૬ ધારાસભ્યોનાં ઘર ફુંકી માર્યા છે. જેમનાં ઘર સળગાવી દેવાયાં તેમાં પાંચ ધારાસભ્ય ભાજપના છે, જ્યારે એક અપક્ષ ધારાસભ્ય છે. ખુદ મુખ્યમંત્રી એન. બિરેનસિંહના અંગત નિવાસસ્થાને પણ હુમલો થઈ ચૂક્યો છે. બિરેનસિંહના જમાઈ અને ધારાસભ્ય રાજકુમાર ઈમો સિંહનું ઘર પણ તોફાની ટોળાએ સળગાવી દીધું છે. મંત્રીઓ અને ધારાસભ્યોનાં તો સંખ્યાબંધ વાહનોને લોકોએ આગ ચાંપી દીધી છે. બિરેનસિંહના રાજધાની ઈમ્ફાલના હેઈનગેંગમાં આવેલા અંગત નિવાસસ્થાનમાં પણ ટોળું મશાલો લઈને ઘૂસી ગયું હતું. જો કે, સીક્યુરિટીના જવાનોએ તેનો પ્રતિકાર કરતા ઘર બચી ગયું. પણ આ ઘટનાએ ભાજપની નેતાગીરી સામે લોકોમાં કેવો જબરદસ્ત આક્રોશ છે એ છતું કરી દીધું છે.

મણિપુરમાં સ્થિતિ વકરતા હવે કુકી સમુદાયનાં આદિવાસીઓ પોતાના માટે અલગ રાજ્ય કુકીલેન્ડની માગ કરી રહ્યા છે. આમ તો કુકીલેન્ડની માગણી વરસો જૂની છે. પરંતુ ઘણાં વરસથી આ માંગ દબાઈ ગઈ હતી. કુકી આદિવાસીઓની બહુમતી ધરાવતા પહાડી વિસ્તારોમાં તેના સમર્થનમં દેખાવો થઈ રહ્યા છે અને આતંકવાદ પણ શરૂ થયો છે. મિઝોરમ, મેઘાલય સહિતનાં રાજ્યોના આદિવાસીઓ પણ આ માગણીને સમર્થન આપી રહ્યા હોવાથી ભવિષ્યમાં મણિપુરની હિંસાની ઝાળ બીજાં રાજ્યોને ચપેટમાં લેશે તેવી શકયતા છે.

મેઈતેઈ સમુદાયનાં બહુમતી લોકો મણિપુરમાં ખીણ વિસ્તારમાં રહે છે. તેમનાં સંગઠનોએ કેન્દ્ર સરકારને અલ્ટિમેટમ આપ્યું છે કે, કુકી આતંકવાદીઓના સફાયા માટે ઓપરેશન હાથ નહીં ધરાય તો મેઈતેઈ લોકોએ પણ હથિયારો ઉઠાવશે. બીજી તરફ મેઈતેઈ સમુદાયની ચીમકીને પગલે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પહાડી વિસ્તારોમાં રહેતા કુકી આદિવાસીઓના ૬ જિલ્લામાં આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એક્ટ (આફસ્પા) લગાડીને આર્મીને હિંસાને રોકવા અમર્યાદિત સત્તાઓ આપતા કુકી સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે. કુકી-ઝો સમુદાયે પોતાના વિસ્તારોમાંથી આફસ્પા હટાવીને ખીણમાં અમલી કરવા અપીલ કરી છે. સાથે જ ચીમકી પણ આપી છે કે, આદિવાસી વિસ્તારોમાં જ આફસ્પાનો અમલ કરાશે તો સરકારે તેનાં માઠાં પરિણામો સરકારે ભોગવવાં પડશે.

બિરેનસિંહ મણિપુરમાં હિંસાને રોકી ન શક્યા તેનું કારણ તેઓ દિલ્હીની કઠપૂતળી હોવાનું મનાય છે. દિલ્હીના ઈશારે ચાલતા બિરેનસિંહમાં પોતાની નિર્ણય શક્તિ જ નથી. હવે સૌથી મહત્વની વાત એ છે કે, મણિપુરમાં એન. બિરેનસિંહના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર સત્તામાં છે. પરંતુ દોઢ વર્ષથી સળગી રહેલા મણિપુરમાં હિંસાની સ્થિતિને થાળે પાડવામાં તે ધરાર નિષ્ફળ રહી છે. આવા સંજોગોમાં મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાની નેશનલ પીપલ્સ પાર્ટીએ ભાજપ સરકારને ટેકો પાછો ખેંચી લેતાં રાજકીય ઉત્તેજના છે. સંગમાનો આક્ષેપ છે કે, બિરેનસિંહ સરકાર હિંસાને રોકી શકતી નથી અને ભાજપ હાઈકમાન્ડ ધૃતરાષ્ટ્ર બનીને તમાશો જોઈ રહ્યું છે. ૬૦ ધારાસભ્યોની મણિપુર વિધાનસભામાં ભાજપ પાસે ૩૭ ધારાસભ્યો હોવાથી સંગમાની પાર્ટીએ ટેકો ખેંચી લેવાની બાબતથી ભાજપની સરકાર પડી જવાની નથી. પણ સંગમાનો નિર્ણય સંકેત આપે છે કે, મણિપુરની હિંસાની અસર બીજાં રાજ્યોમાં પણ પડવા માંડી છે.

અત્યાર સુધી મણિપુરની હિંસા મેઈતેઈ વર્સીસ કુકી સમુદાયની દુશ્મનાવટના કારણે હોવાનું મનાતું હતું. પણ હવે હમાર સમુદાયની પણ એન્ટ્રી થઈ છે. જિરિબામમાં મેઈતેઈ રાહત છાવણીમં હુમલો કરનારા પૈકી ૧૦ને સીઆરપીએફ અને પોલીસે મારી નાંખ્યા. આ તમામ હમાર સમુદાયના હોવાનો દાવો સરકારે કર્યો છે. આ જ લોકો મેઈતેઈ સમુદાયનાં ૮ લોકોને ઉઠાવી ગયા હોવાનું પણ પોલીસે કહ્યું છે. સાથે જ મેઈતેઈ સમુદાયે હમાર લોકો પર હુમલા શરૂ કરીને તેમનાં ઘરો સળગાવવા માંડયાં તેમાં નવી મોંકાણ મંડાઈ છે. હમાર સમુદાયનાં લોકોનું કહેવું છે કે, રાહત છાવણી પર હુમલો કરનારા તો ૮ લોકોને ઉઠાવીને ભાગી ગયા હતા. તેથી પોલીસે પોતાની નિષ્ફળતાને ઢાંકવા માટે હમાર સમુદાયના યુવકોને ઉઠાવીને ગોળીએ મારીને આતંકીમાં ખપાવી દીધા છે. કુકી આદિવાસીઓને મારે તો એ છોડે નહીં, તેથી હમાર આદિવાસીઓને નિશાન બનાવાયા છે.

મણિપુરની જનતામાં સરકાર સામે આક્રોશ છે. તેનું મુખ્ય કારણ એ છે કે, હિંસાને રોકવા રાજ્ય સરકારની નિષ્ફળતા જ છે. લોકોનું માનવુ છે કે, મણીપુરમાં હિંસાના આ નાચને અટકાવવા સરકાર અસરકારક પગલા લઈ શકી નથી. જેના કારણે 2023ના મે મહિનાથી શરૂ થયેલી હિંસામાં સત્તાવાર રીતે જ ૬૦ હજાર લોકો વિસ્થાપિત થયાં છે અને બેઘર બનીને રાહત છાવણીઓમાં રહે છે. બિનસત્તાવાર રીતે તો દોઢ લાખથી વધારે લોકો બેઘર બની ગયાં હોવાનું મનાય છે.મણિપુરમાં છેલ્લાં દોઢ વર્ષથી ચાલી રહેલી હિંસા ભારતના ઈતિહાસનાં સૌથી શરમજનક પ્રકરણોમાંથી એક છે. ભાજપની ઘોર નિષ્ફળતાનું મણિપુર શ્રેષ્ઠ ઉદાહરણ છે. મણિપુરની વસતી ૩૦ લાખ પણ નથી. આમ છતાં 16 માસથી શાંતિ બહાલ થઈ રહી નથી. નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રની ચૂંટણી સભાઓમાં જ દાવો કર્યો કે, હવે આતંકવાદીઓ પોતાના ઘરમાં બેઠા હોય તો પણ ભારત સામે નજર ઉઠાવતાં ડરે છે. બીજી તરફ આ જ સમયે મણિપુરમાં આતંકવાદીઓએ સીઆરપીએફની સુરક્ષામાં રહેતાં લોકોને કેમ્પમાંથી ઉઠાવીને મોતને ઘાટ ઉતારી દીધા. આ ઘટનાએ મોદી સરકારને મસમોટો પડકાર ફેંક્યો છે. ઉત્તર-પૂર્વમાં વરસોની હિંસા પછી માંડ માંડ શાંતિ સ્થપાઈ હતી. પણ મણિપુરના કારણે આ શાંતિ ડહોળાઈ ગઈ છે. કુકીલેન્ડની માગણીના સમર્થનમાં બીજાં રાજ્યોમાં પણ હિંસા શરૂ થાય એ પહેલાં મોદી સરકારે નક્કર આયોજન સાથે પગલા ભરવા પડશે.

manoj1968@yahoo. ca






# ગુજરાતમાં PMJAY યોજનામાં કૌભાંડ : સાત હોસ્પિટલ સસ્પેન્ડ

## ફરાર આરોપીઓ સામે લુકઆઉટ નોટિસ જાહેર, પોલીસે પકડેલા પ્રશાંત વજીરાણીને કસ્ટડીમાં ધકેલ્યો, દસ્તાવેજો-ફાઈલો જપ્ત

**ગાંધીનગર**

અમદાવાદના એસ. જી. હાઈવે આવેલી ખ્યાતિ હોસ્પિટલમાં પ્રધાન મંત્રી જનઆરોગ્ય યોજ(પીએમજેએવાય) હેઠળ કોભાંડ ચાલતું હોવાનું ખુલાસો થયા બાદ ખળભળાટ મચી ગયો છે. દર્દીઓની જાણ બહાર એન્જિયોપ્લાસ્ટી કરી દેવામાં આવી હતી. બે નિર્દોષના દર્દીઓના મોત થયા બાદ સરકાર સફાળી જાગી છે. તપાસ બાદ ખ્યાતી હોસ્પિટલ સહિત સાત હોસ્પિટલોને પીએમજેએવાયમાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. પીએમજેએવાય કૌભાંડ હેઠળ આરોગ્ય વિભાગે સાત ખ્યાતિ સહિતની સાત હોસ્પિટલને સસ્પેન્ડ કરી છે. જેમાં અમદાવાદની ત્રણ, સુરત, વડોદરા અને રાજકોટની 1-1 હોસ્પિટલ તેમજ ગીર સોમનાથની હોસ્પિટલને પણ સસ્પેન્ડ કરવામાં આવી છે.

હોસ્પિટલો ઉપરાંત, ડૉક્ટરો સામે પણ પગલા ભરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ચાર ડૉકટરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ખ્યાતિ હોસ્પિટલનો ડૉ. પ્રશાંત વજીરાણીનો સમાવેશ થાય છે. હોસ્પિટલ અને ડૉક્ટર્સ સામે હજુ સુધી ફોજદારી ગુના હેઠળ કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. અમદાવાદની ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના ફરાર આરોપીઓ સામે લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી હતી. જેસીપીના જણાવ્યા મુજબ, એક આરોપી ઓસ્ટ્રેલિયા ફરાર થઈ ગયો છે, જ્યારે બાકીની તપાસ શરૂ છે. આરોપીઓના પાસપોર્ટની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ખ્યાતિ હોસ્પિટલની ઘટનામાં પોલીસે પ્રશાંત વજીરાણીની ધરપકડ કરી હતી. તેને સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. પ્રશાંત વજીરાણીને પોલીસ સ્ટેશનમાં પોલીસની મિલીભગતથી વીઆઈપી સુવિધા મળતી હતી. તેને ઘરનું ભોજન પીરસવામાં આવી રહ્યું હતું. આ ઘટના બાદ ફરજમાં નિષ્કાળજી દાખવનાર વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ લાલસંગ ગઢવીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમજ મંગળવારે સાંજે ખ્યાતિ હોસ્પિટલમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડા પાડ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચની છ જેટલી ટીમોએ ખ્યાતિ હોસ્પિટલ પહોંચીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન કેટલાક મહત્ત્વના દસ્તાવેજ, ફાઈલો અને ઈલેક્ટ્રોનિક પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા.

## ખ્યાતિ હોસ્પિટલના CEO રાહુલ જૈન અને માર્કેટીંગ મેનેજર મિલિન્દ પટેલની સંડોવણી બહાર આવી

ખ્યાતિ હોસ્પિટલ કેસની તપાસમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચને અનેક મહત્વના પુરાવાની સાથે સમગ્ર કૌભાંડમાં હોસ્પિટલના સીઈઓ રાહુલ જૈન અને માર્કેટીંગ મેનેજર મિલિન્દ પટેલનની સંડોવણી હોવાની વિગતો મળી છે. આ ઉપરાંત,ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ૧૩ જેટલા ગામોમાં મેડીકલ એકઅપ કેમ્પ યોજીને પીએમજેએવાય હેઠળ ગેરકાયદેસર રીતે એન્જિયોગ્રાફી કરવામાં આવી હોવાની માહિતી પણ મળી છે. આ ઉપરાંત, હોસ્પિટલના સીઈઓ રાહુલ જૈન અને માર્કેટીંગ મેનેજર મિલિન્દ પટેલની સંડોવણી હોવાનુ ંખુલ્યુ છે. જેના આધારે આ ગુનામાં આરોપીઓ તરીકે તેમના નામ ઉમેરવામાં આવશે. રાહુલ જૈન કાર્તિક પટેલની સુચના મુજબ તમામ તૈયારીઓ કરતો હતો અને બહાર લાવવામા ંઆવતા દર્દીઓની સર્જરી કે અન્ય સારવારના દિવસો અને આઉટ સોર્સ તબીબની તૈયારીઓ કરતો હતો. જ્યારે મિલિન્દ પટેલ વિવિધ ગામોમાં સરપંચ કે તેના મળતિયાઓની મદદથી કેમ્પ આયોજન કરીને માર્કેટીંગ કરીને વધુને વધુ લોકો કેમ્પ આવે તે માટે કામ કરતો હતો. જેના બદલામાં મિલિન્દ અનેક લોકોને તગડુ કમિશન પણ આપતો હતો.

## પીએમજેએવાય યોજનાની નવી SOP બનાવાશે

બુધવારે કેબિનેટમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પીએમજેએવાય યોજના હેઠળ આવતી હોસ્પિટલમાં યોગ્ય કામગીરી થાય છે કે નહી તેની તપાસ કરવા અને પીએમજેએવાય યોજનાની નવી SOP બનાવવા સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં આરોગ્ય વિભાગ પીએમજેએવાય યોજના હેઠળની હોસ્પિટલમાં મુખ્યત્ત્વે હૃદયરોગ, કેન્સર, કિડની અને ઘૂંટણ સહિતની સારવાર અને ઓપરેશન સંબંધિત SOP જાહેર થશે. જેમાં જો કોઈ ડોક્ટરો પીએમજેએવાય યોજનામાં દર્દીઓ સાથે છેતરપિંડી કરશે તો તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થશે.

## આયુષ્યમાન યોજના હેઠળ 5 વર્ષમાં 46 લાખ દર્દીઓ પાછળ 9000 કરોડથી વધુ ખર્ચાયા

PM-JAY હેઠળ ગુજરાતમાંથી પાંચ વર્ષમાં કુલ 46.23 લાખ દર્દીઓએ સારવાર લીધી છે. આ દર્દીઓની સારવાર પાછળ રૂપિયા 9 હજાર 993 કરોડની રકમની સહાય ચૂકવવામાં આવી છે. આયુષ્યમાન યોજના હેઠળ યુરોલોજીમાં સૌથી વધુ રૂપિયા 678 કરોડ, કાર્ડિયોલોજી પાછળ રૂપિયા 650 કરોડની સહાય ચૂકવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં કુલ 2.61 કરોડ આયુષ્યમાન કાર્ડ ધારકો છે. 1.38 કરોડ પુરુષ અને 1.22 કરોડ મહિલાઓ પાસે એયુષ્યમાન કાર્ડ છે. આયુષ્યમાન યોજના હેઠળ સૌથી વધુ હોસ્પિટલ જોડાયેલી હોય તેમાં બનાસકાંઠા 249 સાથે મોખરે, અમદાવાદ 213 સાથે બીજા, સુરત 163 સાથે ત્રીજા, રાજકોટ 142 સાથે ચોથા, મહેસાણા 121 સાથે પાંચમાં સ્થાને છે. ડાંગમાં સૌથી ઓછી 8, પોરબંદરમાં 20, નર્મદામાં 23 હોસ્પિટલ સંકળાયેલી છે.

## ખ્યાતિ હોસ્પિટલમાં પીએમજેએવાય હેઠળ છેલ્લા ચાર વર્ષમાં 3500 ઓપરેશન કરી પૈસા ઉસેટી લેવાયા

ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં એક પછી એક ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. જેમાં ખ્યાતિ હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલ અને સીઈઓ ચિરાગ રાજપુતે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળે ચાર વર્ષમાં ૩૫૦૦ જેટલા ઓપરેશન કરીને સરકાર પાસેથી ખોટી રીતે ૨૫ કરોડથી વધારેની રકમ સરકાર પાસેથી લીધી હતી. બીજી તરફ પોલીસે આરોપી ડૉ. પ્રશાંત વઝીરાનીના આનંદનગરમાં આવેલા ક્લીનીકમાં સર્ચ ઓપરેશન કરીને કેટલાંક મહત્વના દસ્તાવેજો જપ્ત કરવાની સાથે તેની અન્ય હોસ્પિટલો સાથેની સાંઠગાંઠ અંગેની વિગતો મેળવી છે. આ અંગે વસ્ત્રાપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ખ્યાતિ હોસ્પિટલમાં પીએમજેએવાય હેઠળ ખોટી રીતે એન્જિયોપ્લાસ્ટી અને એન્જિયોગ્રાફી કરવાના કેસની તપાસ કરી રહેલી વસ્ત્રાપુર પોલીસ ડૉ.પ્રશાંત વઝીરાનીને સાથે રાખીને અગાઉ ખ્યાતિ હોસ્પિટલમાં તપાસ કરી હતી. જેમાં હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલ અને સીઈઓ ચિરાગ રાજપુતે ડૉ. વઝીરાની અને અન્ય તબીબો સાથે મળીને ખોટા રિપોર્ટના આધારે અનેક ઓપરેશન કર્યા હોવાનું સામે આવ્યું હતુ.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# વડોદરામાં પૂર્વ કોર્પોરેટરના પુત્રની પોલીસની હાજરીમાં જ હત્યા

## લારી પર ઉઘરાણી સમયે બબાલ થઈ હતી, પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યામાં સૂત્રધાર બાબરનો ચોથો ભાઇ પણ પકડાયો, કુલ 9 પકડાયા

**વડોદરા**

વડોદરામાં નાગરવાડા સરકારી સ્કૂલ નંબર 10 નજીક આમલેટની લારી પર પૈસાની ઉઘરાણી માટે ગયેલા બે યુવક પર લઘુમતી કોમના યુવકોએ હુમલો કરી ઘાયલ કર્યા હતા. તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ રાજા પરમાર અને તેમના પુત્ર તપન રમેશ પરમાર સહિત સ્થાનિક યુવકો સયાજી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસ હુમલાખોર બાબર પઠાણને જાપ્તા સાથે લઈને આવી હતી. દરમિયાન નાગરવાડાના ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમારના પુત્ર તપનની ઘાતકી હત્યા થઈ હતી. જે બાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે વધુ ૨ આરોપીને ઝડપી પાડતાં આ કેસમાં પકડાયેલાઓની કુલ સંખ્યા ૯ પર પહોંચી છે. ક્રાઈમ બ્રાન્ચે મર્ડરના ગુનામાં નામ ખૂલ્યા હોય તેવા બાબરના ચોથા ભાઈ અમજદખાન હબીબભાઈ પઠાણ(સ્કૂલ નંબર ૧૦ પાસે, નાગરવાડા)ને નવાપુરા વિસ્તારમાંથી ઝડપી લેવાયો હતો. જ્યારે બાબરને સિવિલ હોસ્પિટલમાં સાબીર હુસેન ઉર્ફે લાખા રઝાકભાઈ દૂધવાલા (લાલજીકૂઈ, નાગરવાડા) ને દુમાડ ખાતેથી ઝડપી પાડી રાવપુરા પોલીસને સોંપી દેવાયો હતો. આ ઘટનામાં કુલ ૯ની ધરપકડ થઈ છે.



### કોર્પોરેટરના પુત્રની અંતિમયાત્રામાં 'બાબરને ફાંસી આપો, ઘર પર બુલડોઝર ફેરવોના લાગ્યા નારા'

ભાજપના પૂર્વ અને નગરસેવકના પુત્રની આરોપી માથાભારે બાબર આણી મંડળી દ્વારા થયેલી કરપીણ હત્યાના બનાવ સંદર્ભે આજે મૃતકની નીકળેલી અંતિમયાત્રા બાબર પઠાણના ઘર પાસે આવતા જ મોટી સંખ્યામાં એકત્ર થયેલી શોકમગ્ન મહિલાઓએ બાબરને ફાંસી આપો, ઘર પર બુલડોઝર ફેરવોના નારા લગાવીને બાબરની હાય હાય બોલાવી હતી. આ સમયે આસપાસની મુસ્લિમ મહિલાઓ પોતપોતાની અટારીએથી બહાર આવી હતી. પરંતુ બાબરના ઘર આસપાસ કાયદો વ્યવસ્થા જાળવવા બંદોબસ્ત હોવાથી પોલીસે આ મહિલાઓને ઘરમાં જવા સુચના આપી હતી. ભાજપના પૂર્વ કોર્પોરેટરના નિર્દોષ પુત્રની થયેલી હત્યાથી શહેરમાં દિવસ-રાતો અફવા બજાર સતત ગરમ રહ્યું હતું. મોડી રાત્રે 2.30 વાગ્યાના સુમારે રાવપુરા રોડ પર બંને કોમના ટોળા સામ સામે આવી જતા વાતાવરણ તંગ બન્યું હતું.

# દાહોદના નકલી NA પ્રકરણમાં વધુ ૮ મિલકતધારકો સામે ગુનો

**દાહોદ**

દાહોદ સહિત સમગ્ર ગુજરાતભરમાં ચકચાર મચાવનાર બોગસ બિનખેતી પ્રકરણમાં બિનખેતી તેમજ ૭૩ એએમાં મુક્તિ મેળવવા સરકારમાં ભરવાપાત્ર થતી રકમની ચોરી કરી સરકાર જોડે છેતરપિંડીના કેસમાં તાલુકા પંચાયત કચેરીના શંકાસ્પદ ૧૯૭ સર્વે નંબરોમાંથી અગાઉ ૧૧૨ સર્વે નંબરોમાં ફરિયાદ દાખલ થયેલ છે. જેમાં ૧૨૫ કરતાં વધુ લોકો સામે નામ જોગ ગુનો નોંધી ધરપકડો પણ કરવામાં આવી હતી. બાકી ૮૫ સર્વે નંબરોમાંથી રેવન્યુ ડિપાર્ટમેન્ટની સમિતિ દ્વારા તપાસના અંતે ૯ જેટલા સર્વે નંબરો સાચા નીકળ્યા હતા. જ્યારે અન્ય ૭૬ સર્વે નંબરોમાં બોગસ હુકમ થયા હોવાનું સામે આવ્યું છે. એનએ પ્રકરણના આરોપીઓમાં આબીદઅલી તૈયબઅલી જાંબુઘોડાવાલા, નજમુદ્દીન તોરાબઅલી વેપારી, રમિલાબેન ઉકારભાઈ ચુડાસમા, યુસુફીભાઈ સૈફુદીનભાઈ જીરૂવાલા, મનહરલાલ ગોરધનદાસ નગરાલાવાલા, ફરીદાબેન મહેમુદભાઈ કુંજડા, દિનેશભાઈ ભુરાભાઈ ડામોર, ગનીભાઈ રસુલભાઈ ચાંદનો સમાવેશ થાય છે.

# 50 હજારમાં બોગસ વિઝા બનાવડાવી આણંદનો ઈજનેર ન્યૂઝીલેન્ડ જતા મુંબઈ એરપોર્ટ પર ઝડપાયો

## તપાસ વખતે સાગર પાસે હોંગકોંગથી ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેનો બોર્ડિંગ પાસ નહતો

**વલ્લભવિદ્યાનગર**

મુંબઈની સહાર પોલીસે બનાવટી વિઝાનો ઉપયોગ કરીને ન્યૂઝીલેન્ડ જવાનો પ્રયાસ કરી રહેલા ગુજરાતના વલ્લભ વિદ્યાનગરના રહીશ સિવિલ એન્જિનિયર સાગર શાહની ધરપકડ કરી હતી. વિદ્યાનગરની જ એજન્ટ પ્રિયા પટેલે સાગરને 50 હજાર રુપિયા લઈ વિઝા પેપર્સ આપ્યાં હતાં. આણંદ જિલ્લાના વલ્લભ વિદ્યાનગર ખાતે નાના બજારમાં આવેલાં પદ્માવતી કોમ્પલેક્સમાં રહેતો 29 વર્ષનો સાગર શાહ ન્યૂઝીલેન્ડ જવા માટે મુંબઈ એરપોર્ટ આવ્યો હતો. તે હોંગકોંગ થઈને જતી ફ્લાઈટ પકડવા આવ્યો હતો. જો કે, ઈમિગ્રેશન તપાસ દરમિયાન એરપોર્ટ સત્તાવાળાઓને જાણવા મળ્યું હતું કે, સાગર પાસે હોંગકોંગથી ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેનો બોર્ડિંગ પાસ નહતો. આ બાદ પૂછપરછ સમયે સાગરે દાવો કર્યો હતો કે, 'અમદાવાદથી મુંબઈની ફ્લાઈટ દરમિયાન અમદાવાદની એરલાઈને તેને અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી હોંગકોંગ આ બંનેને આવરી લેતા બોર્ડિંગ પાસ ઈશ્યુ કર્યા હતા. વધુમાં તેમણે કહ્યું હતું કે, 'હોંગકોગથી ન્યૂઝીલેન્ડ માટેના બોર્ડિંગ પાસ મુંબઈ એરપોર્ટ પરથી કેથે પેસેફિક એરલાઈન પાસેથી એકત્રિત કરવાની સૂચના આપવામાં આવી હતી.' સાગરના આ દાવા અંગે શંકા જતા ઈમિગ્રેશન અધિકારીઓએ તેના ન્યૂઝીલેન્ડના વિઝાની તપાસ કરી હતી.

# લંડનમાં નોકરીની લાલચ આપીને નડિયાદના દંપતી સાથે રૂપિયા 11.25 લાખની છેતરપિંડી

**નડિયાદ**

નડિયાદ મંજીપુરામાં ચિરાગભાઈ કનુભાઈ પટેલ અને તેમની પત્નીને લંડનમાં જોબ કરવા ફાઈલ તૈયાર કરાવવા એજન્ટની શોધમાં હતા. દરમિયાન મંજીપુરા સંતરામ નગર સોસાયટીમાં રહેતા અને સાથે નોકરી કરતા લતાબેન મહેન્દ્રભાઈ જયસ્વાલે ઓળખીતા એજન્ટ ત્રણ મહિનામાં લંડનના વિઝા અપાવી દેશે તેઓ વિશ્વાસ આપ્યો હતો. ત્યારબાદ તા.૧૯/૯/૨૨ના રોજ લતાબેન, તેમનો દીકરો કશ્યપ તેમજ નીરવ પંડયા ત્રણેય ચિરાગભાઈ પટેલના ઘરેથી ફાઈલનું કામ શરૂ કરાવવા રૂા. ૧૫ હજાર ખર્ચ પેટે રોકડા લઈ ગયા હતા. ત્યારબાદ તા.૨૨/૯/૨૨ના રોજ તમારી ફાઈલનું કામ શરૂ થઈ ગયું છે, ફાઈલ તેમજ બીજા ચાર્જના રૂ.૧,૧૦,૦૦૦ જ્યારે મેડિકલ કરવા માટે રૂ.૧૦,૦૦૦ આપવામાં આવ્યા હતા. તા.૫/૧૦/૨૨ના રોજ લતાબેને ચિરાગભાઈના ઘરે જઈ જણાવેલું કે, તમારા બંનેનું એડમિશન થઈ ગયું છે કહી રૂ.૨ લાખ ત્યારબાદ તા.૬/૧૦/૨૨ના રોજ રૂ.૪ લાખ રોકડા તેમજ વિઝા માટે રૂ.૩ લાખ જ્યારે તા.૨૦/૩/૨૩ના રોજ રૂ. ૯૦ હજાર જુદા જુદા ચાર્જ પેટે લઈ ગયા હતા. આ લેભાગુ ત્રિપુટીએ ત્રણ મહિનામાં લંડન મોકલી આપવાનો વિશ્વાસ અપાવ્યા બાદ ફોન નહીં ઉપાડી સંતોષકારક જવાબ નહીં આપી લતાબેન જયસ્વાલ તેમના દીકરા તેમજ નિરવ પંડયાએ લંડનના વિઝા કે રૂ.૧૧,૨૫,૦૦૦ પરત ન આપે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે ચિરાગભાઈ કનુભાઈ પટેલે નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લત્તાબેન મહેન્દ્રભાઈ જયસ્વાલ, કશ્યપ મહેન્દ્રભાઈ તેમજ નિરવ નરેશભાઈ પંડયા સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરામાં રિફાઇનરીની આગ અંગે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ અપાયા

**વડોદરા**

વડોદરામાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની ગુજરાત રિફાઈનરીમાં લાગેલી આગની ઘટનાની મેજેસ્ટ્રિયલ તપાસ કરવાના આદેશ કરવામાં આવ્યા છે. કલેક્ટર દ્વારા આ તપાસ ગ્રામ્ય પ્રાંત અધિકારીને સોંપવામાં આવી છે. વડોદરા ગ્રામ્ય પ્રાંત કચેરી દ્વારા એક જાહેર સૂચના પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે, આઈ.ઓ.સી. એલ.(ગુજરાત રિફાઈનરી)ના પ્લાન્ટમાં તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ આગ લાગવાની તથા બ્લાસ્ટ થવાની ઘટના બની હતી. આ દુર્ઘટનાની તપાસ પેટ્રોલિયમ અધિનિયમ-૧૯૩૪ની કલમ-૨૮ મુજબ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૯૬ હેઠળ કરવાનું નકકી કરવામાં આવ્યું છે. આ અંગેની તપાસ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, વડોદરા ગ્રામ્ય દ્વારા તા.૨૬/૧૧/૨૦૨૪ના રોજ કોઠી કચેરીમાં સવારના ૧૧ વાગ્યાથી બપોરના એક વાગ્યા દરમિયાન હાથ ધરવામાં આવનાર છે. જે કોઈ હિત સંબંધ ધરાવતા લોકો ગુજરાત રીફાઈનરીમાં થયેલ આગની દુર્ઘટના અંગે કોઈ પણ વિગત જાણતા હોય અથવા તો બનાવ સંબંધી હકીકત રજૂ કરવા ઈચ્છતા હોય તો આ તપાસમાં વિગતો આપવા કે હકિકતો રજૂ કરી શકશે.

# ખેડા જિલ્લાની પાંચ નગર પાલિકામાં 34 વોર્ડ બેઠકો માટે સામાન્ય ચૂંટણી યોજાશે

**નડિયાદ**

ખેડા જિલ્લામાં ખેડા, ચકલાસી, મહુધા, ડાકોર અને મહેમદાવાદ નગરપાલિકાની આગામી સમયમાં ચૂંટણી જાહેર થવાની છે. ત્યારે ચૂંટણી વિભાગ દ્વારા ખેડા જિલ્લાની પાંચ નગરપાલિકાઓના વોર્ડનું નવું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી જાહેર કરવામાં આવી છે. નવા સીમાંકન મુજબ મહેમદાવાદ, ખેડા, ડાકોર અને ચકલાસીમાં ૭ વોર્ડ જ્યારે મહુધામાં ૬ વોર્ડ રહેશે. મહુધા નગરપાલિકામાં ૬ વોર્ડની રચના કરાશે, જ્યારે મહેમદાવાદ, ખેડા, ડાકોર અને ચકલાસીમાં ૭ વોર્ડની રચના કરવામાં આવશે. તમામ નગરપાલિકામાં દરેક વોર્ડમાં ૪ કાઉન્સિલર ચૂંટાઈ આવશે.

# દેવદિવાળી પર્વે સંતરામ મંદિરમાં 1 લાખથી વધુ દિવડાઓ પ્રજ્વલિત કરાયા

**નડિયાદ**

સંતરામ મંદિરમાં દેવદિવાળીના પાવનપર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ચાલુ વર્ષે સમગ્ર મંદિર અને પરિસરને એક લાખથી વધુ દિવડાઓની હારમાળાથી પ્રજ્વલિત કરવામાં આવ્યું હતું. પરિણામે સમગ્ર મંદિર પરિસર રોશનીથી ઝળહળી ઉઠયું હતું. લોખંડની એંગલો પર દીવાઓ સજી 'જય મહારાજ' લખાયું હતું. આ સમયે હજારો ભાવિક ભક્તો અને સ્વયંસેવકોના હાથ થકી ગણતરીના સમયમાં એક લાખ ઉપરાંતના દીપમાળા પ્રજ્વલિત થયા હતા. આ નજારો જોવા માટે શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુંઓ ઉમટયાં હતાં.

શિવશ્રદ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9824062666
www.shivshraddhaastrologer.com

# અમૂલના પ્રશ્ને પૂર્વ MLAના સમર્થનમાં 300 ઠરાવો થતાં ભાજપમાં દોડધામ

## ભાજપના પૂર્વ-વર્તમાન MLA સામસામે આવતા વિવાદ ખેડા જિલ્લા પ્રભારીએ પશુપાલકો સાથે બેઠક યોજી

**નડિયાદ**

માતરના ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી અને વર્તમાન ધારાસભ્ય કલ્પેશ પરમાર વચ્ચે તાજેતરમાં વિવાદ સર્જાયો હતો. તેવામાં અમૂલ સંલગ્ન દૂધ મંડળીઓ દ્વારા માતરના ભાજપના પૂર્વ ધારાસભ્યના સમર્થનમાં અંદાજે ૩૦૦થી વધુ ઠરાવો કરતા ભાજપ સંગઠન દોડતું થયું હતું. નડિયાદ કમલમ ખાતે ખેડા જિલ્લા ભાજપ પ્રભારીની ધારાસભ્યો, દૂધ ઉત્પાદક સહકારી સંઘના હોદ્દેદારો સહિતના સાથે બંધ બારણે બેઠક મળી હતી.

માતરના ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહે વીડિયો વાયરલ કરી અમૂલ ડેરીમાં પશુપાલકોના સંતાનોને લાયકાત મુજબ નોકરીમાં પ્રાથમિકતા આપવી, બાર બ્લોકને બદલે જનરલ ઈલેકશન થાય, ત્રણ પ્રતિનિધીને છૂટા કરી બારનું બોર્ડ પ્રતિનિત્વ કરે સહિતની માંગ કરી હતી.અમૂલમાં પશુપાલકોના પ્રશ્ન મામલે ભાજપના પૂર્વ ધારાસભ્ય અને વર્તમાન ધારાસભ્ય સામસામે આવી ગયા હતા. તેવામાં વિવિધ દૂધ મંડળીઓ દ્વારા પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહના સમર્થનમાં અંદાજે ૩૦૦થી વધુ ઠરાવો કર્યા હોવાનું જાણવા મળ્યું છે. જેને કારણે ભાજપ સંગઠન દોડતું થયું હતું અને શુક્રવારે ખેડા જિલ્લા ભાજપ પ્રભારી ગોરધન ઝડફિયાની નડિયાદ ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં આણંદ અને ખેડા જિલ્લાના પ્રમુખ, ધારાસભ્યો અને ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ, આણંદના હોદ્દેદારો સાથે ચર્ચા કરી હતી.આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ હાજર રહ્યા ન હતા. બંધ બારણે યોજાયેલી બેઠકમાં ક્યા નિર્ણયો લેવાયા તે અંગે હજૂ સુધી કોઈ ચોક્કસ વિગતો બહાર આવી નથી. હાલ અમુલને મુદ્દે આખા જિલ્લામાં રાજકારણ ગરમાયું છે.

# આણંદમાં ભાજપના નેતાએ પરિણીતા સાથે આચર્યું દુષ્કર્મ, પાર્ટીમાંથી સસ્પેન્ડ

**આણંદ**

અહીંની નગરપાલિકાના ભાજપ (ભારતીય જનતા પાર્ટી)ના કાઉન્સિલરે એક પરિણીતા સાથે દુષ્કર્મ આચરવાના કિસ્સાએ પાર્ટીની ઊંઘ હરામ કરી નાખી. પરિણીતા સાથે દુષ્કર્મ આચર્યાની લોકોને જાણ થતા એકઠા થઈ આરોપીને માર મારીને ઘરમાં પૂરી દીધો હતો. અન્ય ટોળાએ સ્થાનિક રહીશોને માર મારી ધમકી આપી આરોપીને છોડાવી ગયા હતા. આ ઘટનાની પોલીસે ભાજપના કાઉન્સિલર સામે ફરિયાદ નોંધવાનો ઈનકાર કરતા ટોળાએ પોલીસ સ્ટેશનમાં હોબાળો મચાવ્યો હતો.

બાદમાં પોલીસે નમતું જોખીને આખરે કાઉન્સિલર દીપુ પ્રજાપતિ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધી હતી. પાર્ટીની ગરિમાને નુકસાન પહોંચાડવા તેમ જ શિસ્ત ભંગ બદલ ભાજપે દુષ્કર્મ આચરનાર કાઉન્સિલરને સસ્પેન્ડ કરી દીધો છે.

# ગાંધીનગરમાં વિદ્યાર્થિનીને અશ્લીલ સવાલો પૂછનાર ટયુશનવાન ચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર : હાલમાં ગાંધીનગર શહેરની અંદર ખાનગી શાળાઓની સાથે ખાનગી ટયુશન ક્લાસીસની પણ સંખ્યા વધી રહી છે ત્યારે આ ક્લાસીસ દ્વારા વિદ્યાર્થીઓને લાવવા લઈ જવા માટે વાનની વ્યવસ્થા પણ આપવામાં આવતી હોય છે ત્યારે ગાંધીનગર શહેરના સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની સગીરા આ ટયુશન ક્લાસમાં વાન મારફતે આવતી જતી હતી તે દરમિયાન વાવોલ ખાતે રહેતા વાનના ચાલક દ્વારા તેણી સાથે અશ્લીલ વાતો કરવામાં આવતી હતી અને તેને પ્રશ્ન પણ પૂછવામાં આવતા હતા. જેથી તે ડગાઈ ગઈ હતી અને ગુમસૂમ રહેવા લાગી હતી. જેના પગલે તેની માતા દ્વારા આ સગીરાની પૂછપરછ કરવામાં આવતા તેણીએ વાનના ચાલક દ્વારા કરવામાં આવેલી વાતચીત જણાવી હતી. જેના પગલે તેની માતા પણ ચોકી ઉઠી હતી જેથી આ સંદર્ભે ગાંધીનગરમાં સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં વાનચાલક સામે ફરિયાદ આપતા પોલીસે પોક્સો હેઠળ ગુનો દાખલ કરીને વાનચાલકની ધરપકડ માટે મથામણ શરૂ કરી છે.

# ધંધુકામાં ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમનું CM હસ્તે લોકાર્પણ કરાયું ; કરોડના વિકાસકામોની ભેટ

ધંધુકા: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ધંધુકા વિધાનસભા ક્ષેત્રના 246.31 કરોડના 184 વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ધંધુકા રેસ્ટ હાઉસ ખાતે ઐતિહાસિક સ્મૃતિ સ્થળ તરીકે નિર્મિત રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમનું પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું. મુખ્ય પ્રધાને શ્રી ઝવેરચંદ મેઘાણીના પ્રેરણાદાયી જીવન, સાહિત્ય, લોકસાહિત્ય તેમજ આઝાદીની લડાઈમાં તેમના પ્રદાનના પ્રદર્શન ઉપરાંત કલાત્મક પ્રતિમાઓ તથા દુર્લભ તસ્વીરોનું પ્રદર્શન નિહાળ્યું હતું.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough | we are back to Great Punjab |
|---|---|---|
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM |

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MONDAY WEEKLY OFF
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટ નાગરિક બેંકની ચૂંટણીમાં સહકાર પેનલ વિજયી

## મણિયારની પેનલના 11 પરાજિતોને માત્ર 32થી 38 મત, શાસક જૂથનાં ઉમેદવારો 150થી 290 મત મેળવીને ડિરેક્ટર ચૂંટાયાં

રાજકોટ

ભાજપ આગેવાનોનાં જ બે જૂથ વચ્ચે લડાયેલી અને પ્રતિષ્ઠાના જંગસમી રાજકોટ નાગરિક બેન્કની ચૂંટણીની મતગણના આજે હાથ ધરવામાં આવતાં વ્યાપક ધારણા મુજબનું જ પરિણામ આવ્યું છે. ચૂંટણીપાત્ર ૧૫ બેઠકો પર વર્તમાન શાસક જૂથની સહકાર પેનલનાં તમામ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા છે અને કૌભાંડ મુદ્દે પડકાર ફેંકી મેદાનમાં ઉતરેલી સંસ્કાર પેનલનો રકાસ થયો છે.

સહકારી બેન્કમાં આમ તો ભાજપ-આરએસએસની ઘરઆંગણાંની પ્રક્રિયાને અનુલક્ષીને સમરસ પ્રકારે ડિરેક્ટરો નિમાતાં હોય છે પરંતુ આ વખતે બેન્કમાં લોન કૌભાંડ મામલે ફરિયાદો- આક્ષેપો કરીને ભાજપ- સંઘના કલ્પક મણિયારે બંડ પોકારીને તેના મામા એવા જ્યોતિન્દ્ર મહેતાનાં જૂથની સહકાર પેનલ સામે સંસ્કાર પેનલ ઉતારી હતી. આમ, ૨૭ વર્ષ બાદ આવી પડેલી ચૂંટણી રસાકસીભરી બની રહેશે એવું પ્રાથમિક ચિત્ર ઉપસ્યું હતું પરંતુ મણિયારની પેનલમાં પૂરતાં ઉમેદવારો ન થતાં બહારગામની પાંચ અને અનામત કેટેગરીની એક એમ કુલ છ બેઠક વર્તમાન શાસક જૂથને બિનહરીફ મળી ગઈ હતી. ચૂંટણીપાત્ર ૧૫ બેઠકોના સહકાર પેનલનાં ૧૫ વિરૂધ્ધ સંસ્કાર પેનલનાં તમામ ૧૧ ઉમેદવારો જીતે તો જ બેન્કનું સૂકાન ભાજપી બંડખોર જૂથને મળે તેમ હતું. આજે સવારે મતગણતરી હાથ ધરાતાં જે આશ્ચર્યકારક પરિણામ આવ્યું તેમાં સહકાર પેનલનાં જ તમામ ઉમેદવારો ૧૫૦થી માંડીને ૨૯૦ મતો મેળવી ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવ્યાં છે, જ્યારે કે પરાજિત સંસ્કાર પેનલનાં ઉમેદવારોને મળેલા મત માત્ર ૩૨થી ૩૮ સુધી સીમિત રહ્યા છે. સહકાર પેનલના સૂત્રધારો અને આગેવાનોએ આ પરિણામને ભાજપ- સંઘનાં ટીમવર્કનો વિજય ગણાવીને ઉમેર્યું કે નિયમિત બોર્ડ મીટિંગ ઉપરાંત સભાસદોના પ્રશ્નોનાં નિવારણ માટે શાખા વિકાસ સમિતિની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથેની બેઠકો સહિતના વહીવટ પર ડેલિગેટ્સે મુકેલા ભરોસાનું આ પરિણામ છે.

**સહકાર પેનલનાં વિજેતાઓ અને તેમને મળેલા મત :** હસમુખ ચંદારાણા- ૧૫૬, માધવ દવે- ૧૫૮, ચંદ્રેશ ધોળકિયા- ૧૫૭, અશોક ગાંધી- ૧૫૨, બ્રિજેશ મલકાણ- ૧૫૦, દેવાંગ માંકડ- ૧૬૦, ડો. એન.જે. મેઘાણી- ૧૫૧, કલ્પેશ પંચાસરા- ૧૫૪, વિક્રમસિંહ પરમાર- ૧૫૧, જીવણ પટેલ- ૧૫૪, દિનેશ પાઠક- ૧૫૪, ચિરાગ રાજકોટિયા- ૧૪૮, ભૌમિક શાહ- ૧૫૦, જ્યોતિબેન ભટ્ટ- ૨૯૦, કિર્તીદાબેન જાદવ- ૨૮૬.

**સંસ્કાર પેનલનાં પરાજિતો અને તેમને મળેલા મત :** દીપક અગ્રવાલ- ૩૫, જયંત ધોળકિયા- ૩૪, દીપક કારિયા- ૩૫, વિજય કારિયા- ૩૩, પંકજ કોઠારી- ૩૬, વિશાલ મિઠાણી- ૩૨, ડો. ડી.કે. શાહ- ૩૭, નીતાબેન શેઠ- ૩૨, લલિત વડેરિયા- ૩૫, ભાગ્યેશ વોરા- ૩૭, હીનાબેન બોધાણી- ૩૮.

# મોરબી પુલ દુર્ઘટના : 10 આરોપીઓ સામે કોર્ટમાં તહોમતનામું રજૂ કરાયું

મોરબી

મોરબીમાં ઝૂલતા પુલકાંડમાં 135 નિર્દોષ લોકોના મોત નિપજ્યાં હતા. સમગ્ર ઘટના મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, ત્યારે કોર્ટમાં તમામ 10 આરોપીઓ વિરુદ્ધ સરકાર તરફથી સૂચિત તહોમતનામું રજૂ કરવામાં આવ્યું છે. આ મામલે આરોપીએ તેમની સામે કરાયેલો ગુનો બનતો ન હોવાનો દાવો કર્યો હતો. સમગ્ર ઘટનામાં દસ આરોપીએ ચાર વકીલ મારફતે કોર્ટમાં અલગ-અલગ પાંચ ડિસ્ચાર્જ અરજી દાખલ કરી હતી. જેમાં સરકાર દ્વારા અરજીને લઈને વાંધા સૂચનો રજૂ કરવામાં આવશે. મોરબીના સરકારી વકીલ વિજયભાઈ જાનીએ કહ્યું કે, 'મોરબી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ઝૂલતા પુલની મુદત હતી. ગઈ મુદતમાં નામદાર કોર્ટ દ્વારા સૂચના આપવામાં આવી હતી. જેમાં કોર્ટે સૂચિત તહોમતનામું રજૂ કરવા કહ્યું હતું. જેમાં દસ આરોપી વિરુદ્ધ ફરિયાદના આધારે સૂચિત તહોમતનામું (પ્રોવિઝનલ ચાર્જ) રજૂ કરવામાં આવ્યું છે.' મોરબીના મચ્છુ નદી પર આવેલા ઝૂલતા પુલને રિપેર કરવાનો કોન્ટ્રાક્ટ ઓરેવા ગ્રૂપના જયસુખ પટેલને આપવામાં આવ્યો હતો.

# જૂનાગઢમાં પ્રેમગીરીની ચાદરવિધિ: શિષ્યો અને પરિવાર દ્વારા આત્મવિલોપનની ચીમકી

## ખાસ શિષ્યો અને નાના પીરના પરિવારજનોએ માથા પછાડયાં, મહિલાઓએ છાતી કૂટી

જૂનાગઢ

જૂનાગઢમાં અંબાજીના મહંત તનસુખગીરી બ્રહ્મલીન થયા બાદ તેમના ઉત્તરાધિકારીનો વિવાદ ચરમસીમાએ છે. આજે ભવનાથના મહંત હરિગીરીના જૂથ દ્વારા ભીડભંજન ખાતે પ્રેમગીરીની ગાદીપતિ તરીકે જાહેરાત કરી બાદમાં તેની ચાદરવિધિ કરી નાખવામાં આવી હતી. આ ચાદરવિધિ સમયે તનસુખગીરીના શિષ્યો દ્વારા મોટો હોબાળો કરી ચાદરવિધિનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. ભવનાથના મહંત હરીગીરી, ઈન્દ્રભારથી સહિતના સંતો ભીડભંજન ખાતે પહોંચ્યા અને ધુળલોટ વિધી સમયે તનસુખગીરીના ઉતરાધારી તરીકે પ્રેમગીરીની જાહેરાત કરતા તનસુખગીરીના ખાસ શિષ્યો અને નાના પીરના સંતાનોએ તથા મહિલાઓએ ઉગ્ર વિરોધ શરૂ કરી દીધો હતો. આ વિરોધ વચ્ચે થોડીવાર બાદ સંતોના નીતિનિયમો મુજબ પ્રેમગીરીની ચાદરવિધી શરૂ કરતા શિષ્યોએ શોરબકોર સાથે હરીગીરી હાય હાય, પ્રેમગીરી હાય હાયના ઉગ્ર નારા લગાવી કોઈપણ ભોગે આ વાત મંજુર ન હોવાથી વિરોધ કરી રહ્યા હતા. તનસુખગીરીના ખાસ શિષ્યોએ અને નાના પીરના પરિવારજનોએ જો પ્રેમગીરીને મહંત તરીકે ધરારથી રાખવામાં આવશે તો સમગ્ર પરિવાર આત્મવિલોપન કરી જવાની ચિમકી આપી માથા પછાડી મહિલાઓએ છાતી કુટી હતી.

# જામનગર-રાજકોટ હાઈવે ઉપર જાયવા ગામ નજીક અકસ્માત : પતિ-પત્ની, પુત્રીનાં મોત

જામનગર

ધ્રોલ તાલુકાના ભેંસદડ ગામના વતની અને છેલ્લા કેટલાક વર્ષોથી વાપી વિસ્તારમાં સ્થાઇ થયેલા સંજયભાઈ રમેશભાઈ ચોટલીયા (ઉ.વ.૩૭) કે જે પોતાના પત્ની ઈનાબેન ચોટલીયા (ઉ.વ.૩૬) તથા તેમની ચાર વર્ષની પુત્રી નિષ્ઠાને એક્ટીવા સ્કૂટરમાં બેસાડીને વાપીથી પોતાના વતન ભેંસદડ ગામે આવી રહ્યા હતા. જે દરમિયાન આજે સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં ધ્રોલ તાલુકાના જાયવા ગામના પાટીયા પાસે આવી રહેલી બોલેરાના ચાલકે એક્ટીવા સ્કૂટરને ઠોકરે ચડાવતાં ગોઝારો



અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સંજયભાઈ અને તેમના પત્ની ઈનાબેન તથા પુત્રી નિષ્ઠા ત્રણેય ગંભીર સ્વરૂપે ઈજાગ્રસ્ત બન્યા હતા. અને બોલેરો ચાલક અકસ્માત સર્જીને પોતાનું વાહન છોડીને ભાગી છૂટયો હતો. ત્યાંથી પસાર થનાર અન્ય વાહનચાલકો વગેરેએ સ્થળ પર ઊભા રહીને તાત્કાલિક અસરથી ૧૦૮ની ટુકડીને બોલાવતા ત્રણેયને વધુ સારવાર અર્થે ધ્રોલની સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા. ત્યારે સંજયભાઈ અને તેમના પત્ની ઈનાબેન બંનેએ માર્ગમાં જ દમ તોડી દીધો હતો. અને હોસ્પિટલે માત્ર તેઓના મૃતદેહ જ પહોંચ્યા હતા. જ્યારે ચાર વર્ષની પુત્રી નિષ્ઠા, કે જે પણ ગંભીર સ્વરૂપે ઈજાગ્રસ્ત બની હતી. અને તેની સારવાર શરૂ કરાય તે પહેલાં તેણી સરકારી હોસ્પિટલના બીછાને મૃત્યુ પામી હતી, જેથી આ ગોઝારા અકસ્માતમાં એક જ પરિવારના ત્રણેય વ્યક્તિના મૃત્યુ નિપજતાં ભારે અરેરાટી વ્યાપી હતી.

# માસૂમ બાળા ઉપર બળાત્કારના કેસમાં આધેડને 20 વર્ષની સજા

## આધેડે નરાધમ શખ્સે ઘરમાં બોલાવી આબરૂ લૂંટી હતી

ભાવનગર

ભાવનગરના કુલસર રોડ પર રહેતા ઢગાએ તેની દીકરીથી પણ નાની ઉંમરની એક નવ વર્ષની માસૂમ બાળા ઉપર બળાત્કાર ગુજાર્યાની ચકચારી ઘટનામાં ભાવનગર કોર્ટે સમાજમાં દાખલો બેઠે તેવી સજાનો ચુકાદો આપી બળાત્કારી આધેડને ૨૦ વર્ષ કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત હવસખોરનો ભોગબનનાર બાળકીને છ લાખનું વળતર આપવા હુકમ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર શહેરના કુલસર રોડ, કાંતિનગર, ૨૫ વારિયા, સંસ્કાર વિદ્યાલયની સામે, પ્લોટ નં.૧૮૦માં રહેતો ૫૫ વર્ષીય હિંમત રત્નાભાઈ બઢિયા નામના શખ્સે બે વર્ષ પૂર્વે ગત તા.૧૮-૧૨-૨૦૨૨ના રોજ રાત્રિના સમયે એક નવ વર્ષની માસૂમ બાળકીને તેના ઘરમાં બોલાવી તેણીની આબરૂ લૂંટી હતી. જે ઘટના પ્રકાશમાં આવતા હવસખોર આધેડ શખ્સ સામે ચોતરફથી ફિટકાર વરસી હતી. જ્યારે બનાવને આફતગ્રસ્તના વાલીએ નરાધમ શખ્સ સામે સ્થાનિક બોતળાવ પોલીસ મથકમાં ફરિયાદ

# મોટા લીલીયામાં ભાજપના બે સદસ્યોના રાજીનામા: કહ્યું, અમારું કોઈ સાંભળતું નથી

રાજકોટ

મોટા લીલીયા તાલુકા પંચાયતના બે ભાજપના સભ્યોએ રાજીનામા ધરી દેતા ખળભળાટ મચી ગયો છે. તાલુકા પંચાયતના સભ્ય ઘનશ્યામ મેઘાણી અને કંચનબેન ધામતે દ્વારા રાજીનામું આપ્યું છે. તાલુકા પંચાયત કચેરીમાં વારંવાર રજૂઆત કરવા છતાં પદાધિકારીએ દ્વારા કોઈ કામગીરી નહીં થતી હોવાનો બંને નેતાએ આક્ષેપ કર્યો છે. તાલુકા પંચાયતના સભ્ય ઘનશ્યામ મેઘાણી અને કંચનબેન ધામતે લીલીયા તાલુકા વિકાસ અધિકારીને સંબોધી પત્ર મારફતે રાજીનામું આપ્યું છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, તાલુકા પંચાયતમાં અવાર નવાર રજૂઆતો કરવા છતાં કોઈ સાંભળતું નથી અને લોકોના કોઈ કામનો ઉકેલ આવતો નથી. ભાજપના જ બે સભ્યોએ રાજીનામા ધરી દેતા ભારે ખળભળાટ મચ્યો છે.

# પાલિતાણામાં 6 આચાર્ય અને 400 સાધુ-સાધ્વીની નિશ્રામાં 4 મુમુક્ષોને દીક્ષા અપાઈ

## બે યુવાન, એક પરિણીતા અને એક યુવતીએ દીક્ષા ગ્રહણ કરી

પાલિતાણા

પાલિતાણાના જાલોરી ભવનમાં રવિવારે બે યુવાન, એક પરિણીતા બહેન અને એક યુવતીને જૈન સાધુતાની દીક્ષા આપવામાં આવી હતી. જૈનાચાર્ય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં થયેલા દીક્ષા પ્રદાન અવસરે સૂરિરામચંદ્ર ધર્મસામ્રાજ્યના ૬-૬ આચાર્યો તેમજ ૪૦૦ જેટલા સાધુ-સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. મહારાષ્ટ્ર ભવન ખાતે વર્ષાવાસ વિતાવનાર આચાર્ય નયવર્ધનસૂરીશ્વરજી મહારાજ, ૯૫ વર્ષના હિતપ્રજ્ઞા સૂરીશ્વરજી મહારાજ, સૌજન્યનિધિ હર્ષવર્ધન સૂરીશ્વરજી મહારાજ, આગમ અભ્યાસી પ્રશમાનંદ સૂરીશ્વરજી મહારાજ અને ઉપધાન ક્રિયા વિશેષય નિર્મલદર્શન સૂરીશ્વરજી મહારાજે નિશ્રા આપી હતી. સવારે મંડપ પ્રવેશ બાદ મુમુક્ષુઓની અંતિમ વિદાય તિલકની વિધિ, દેવગુરૂની અંતિમ પ્રવ્યપૂજા, સંઘ વધામણાં, આચાર્ય ભગવંતોના હસ્તે રજોહરણ, લોચવિધિ, પ્રતિજ્ઞાદાનની વિધિ બાદ ચારેય દીક્ષાર્થીઓનું નૂતન નામસ્થાપન કરવામાં આવ્યું હતું.


# જામનગરની પરિણીતાએ પતિના મૃત્યુના વિયોગમાં દોરી બાંધી ફાંસો ખાઈ લીધો

જામનગર

જામનગરના ગુલાબ નગર નજીક રામવાડી શેરી નંબર ત્રણમાં રહેતી ચેતનાબેન હિતેશગીરી ગોસાઈ નામની 43 વર્ષની પરિણીતાએ પોતાના મકાનના બીજા માળે પંખાના હુકમાં દોરી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પી.એસ.આઇ બનાવના સ્થળે દોડી ગયા હતા, મૃતક યુવતીના પતિનું આજથી પાંચેક મહિના પહેલાં અવસાન થયું હતું, જેના આઘાતમાં પોતે માનસિક બીમાર થઈ ગયા હતા, અને આ બીમારીના કારણે આશરે પાંચથી છ વખત હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર લેવાનો વારો આવ્યો હતો. જે બીમારીથી કંટાળી ગઈકાલે આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

સ્વદેશ
FRIDAY, 22 NOVEMBER, 2024





## શાહરૂખે એનાઉન્સ કરી આર્યન ખાનની ડેબ્યુ વેબ સિરીઝ

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનની જેમ તેના પુત્ર આર્યન ખાને પણ ફિલ્મોની દુનિયામાં પોતાનો રસ્તો શોધી લીધો છે. શાહરૂખ ખાને પોતે સોશિયલ મીડિયા દ્વારા ફેન્સ સાથે આ સારા સમાચાર શેર કર્યા છે. આ અવસર પર લોકો તેને શુભકામનાઓ આપતા જોવા મળી રહ્યા છે. આર્યન એક વેબ સિરીઝ સાથે ડેબ્યુ કરી રહ્યો હ્હે. આ વેબ સિરીઝ બોલિવૂડ પર આધારિત છે અને તેનું ર્નિદેશન આર્યને કર્યું છે.શાહરૂખ ખાને એક્સ પર આ માહિતી શેર કરી છે. તેણે લખ્યું- તે ખૂબ જ ખાસ દિવસ છે જ્યારે દર્શકો માટે નવી વાર્તા રજૂ કરવામાં આવે છે.

## રૂ.૩૫૦ કરોડમાં બનેલી ફિલ્મ છઠ્ઠા દિવસે ત્રણ કરોડની કમાણી પણ ન કરી શકી



મુંબઈ : શિવા દ્વારા દિગ્દર્શિત અને સુપરસ્ટાર સૂર્યા સ્ટારર એક્શન ડ્રામા ફિલ્મ 'કંગુવા' વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક હતી. જો કે, થિયેટરોમાં રિલીઝ થયા બાદ ફિલ્મ પહેલા જ દિવસે ફલોપ થઇ ગઇ છે. આ ફિલ્મને દર્શકો અને ક્રિટિક્સ તરફથી મોટાભાગે નેગેટિવ રિવ્યૂ મળ્યા છે. આ સાથે જ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ ગઇ છે અને કમાણીના મામલે પછડાઇ ગઇ છે. હવે સુપરસ્ટાર સામે સવાલ ઉઠી રહ્યા છે. ચાલો જાણીએ કે 'કંગુવા'એ તેની રિલીઝના છઠ્ઠા દિવસે એટલે કે મંગળવારે કેટલી કમાણી કરી?'કંગુવા' સિનેમાઘરોમાં મોટી અપેક્ષાઓ સાથે રિલીઝ થઈ હતી. જો કે, ફિલ્મના દર્શકોને ભારે નિરાશા મળી છે. સૂર્યાની આ ફિલ્મની નબળી પ્લોટ, ખરાબ સ્ક્રિપ્ટ અને અત્યંત લાઉડ બેકગ્રાઉન્ડ મ્યુઝિકના કારણે ફિલ્મની ખૂબ ટીકા થઈ રહી છે.

## એઆર રહેમાન અને સાયરાના થશે તલાક



ઓસ્કાર વિજેતા સંગીતકાર એઆર રહેમાન લગ્નના ૨૯ વર્ષ બાદ પત્ની સાયરા બાનુથી અલગ થવા જઈ રહ્યા છે. રહેમાન અને સાયરાના વકીલે સાર્વજનિક નિવેદન બહાર પાડ્યું છે. જેમાં જણાવ્યું છે કે, દંપતીએ તલાક લેવાનો ર્નિણય લીધો છે. પત્નીના કહેવા પ્રમાણે, તે આ સંબંધમાં ઘણી પીડામાંથી પસાર થઈ રહી હતી, જેને સંભાળવી તેના માટે ખૂબ મુશ્કેલ બની ગઈ છે. તેથી તેણે સંબંધ તોડવાનું નક્કી કર્યું છે.એઆર રહેમાનના ચાહકો માટે આ આંચકાજનક સમાચાર છે. જાહેર નોંધ મુજબ, દંપતીનો અલગ થવાનો ર્નિણય અચાનક લેવાયેલો ર્નિણય નથી. સાયરા લાંબા સમયના વિચાર અને સમજણ બાદ આ નિષ્કર્ષ પર પહોંચી છે. તેણીએ તેની પ્રેસ રિલીઝમાં કહ્યું છે કે તે હવે સંબંધોને બચાવી શકશે નહીં. અખબારી યાદીમાં લખ્યું હતું - લગ્નના ઘણા વર્ષો પછી શ્રીમતી સાયરાએ તેમના પતિ શ્રી એ.આર. રહેમાનથી અલગ થવાનો મુશ્કેલ ર્નિણય લીધો છે. આ ર્નિણય તેમના સંબંધોમાં નોંધપાત્ર ભાવનાત્મક તણાવ પછી લેવાયો છે.



# નયનતારાએ ધનુષને દંભી અને ત્રાસવાદી ગણાવ્યો

મુંબઈ : તમિલ સિનેમાના બે દિગ્ગજ સ્ટાર નયનતારા અને ધનુષ વચ્ચે કેટલાક દિવસથી ચાલી રહેલી ખેંચતાણ વધારે ઉગ્ર બની છે. ઓટીટી પ્લેટફોર્મ પર ૧૮મીએ ડોક્યુમેન્ટ્રી 'નયનતારાઃ બીયોન્ડ ધી ફેરી ટેલ' સ્ટ્રીમ થઈ રહી છે. આ ફિલ્મને ધનુષે પ્રોડ્યુસ કરી હતી, જ્યારે ડાયરેક્શન વિજ્ઞેશ સિવાનનું હતું અને લીડ રોલ નયનતારાનો હતો. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન નયનતારા અને વિજ્ઞેશ નિકટ આવ્યા હતા અને બાદમાં લગ્ન કર્યા હતા. આ ડોક્યુમેન્ટ્રીમાં એક ફિલ્મના બિહાઈન્ડ ધ સીન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પોતાની સંમતિ વગર દૃશ્યોનો ઉપયોગ થયો હોવાથી ધનુષે નોટિસ ફટકારી હતી. ધનુષની આ હરકતનો વિરોધ ઉગ્ર વિરોધ કરતાં નયનતારાએ ઓપન લેટર લખ્યો છે, જેમાં ધનુષને દંભી અને ત્રાસવાદી ગણાવવામાં આવ્યો છે. નયનતારા અને વિજ્ઞેશ સિવાન બે વર્ષથી એક ડોક્યુમેન્ટ્રી પર કામ કરતા હતા, જે નયનતારાના જન્મદિન ૧૮ નવેમ્બરથી સ્ટ્રીમ થઈ રહી છે. ડોક્યુમેન્ટ્રી 'નયનતારાઃ બીયોન્ડ ધી ફેરી ટેલ'ના સ્ટ્રીમિંગ પૂર્વે ધનુષે નયનતારા અને વિજ્ઞેશને નોટિસ ફટકારી હતી. ધનુષે પ્રોડ્યુસ કરેલી ફિલ્મ નાનુમ રાઉડી ધાનના ત્રણ સેકન્ડના ફૂટેજનો ઉપયોગ કરતાં પહેલાં મંજૂરી ન લેવાતા ધનુષે નોટિસ આપી હતી અને સાથે ૧૦ કરોડના વળતરની માગણી કરી હતી. નયનતારાએ ધનુષની આ હરકતનો જડબાતોડ જવાબ આપતાં ઓપન લેટર લખ્યો છે. આ લેટરમાં નયનતારાએ ઉલ્લેખ કર્યો છે કે, ફિલ્મના બિહાઈન્ડ ધ સીન્સના ઉપયોગ માટે નો ઓબજેક્શન સર્ટિફિકેટ મેળવવા તે ધનુષ અને તેની ટીમની પાછળ બે વર્ષ ફરી હતી. નયનતારાએ જણાવ્યું છે કે, જાહેરમાં તે પોતાની નિર્દોષ છબિ ઊભી કરે છે, પરંતુ પોતાની જાહેર છબિ કરતાં તે અડધો પણ નથી. પોતાના ચાહકોને જે સલાહો આપે છે, તેનો અમલ ધનુષ પોતે જ કરતો નથી. હકીકતમાં ધનુષ દંભી, ઘમંડી અને ત્રાસવાદી જેવો માણસ છે. ધનુષે પ્રોડ્યુસ કરેલી 'નાનુમ રાઉડી ધાન'ની સફળતા બાદ નયનતારાની કરિયરને વેગ મળ્યો હતો અને તેને અપાર લોકપ્રિયતા મળી હતી. નયનતારા પર બનેલી ડોક્યુમેન્ટ્રીમાં અન્ય કેટલીક ફિલ્મો અને તેના બિહાઈન્ડ ધ સીન્સનો ઉપયોગ કરાયો છે. અન્ય પ્રોડ્યુસરોએ આ દૃશ્યોનો ઉપયોગ કરવા સંમતિ આપી હતી, પરંતુ ધનુષે મંજૂરી આપી ન હતી. ફિલ્મ વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ, ધનુષ અને નયનતારા વચ્ચે અહમની લડાઈના કારણે આ ઘટના બની છે. આ મામલે આગામી સમયમાં હજુ વધારે વિવાદ થવાની શક્યતા છે.

# તમન્નાએ કર્યું આજ કી રાત...નું સેલિબ્રેશન



મુંબઈ : તમન્ના ભાટિયાએ નજીકની ખાસ સખીઓ સાથ વીકેન્ડની યાદગાર ઉજવણી કરી હતી. તમન્નાએ 'ગર્લ ગેંગ' સાથે રાખેલી પાર્ટીમાં ડાન્સ, ડિનર અને મસ્તી સાથે સેલિબ્રેશન થયું હતું. કાજલ અગ્રવાલ, ડાયના પેન્ટી અને રવિનાની દીકરી રાશા થાડાનીએ તમન્ના ભાટિયાની મહેમાનગતિ માણી હતી. પાર્ટીમાં નાચતા-ગાતા સેલ્ફી અને ફોટોગ્રાફ્સ તેમણે ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. સોશિયલ મીડિયા પર શેર કરેલા ફોટોગ્રાફ્સમાં તમન્નાએ પોપ્યુલર ગીત 'આજ કી રાત...'ને કનેક્ટ કર્યુ હતું. કેપ્શનમાં તમન્નાએ લખ્યુ હતું કે, જ્યારે રવિવારે આજ કી રાત આવી જાય. 'સ્ત્રી ૨'માં તમન્નાએ પરફોર્મ કરેલું 'આજ કી રાત' ખૂબ પોપ્યુલર થયું છે. તમન્નાએ પોતાની ગર્લ ગેંગ સાથે આ ગીતની સફળતાને માણી હતી. કાજલે કોમેન્ટ સેક્શનમાં રવિવારની સાંજને સુપર ફન ઈવનિંગ ગણાવી હતી. ડાયનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આ પોસ્ટ શેર કરી હતી અને નાઈટ વિથ ગર્લ્સ તરીકે ઉલ્લેખ કર્યો હતો. તમન્નાની સાથે બોલિવૂડ સેલિબ્રિટીઝે યાદગાર સાંજ માણી હતી અને સોશિયલ મીડિયા પર પોતાના રીએક્શન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, 'સ્ત્રી ૨'માં આજ કી રાત રજૂ કરવાની સાથે તમન્નાએ શમાના કેરેક્ટરમાં એક્સટેન્ટેડ કેમિયો પણ આપ્યો હતો. આ હોરર કોમેડીમાં શ્રદ્ધા કપૂરનો લીડ રોલ હોવા છતાં સૌથી વધુ વખાણ તમન્નાના થયા હતા. આગામી સમયમાં તમન્નાની ફિલ્મ સિકંદર કા મુકદ્દર આવી રહી છે. ૨૯ નવેમ્બરે નેટફ્લિક્સ પર તેનું સ્ટ્રીમિંગ થવાનું છે.

# અસિત મોદી સાથેની લડાઈ મામલે દિલીપ જોશીએ તોડ્યું મૌન : કહ્યુ બધી વાતો અફવા

મુંબઈ : ટીવીની લોકપ્રિય કોમેડી સીરીયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા વિવાદોમાં ઘેરાયેલી છે. આ શો સાથે જોડાયેલા સ્ટાર્સ પણ એક પછી એક તેનાથી દૂર થઈ રહ્યા છે. ગઈકાલે એવી માહિતી મળી હતી કે જેઠાલાલની ભૂમિકા ભજવનાર દિલીપ જોષીએ નિર્માતા અસિત મોદી સાથે ઝઘડો કર્યો હતો. આ માહિતી પર પોતાનું મૌન તોડતા અભિનેતાએ પ્રતિક્રિયા આપી છે.શોની સ્ટાર કાસ્ટની અસિત મોદી સાથેની ચર્ચાને લગતી વાતો અવારનવાર ચર્ચામાં રહે છે. દિલીપ જોશી સાથેનો તેમનો વિવાદ પણ ચર્ચામાં આવ્યો હતો કારણ કે તે ૧૬ વર્ષથી આ સિરિયલનો ભાગ છે. લોકપ્રિય ટીવી અભિનેતા દિલીપ જોશીએ નિવેદન જારી કરીને સત્યનો પર્દાફાશ કર્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ



મુજબ જેઠાલાલનું પાત્ર ભજવતા દિલીપે એક નિવેદન જાહેર કર્યું છે. તેણે કહ્યું, 'હું બધી અફવાઓ વિશે બધું સાફ કરવા માંગુ છું. મારા અને અસિત ભાઈ વિશે એવી કેટલીક વાતો ચાલી રહી છે, જેમાં કોઈ સત્ય નથી. આવી ઘટનાઓ બનતી જોઈને મને ખૂબ દુઃખ થાય છે. આના જેવું કંઈક વિશે નકારાત્મકતા ફેલાવવી એ નિરાશાજનક છે. જેણે આટલા વર્ષોથી દર્શકોને ખુશીઓ આપી છે અને જ્યારે પણ તેના સંબંધિત અફવાઓ ઉડતી રહે છે, ત્યારે એવું લાગે છે કે આપણે સતત સમજાવીએ છીએ કે તે સંપૂર્ણપણે ખોટી છે. તે કંટાળાજનક છે કારણ કે તે ફક્ત આપણા વિશે નથી, તે બધા દર્શકો અને ચાહકો વિશે છે જે શોને પસંદ કરે છે.દિલીપ જોશીએ નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે તેમની અને અસિત મોદી વચ્ચે કોઈ લડાઈ નથી. જેઠાલાલની ભૂમિકા નિભાવી રહેલા અભિનેતાને લઈને પણ વિવિધ દાવાઓ કરવામાં આવે છે.






Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH


### અવકાશને બદલે પૃથ્વીને સમાંતર રોકેટ દોડાવવાની મસ્કની મહેચ્છા

# સ્ટારશિપ : દુનિયાને વધુ એક ચમત્કારનો ઈન્તજાર

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

સાયન્સને કારણે દુનિયાના દેશો વચ્ચેનું અંતર એર લાઈન્સની સેવાને કારણે કલાકોમાં કપાતું થઈ ગયું છે. પરંતુ સંશોધકો આટલેથી અટકયા નથી અને હવે દુનિયાના અગ્રણી ઉદ્યોગપતિ મસ્કે સ્ટારશીપની વાતો કરીને ઉત્તેજના વધારી દીધી છે. અત્યાર સુધી દુનિયાના એક દેશમાંથી બીજા દેશમાં ઝડપી મુસાફરી માટે વિમાનનો ઉપયોગ થતો હતો. જ્યારે અવકાશયાત્રા માટે રોકેટ બનાવાયું હતુ. પણ ઉદ્યોગપતિ ઈલન મસ્ક હવે દુનિયામાં મોટો ચમત્કાર સર્જવા માંગે છે. તાજેતરમાં જ તેમણે કરેલા દાવા પ્રમાણે હવે વિમાનને બદલે પૃથ્વી પર જ એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે રોકેટનો ઉપયોગ કરી શકાશે. લગભગ ૪૦૦ ફૂટ ઊંચાઈ ધરાવતું સ્ટારશિપ અત્યાર સુધીનું સૌથી મોટું અને સૌથી શક્તિશાળી રોકેટ છે. સામાન્ય રીતે રોકેટ પૃથ્વી પરથી છોડાય પછી પૃથ્વીથી દૂર અવકાશ તરફ ગતિ કરે છે. પરંતુ મસ્કની યોજના સ્ટારશિપ રોકેટને પૃથ્વીની સપાટીની સમાંતર ગતિ કરાવવાની અને પ્લેનની જેમ રોકેટમાં પણ લોકોને મુસાફરી કરાવવાની છે. ટ્રમ્પ દ્વારા એકસાથે ૧,૦૦૦ જેટલા મુસાફરોને સમાવી શકાય તેવી સ્ટારશિપની કલ્પના કરવામાં આવી છે.

જો આ યોજના ખરેખર અમલી બને કે સાકાર થાય તો વિમાનોમાં જે અંતર કાપવામાં કલાકો કે દિવસો નીકળી જાય છે તે જ અંતર માણસ ગણતરીની મિનીટોમાં કાપી શકશે. રોકેટને કારણે લંડનથી ન્યૂયોર્ક માત્ર ૨૯ મિનિટમાં પહોંચી શકાશે. જયારે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોથી દિલ્હી ૪૦ મિનિટમા પહોંચવું શક્ય બની શકે. અત્યારે ભારતથી અમેરિકા પહોંચતાં ૨૪ કલાકનો સમય લાગે છે ત્યારે એક કલાકથી પણ ઓછા સમયમાં અમેરિકા પહોંચી શકાય એવો ચમત્કાર કઈ રીતે થશે એવો સવાલ થવો સ્વાભાવિક છે. આ સવાલનો જવાબ મેળવવા માટે સ્ટારશિપ પ્રોજેક્ટને સમજવો જરૂરી છે. મસ્ક અર્થ ટુ અર્થ એટલે તે પૃથ્વીથી પૃથ્વીની સફર માટે સ્ટારશિપ રોકેટનો ઉપયોગ કરવાની મહેચ્છા ધરાવી રહ્યા છે. સામાન્ય રીતે રોકેટ પૃથ્વી પરથી છોડાય પછી પૃથ્વીથી દૂર અવકાશ તરફ ગતિ કરે છે. મસ્કની યોજના સ્ટારશિપ રોકેટને પૃથ્વીની સપાટીની સમાંતર ગતિ કરાવવાનો છે. તેથી પ્લેનની જેમ રોકેટમાં પણ લોકો મુસાફરી કરી શકશે.



અત્યારે હવાઈ મુસાફરી માટે વિમાનોનો ઉપયોગ થાય છે. આ વિમાનો એક કલાકે મહત્તમ ૧૦૦૦ કિલોમીટરની ઝડપે ઉડીને અંતર કાપી શકે છે. બોઈંગ સહિતની કંપનીઓ દ્વારા બનાવાયેલાં વિમાનો ૧૦૦૦ કિલોમીટર કરતાં વધારે ઝડપે દોડી શકતાં નથી. હવે ઈલન મસ્કની સ્પેસએક્સે બનાવેલું સ્ટારશિપ વિમાન નહીં પણ રોકેટ છે અને ૨૭ હજાર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભાગી શકે છે. સામાન્ય રીતે રોકેટનો ઉપયોગ અવકાશયાત્રા માટે થતો રહ્યો છે. પણ મસ્કની યોજના પૃથ્વી ઉપર જ એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે પણ રોકેટનો ઉપયોગ કરવાની છે. લગભગ ૪૦૦ ફૂટ ઊંચાઈ ધરાવતું સ્ટારશિપ અત્યાર સુધીનું સૌથી મોટું અને સૌથી શક્તિશાળી રોકેટ છે. સ્ટારએક્સ કંપનીનું વધુ ઉપયોગમાં લેવાતું ફાલ્કન ૯ રોકેટ ૨૨૯ ફૂટ ઊંચું છે અને એપોલો મિશનને ચંદ્ર પર લાવનાર સેટર્ન ફ રોકેટ ૩૬૩ ફૂટ ઊંચું હતું. સ્ટારશિપ મૂળ તો મંગળ ગ્રહ પર જવા માટે બનાવાયું હતું. પણ હવે તેનો ઉપેયોગ પૃથ્વી પર જ મૂસાફરી માટે થશે. સ્ટારશિપમાં ભાડા અંગે થયેલા અંદાજ પ્રમાણે સ્પેસએક્સને સ્ટારશિપનો લોન્ચ દીઠ ખર્ચ ૨૦ લાખથી ૩૦ લાખ ડોલર જેટલો હશે. એક રોકેટમાં ૧૦૦૦ પ્રવાસીને બેસાડી શકાશે. એ જોતાં તેમની વચ્ચે ખર્ચને વહેંચવામાં આવે તો પ્રતિ પ્રવાસી ૩૦૦૦ ડોલરનો ખર્ચ થશે. મસ્કની કંપની તેમાં પોતાના નફાના ૨૦૦૦ ડોલર ઉમેરે તો પણ ૫૦૦૦ ડોલર એટલે કે, ભારતીય ચલણમાં ચાર લાખ રૂપિયાની આસપાસનો ખર્ચ થશે.

સ્ટારશિપની યોજનામાં કેટલાક વૈજ્ઞાનિક અવરોધો પણ છે. તેમાં સૌથી મોટો અવરોધ પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ બળ છે. પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ બળ કોઈ પણ ચીજને પૃથ્વીની સપાટી તરફ ખેંચી રાખે છે અને દૂર જવા માટે બળ લગાવવું પડે છે. વિજ્ઞાનીઓ કોઈ પણ ચીજને પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ બળથી દૂર કરવા માટે કેટલી તાકાત લગાવવી પડશે તેની ગણતરી કરતા હોય છે. પ્લેન કે રોકેટ વગેરે પણ ઉડાન ભરે ત્યારે કેટલી તાકાત લગાવવી પડશે એ પહેલેથી ગણતરી કરીને નક્કી કરાતું હોય છે. પૃથ્વીની સપાટીથી જેમ જેમ ઉપર જાઓ તેમ તેમ ગુરૂત્વાકર્ષણ બળની અસર ઘટતી જાય છે. મસ્ક આ સિધ્ધાંતનો ઉપયોગ કરીને સ્ટારશિપને ઉડાડશે તેમ મનાય છે. અલબત્ત મુસાફરોને લિફ્ટઓફ અને લેન્ડિંગ દરમિયાન તીવ્ર ગુરૂત્વાકર્ષણ બળનો અનુભવ થશે. એક વાર સ્ટારશિપ પૃથ્વીને સમાંતર દોડવા માંડે ત્યારે એટલે કે, ફ્લાઈટની મધ્યમાં ઓછું ગુરુત્વાકર્ષણ લાગશે પણ ત્યારે પણ મુસાફરોએ સીટ બેલ્ટ બાંધી રાખવા પડશે.

DF41 મિસાઈલ સૌથી જોરદાર ગણાય છે. ચીનની સૌથી અદ્યતન અને સૌથી ઝડપી ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ એવી DF41 મેક ૨૫ આશરે ૩૦,૬૨૫ કિમી/કલાક અથવા ૧૯,૦૩૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે ભાગે છે અને અને ૧૫,૦૦૦ કિમીની રેન્જને આવરી લે છે. સ્ટારશિપ ૨૭,૦૦૦ કિમી/કલાકની ઝડપે ભાગી શકે છે અને હાલમાં લગભગ ૧,૦૦૦ કિમી/કલાકની ઝડપે ભાગતી સૌથી ઝડપી કોમર્શિયલ એરલાઈનર્સ કરતાં બહુ આગળ છે. સ્ટાર શિપ વિમાન કરતા ૨૨ ગણી ઝડપી મુસાફરી કરાવી શકશે અને સમય ૯૫ ટકા ઘટાડી દેશે. મસ્કનું સ્ટારશિપ ૩૯૬ ફૂટ લંબાઈ ધરાવતું સ્ટેનલેસ સ્ટીલનું બનેલું રોકેટ છે. આ રોકેટનું પ્રવાસીઓ સાથેનું કુલ વજન ૧૦૦ ટનથી ઓછું હશે. તેથી પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ બળ ઓછું લાગશે. સ્ટારશિપને પહેલેથી પ્રોગ્રામ્ડ કરીને એક સ્થળેથી બીજા સ્થળે મોકલવામાં આવશે. તેથી પાયલોટની પણ જરૂર નહીં પડે. ડિઝનીના સ્પેસ માઉન્ટેન રોલર કોસ્ટર સાથે સરખામણી કરીને મસ્કે ફ્લાઈટ્સ દરમિયાન સલામતી ઉપર મહત્તમ ભાર મૂકીને કહ્યું હતું કે, મુસાફરો મર્યાદિત રહેશે.

હાલ તો આ વાત સાંભળનારના મનમાં સવાલો ઉઠી રહ્યા છે. પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસમાં સત્તા સંભાળવાની તૈયારી કરી છે. તેથી ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન ૨૦૨૫માં ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સને તેના મહત્વાકાંક્ષી 'અર્થ ટુ અર્થ' મુસાફરીના સ્ટારશિપ પ્રોજેક્ટને મંજૂરી આપે તો સપનું ગણાતી આ વાત હકીકત બની શકે છે. જો આ ચમત્કાર સર્જાય તો માત્ર ૪૦ મિનિટમાં જ ભારતથી અમેરિકા પહોંચવાનું શક્ય બનશે. અમેરિકામાં પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પ ફરી ચૂંટાતાં જ ઈલોન મસ્કના મહત્વાકાંક્ષી સ્ટારશિપ પ્રોજેક્ટને મંજૂરી મળી જશે એવો સંકેત મળ્યો છે. આ સંકેત બીજા કોઈએ નહીં પણ મસ્કે પોતે આપ્યો છે અને કહ્યું છે કે, એકાદ-બે વર્ષમાં જ પૃથ્વીના એક છેડેથી બીજા છેડે મિનિટોમાં પહોંચી જવાય એવું શક્ય બનશે. બિલિયોનેર ઈલોન મસ્ક ભારતીય મૂળના બિઝનેસમેન અને રાજકારણી વિવેક રામાસ્વામી સાથે મળીને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીનું સહ-નેતૃત્વ કરવાના હોવાથી મસ્ક પોતે સરકારનો હિસ્સો હશે. આથી સ્ટારશિપ પ્રોજેક્ટને મંજૂરી મળવાના સંજોગો છે. ટ્રમ્પને મસ્કે ચૂંટણી સમયે ભરપુર મદદ કરી છે. તેથી પ્રોજેકટમાં તેઓ આડખીલી બની તેવી પણ શક્યતા નથી.

**ઈલેન મસ્કની યોજના સ્ટારશિપ રોકેટને પૃથ્વીની સપાટીની સમાંતર દોડાવીને તેમાં લોકોને મુસાફરી કરાવવાની છે. જો આ યોજના સાકાર થાય તો લંડનથી ન્યૂયોર્ક માત્ર 29 મિનિટમાં અને સાન ફ્રાન્સિસ્કોથી દિલ્હી માત્ર 40 મિનિટમાં પહોંચી શકાશે**

# કેનેડામાં ગેસના ભાવમાં ભારે ઘટાડા પછી ઓક્ટોબરમાં ફુગાવો ૨% સુધી વધી ગયો

## શાકભાજી અને સાચવેલા ફળોના ઊંચા ભાવની પણ અસર વર્તાઈ

**ટોરોન્ટો**

કેનેડાનો ફુગાવાનો દર ઓક્ટોબરમાં બે ટકા જેટલો વધી ગયો હોવાનું સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ મંગળવારે જણાવ્યું હતું. ગેસના ભાવમાં ભારે ઘટાડાને કારણે ગ્રાહક ભાવ સૂચકાંક અગાઉ સપ્ટેમ્બરમાં ૧.૬ ટકા પર પહોંચ્યો હતો.

ઓકટોબરમાં ગેસના ભાવમાં ફી ઘટાડો થયો હતો. જો કે, થોડા અંશે અને ગેસોલિનને બાકાત રાખવા સાથે, તમામ વસ્તુઓનો ફુગાવો સપ્ટેમ્બર અને ઓગસ્ટની જેમ જ ૨.૨ ટકા ઉપર આવ્યો હતો. પ્રોપર્ટી ટેક્સે પણ હેડલાઈન ફુગાવાને આગળ વધાર્યો હતો. ૧૯૯૨ પછી સૌથી વધુ વાર્ષિક વધારા સાથે, એક વર્ષ અગાઉના સમાન સમયગાળા દરમિયાન ૪.૩ ટકાના વધારાની સરખામણીમાં છ ટકાનો વધારો થયો હતો. ઑક્ટોબરની સીપીઆઈ અપટિક પ્રથમ વખત દર્શાવે છે કે વાર્ષિક ફુગાવાના દરમાં મે મહિનાથી વધારો થયો છે, જો કે પાછલા મહિનાના ધાર્યા કરતાં વધુ તીવ્ર ઘટાડા પછી આ મોટાભાગે અપેક્ષિત હતું. બેંક ઓફ મોન્ટ્રીયલના મુખ્ય અર્થશાસ્ત્રી ડગ્લાસ પોર્ટરે સીબીસી સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, તે કોઈપણ રીતે આઘાતજનક નથી, પરંતુ મને લાગે છે કે તે વાસ્તવિકતાની થોડી નજીક છે કે આ ફુગાવા માટે દક્ષિણ તરફની એક-માર્ગીય સફ નથી. અહીં બે મોટા પરિબળો પ્રોપર્ટી ટેક્સમાં મોટો વાર્ષિક વધારો અને ગેસોલિનના ભાવમાં થોડો બેકઅપ હતો. તે સિવાય, ફુગાવો ખરેખર પ્રમાણમાં મધ્યમ રહ્યો હતો. બેન્ક ઓફ કેનેડાના ફુગાવાના મુખ્ય પગલાં ૨.૫ ટકાની આસપાસ આવ્યા હતા.

# ટોરોન્ટોમાં હેવી ડયુટી ટ્રકને સાઇડ ગાર્ડ સાથે રિટ્રોફિટ કરવા શાસકોની વિચારણા

**ટોરોન્ટો**

ટોરોન્ટો સાઈકલસવારો અને રાહદારીઓનું રક્ષણ કરવા માટે શહેરની માલિકીની તમામ હેવી ડયુટી ટ્રકને સાઈડ ગાર્ડ સાથે રિટ્રોફિટ કરવા ઈ ૫.૬ મિલિયન ખર્ચવાનું વિચારી રહ્યું છે, એવું મેયર ઓલિવિયા ચાઉએ કહ્યું છે. સિટી સ્ટાફે ભલામણ કરી કે ટોરોન્ટો ૨૦૨૬ સુધીમાં તેના તમામ ૫૦૦ હેવી ડયુટી વાહનોને રિટ્રોફિટ કરે. શહેરમાં પહેલેથી જ ૩૦ વાહનો પર સાઈડ ગાર્ડ લગાવવામાં આવ્યા છે. બીજા ૨૧૯ને આગામી વર્ષમાં સાઈડ ગાડર્સ સાથે રિટ્રોફિટ કરવામાં આવશે એવો અંદાજ છે. શહેરના સ્ટાફે જણાવ્યું હતું કે, એક વાહનને રિટ્રોફિટ કરવાનો ખર્ચ ઈ૧૦,૦૦૦ અને ઈ૧૧,૦૦૦ની વચ્ચે છે. સિટી કાઉન્સિલની ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ એન્વાયરમેન્ટ કમિટી દ્વારા ૨૭ નવેમ્બરે અને ૧૭ ડિસેમ્બરે કાઉન્સિલ પોતે આ મુદ્દે સ્ટાફ રિપોર્ટ પર વિચાર કરશે. બાજુના રક્ષકો રક્ષણાત્મક રેલિંગ અથવા ત્રણ લાંબા સ્ટીલ બાર છે, જે મોટા ટ્રકની બાજુઓ પર લગાવવામાં આવે છે જે એક્સેલ વચ્ચેની જગ્યાને અવરોધે છે. બાજુના રક્ષકો અથડામણ દરમિયાન સાયકલ સવારો અને રાહદારીઓને ટ્રકના પૈડા નીચે ખેંચાતા અટકાવવામાં મદદ કરે છે. સાઈડ ગર્ડને લેટરલ પ્રોટેક્ટિવ ડિવાઈસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# સાયલામાં બે જૂથ વચ્ચે અથડામણમાં 6 લોકો ઈજાગ્રસ્ત, 3ની હાલત ગંભીર

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં જૂથ અથડામણની ઘટના બની છે. જેમાં બંને જૂથના છ જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા હતાં, જેમાંથી ત્રણ લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવીને સ્થિતિને કાબુમાં લીધી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી.

મળતી માહિતી પ્રમાણે, સાયલાની જસાપર ચોકડી પાસે આ જૂથ અથડામણની ઘટના ઘટી હતી, જેમાં એક જ જ્ઞાતિના બે જૂથો સામસામે આવી જતાં છ જેટલાં લોકોને ઈજાગ્રસ્ત પહોંચી હતી. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સાયલાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં છે. જેમાંથી ત્રણ શખસની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે સુરેન્દ્રનગર મોકલવામાં આવ્યા છે. જ્યારે કયા કારણોસર જૂથ અથડામણની ઘટના બની તે જણાઈ આવ્યું નથી. જો કે, જૂથ અથડામણની ઘટનાને પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈને સાયલા પોલીસે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# 'ખેડૂતોને તમે હેરાન શું કામ કરો છો.', સાંસદ ભરત સુતરીયાએ અધિકારીઓને ખખડાવ્યા

**અમરેલી**

અમરેલીમાં જીએસટી વિભાગના અધિકારીઓએ ખેડૂતોને અટકાવી ડોક્યુમેન્ટ માંગતા હોવાની જાણ થતાં સાંસદ ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા. જેમાં સાંસદ ભરત સુતરીયા અને જીએસટી વિભાગના અધિકારીઓ સાથેની રકઝક થઈ હતી. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં ભરત સુતરીયા જીએસટીના અધિકારીઓને ખખડાવતા જોવા મળે છે.

અમરેલીમાં બાયપાસ નજીક જીએસટી વિભાગના અધિકારીઓનું પસાર થતાં વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જીએસટી અધિકારીઓ દ્વારા ખેડૂતોના વાહનો રોકીને ડોક્યુમેન્ટ માગતા હોવાની સાંસદ ભરત સુતરીયાને રજૂઆત કરી હતી. જેના પગલે સાંસદ સ્થળ પર દોડી પહોંચ્યા હતા અને ખેડૂતોનું ચેકિંગ માટે રોકવા નહીં તમે કહીને જીએસટી અધિકારીને ખખડાવ્યા હતા. વીડિયોમાં જીએસટી અધિકારીઓને સાંસદ ભરત સુતરીયા બોલી રહ્યા છે કે, તમે અહીંથી પસાર થતાં ખેડૂતોને રોકીને તેમની પાસે ડોક્યુમેન્ટ માગો છે, તમને ખ્યાલ આવી જવો જોઈએ કે કોણ ખેડૂતો છે ને કોણ વેપારી. તમે આવી રીતે ખેડૂતોને ગમે ત્યાં કેમ ઊભો રાખી છો? આ દરમિયા સાંસદ ગરમ થઈને બોલ્યાં કે, એફઆઈઆર કરવાની હોય તો મારા નામે કરી નાખો, પણ ખેડૂતોને ખોટી રીતે હેરાન ન કરો. આ ઉપરાંત અધિકારીઓએ 7/12ની નકલ માંગતા સાંસદે જણાવ્યું હતું કે, ખેડૂત સાંજે ક્યાંથી 7/12 કાઢી લાવે? કોઈ ખેડૂતની પાસે 7/12 જોડે ન હોય.

# સ્કૂલ-કોલેજની ફીના નામે ઠગાઈ : છ રાજ્યોની 100 યુવતીઓ ભોગ બની

**અમદાવાદ**

ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમના હેલ્પ લાઈન નંબર 1930 ઉપર એક યુવતીએ ફોન કરીને મદદ માગી હતી. યુવતીએ ફરિયાદ કરી હતી કે, તેનું વોટ્સએપ હેક કરીને તેના મિત્રો અને સ્વજનો પાસેથી કોઈ વ્યક્તિએ પૈસા પડાવ્યા હતા. ફી ભરવા માટે પૈસાની જરૂરિયાત છે તેવું બહાનું બતાવીને પૈસા મેળવી લેવામાં આવ્યા હતા. સ્ટેટ સાયબર ક્રાઈમ સેલની તપાસ દરમિયાન એક મોબાઈલ નંબર અને એસ.બી.આઈનો એક બૅંક એકાઉન્ટ નંબર મળ્યો હતો કે જેમાં ફીના બહાને છેતરપિંડીથી મેળવવામાં આવેલા પૈસા ટ્રાન્સફર કર્યા હતા. સીઆઈડીના સાયબર ક્રાઈમ સેલે વિશેષ તપાસ કરતાં આ મોબાઈલ નંબરથી ગુજરાત જ નહીં દેશના અડધો ડઝન રાજ્યમાં અનેક યુવતીઓના નામે આ પ્રકારે પૈસા પડાવવામાં આવ્યા હોવાની વિગતો ખુલી હતી. શકમંદ અંગે તપાસ કરતાં આ મોબાઈલ નંબર મધ્ય પ્રદેશના અનુપપુર જિલ્લાના નાના એવા બદરા ગામમાં સક્રિય હોવાનું જણાયું હતું. જે બાદ પ્રભાતકુમાર છોટેલાલ ગુપ્તા નામના આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. પ્રભાત ગુપ્તાએ પ્રાથમિક પૂછપરછમાં જ અત્યાર સુધીમાં સ્કૂલ-કૉલેજોની 100થી વધુ તરુણીઓ અને યુવતીઓને ટાર્ગેટ કરી છે.






# અમદાવાદમાં બિલ્ડરને ડિજિટલ અરેસ્ટ કરી એક કરોડથી વધુ રૂપિયા પડાવાયા

**અમદાવાદ**

શહેરના નારણપુરા વિસ્તારમાં રહેતા એક બિલ્ડરે ફેડેક્સ કુરિયરના પાર્સલમાં ડ્રગ્સ, પાસપોર્ટ જેવી શંકાસ્પદ ચીજવસ્તુઓ મોકલી હોવાથી ગુનો નોંધ્યો હોવાનું કહીને એનસીબીના નામે વિડીયો કોલ કરીને ગઠિયાઓએ બિલ્ડરને સતત ત્રણ દિવસ ડીજીટલ એરેસ્ટ કરીને 1.05 કરોડની રકમની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ સેલમાં નોંધવામાં આવી છે.

**મુંબઈમાં નાર્કોટિક્સની કચેરીએ ગુના નોંધાયો હોવાથી તમારે ત્યાં હાજર રહેવું પડશે કહીને બિલ્ડરને ડરાવાયા**

સૌથી ચોંકાવનારી વાત એ છે કે બિલ્ડરને શંકા જતા તેણે સાવચેતીના ભાગરૂપે પોતાનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું. તેમ છતાંય, ઓનલાઈન છેતરપિંડી કરતી ગેંગના માણસોએ વેરિફીકેશનનું કહીને તેમની પાસેથી માતબર રકમ પડાવી લીધી હતી. શહેરના નારણપુરામાં આવેલી શીવ સંકલ્પ સોસાયટીમાં રહેતા 53 વર્ષીય કેતનભાઈ પટેલ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. ગત ત્રીજી જુલાઈના રોજ તેમને ફેડેક્સ કુરિયરથી ફોન આવ્યો હતો કે કેતનભાઈ પટેલના નામે એક પાર્સલ ઈરાન જતુ હતું. જેમાં પાસપોર્ટ, ડેબિટ કાર્ડ અને એમડી ડ્રગ્સ છે. આ સદર્ભમાં મુંબઈ નાર્કોટિક્સની અંધેરી સ્થિત ઓફિસમાં ગુનો નોંધાયો છે.

તેથી તમારે મુંબઈ હાજર થવુ પડશે અથવા ઓનલાઈન સ્ટેટમેન્ટની સાથે તપાસમાં સહયોગ આપવો પડશે. જો કે કેતનભાઈ કોઈ પાર્સલ મોકલ્યુ ન હોવાનું જણાવતા તેમને આ નિવેદન લખાવવાનું કહીને સ્કાય પેથી વિડીયો કોલ કરીને કહ્યું હતું કે તમારા નામે દેશમાં અલગ અલગ બેંકોમાં કરોડો રૂપિયાના ગેરકાયદેસર વ્યવહારો પણ થયા છે. જેથી કેતનભાઈને શંકા જતા તેમણે સાવચેતીના ભાગરૂપે કોલ કરીને તેમનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું. બીજી તરફ કોલ કરનાર પોલીસે બીજા દિવસે સવારે વિડીયો કોલથી વધુ પુછપરછ કરવાનું કહ્યું હતું. બીજા દિવસે એક અન્ય અધિકારીએ વિડીયો કોલ કરીને જણાવ્યું હતું કે આરબીઆઈના વેરિફીકેશન માટે તમારા બેંક એકાઉન્ટમાં રહેલા નાણાં તપાસવાના હોવાથી એક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરો. પરંતુ, કેતનભાઈ નાણાં ટ્રાન્સફર ન કરતા તેમને રાતના 11 વાગ્યા સુધી વિડીયો કોલથી ડીજીટલ એરેસ્ટ રાખ્યા હતા. તેમ છતાંય, ફરીથી ત્રીજા દિવસે વિડીયો કોલ કરીને તેમના આર્થિક વ્યવહાર ચેક કરવાનું કહીને તેમના એકાઉન્ટમાં રહેલા 1.09 કરોડ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહેતા કેતનભાઈ પાસે વિડીયો કોલ ચાલુ રખાવીને બેંકમાંથી આરટીજીએસથી રૂપિયા 1.05 કરોડ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવીને વેરીફિકેશન બાદ પરત કરવાનું કહીને ફોન કટ કરી દીધો હતો. જો કે ત્યારબાદ નાણાં પરત ન આવતા કેતનભાઈને છેતરપિડી થયાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# ચમકતી -દમકતી ત્વચા માટે ઉત્તમ દહીંના ફેસમાસ્ક

દહીં પોષક તત્વોથી ભરપુર હોય છે તેથી જ તેને સંપૂર્ણ આહારનો હિસ્સો માનવામાં આવે છે. તેમાં પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ અને અન્ય પોષક તત્વો સમાયેલા હોય છે. તેનું સેવન અનેક બીમારીઓમાં ફાયદાકારક હોવાની સાથેસાથે સૌંદર્ય નિખારમાં પણ મહત્વનો ભાગ ભજવે છે. દહીંના ફેસપેક ત્વચામાં નિખાર લાવવાની સાથેસાથે ચમકતી-દમકતી પણ કરે છે.

## ફટકડી અને દહીં

ફટકડીનો ભુક્કો, દહીં અને પાણી ભેળવીને પેસ્ટ બનાવવીય ટહેરાને ટોનરથી ટોન કરવોય ફેસ પેકને ચહેરા પર લગાડવું ખાસ કરીને ખીલ હોય ત્યાં લગાડવું. સુકાઇ જાય પછી ધોઇ નાખવું. ઘણા લોકોને ફટકડીની સાઇડ ઇફેક્ટ થવાની શક્યતા હોય છે. તેથી આ પેસ્ટમાંથી એક નાનો પેચ ટેસ્ટ હાથ પર કરવો. લગાડયા પછી બળતરા થાય તો ફેસપેકનો ઉપયોગ કરવો નહીં.

ફટકડી અને દહીં બન્ને પોતપોતાના ઔષધીય ગુણો માટે જાણીતા છે. ફટકડીમાં એન્ટીસેપ્ટિક અને એન્ટી-ઇફ્લેમેટરી ગુણ સમાયેલા હોય છે. જે ખીલ ઉત્પન કરનારા બેકટેરિયાનો નાશ કરે છે. તેમજ સોજા ઓછા કરવામાં મદદ કરે છે. દહીંમાં લેક્ટિક એસિડ સમાયેલું હોય છે જે એક કુદરતી એક્સફ્લોએન્ટ છે. જે ત્વચાને મુલાયમ બનાવે છે અન ડેડ સેલ્સને દૂર કરે છે. આ પેકના ઉપોગથી ત્વચા પરના રોમછિદ્રો બંધ નથી થઇ જતા અને ખીલનું જોખમ ઘટે છે. તેમજ ચહેરા પરના ડાઘ-ધાબા ઝાંખા કરવામાં મદદ કરે છે.



દહીમાં એન્ટી ઇફ્લેમેટરીના ગુણ હોય છે. દહીંમાં લેક્ટિક એસિડ સમાયેલું હોય છે જે એક કુદરતી એક્સફ્લોએન્ટ છે. જે ત્વચાને મુલાયમ બનાવે છે અનડેડ સેલ્સને દૂર કરે છે. આ પેકના ઉપોગથી ત્વચા પરના રોમછિદ્રો બંધ થતા નથી અને ખીલનું જોખમ ઘટે છે. તેમજ ચહેરા પરના ડાઘ-ધાબા ઝાંખા કરવામાં મદદ કરે છે.

## દહી-એલોવેરા પેક

એક બાઉલમાં દહી સાથે હળદર, એલોવેરા અને મધ ભેળવીને પેસ્ટ બનાવી ચહેરા પર લગાડવું અને સુકાઇ જાય એટલે હુંફાળા પાણીથી ધોઇ નાખી મોઇશ્ચરાઇઝર લગાડવું. ત્વચા મલાયમ રેશનજેવી થાય છે.

## દહીં અને જવનો લોટ

પા કપ દહીમાં બે જમચા જવનો લોટ, એક મચો મધ અને થોડો લીંબુનો રસ ભેળવી પેસ્ટ બનાવીચહેરા અને હાથ પર લગાડવાથી મૃત ત્વચા દૂર થાય છે. સસુકાિ જાય પછી ધોઇ નાખવું. ત્વચા પરના કાળા ધાબા પણ દૂર થાય છે.

## દહીં અને હળદર

દહીં અને હળદરની પેસ્ટ બનાવી ચહેરા પર લગાડવું અને સુકાઇ જાય પછી ધોઇ નાખવું. હુંફાળા પાણીથી ચહેરો ધોઇ નાખવો. ત્વચા ચમકીલી અને મુલાયમ થાય છે.

## દહીં અને મધ

બે ચમચા દહીમાં અડધો ચમચો મધ ભેલવીને ચહેરા પર લગાડવું. સુકાઇ જાય પછી ચહેરો સાફ કરવો. આ મિશ્રણમાં મધ હોવાથી મધ ત્વચાને નમી પ્રદાન કરે છે જેથી ત્વચા પર તાજગી આવે છે. રૂક્ષ ત્વચા ધરાવનારાઓ માટે આ રામબાણ ટિપ સાબિત થઇ છે.

## દહીં અને લીંબુનો રસ

પા કપ દહીમાં એક મોટો ચમચો લીંબુનો રસઅને બદામનું તેલ ભેળવું. એક કલાક સુધી ફ્રિજમાં રાખી દેવું. આ મિશ્રણથી હાથ પર મસાજ કરવો અને ૨૦ મિનીટ પછી ધોઇ નાખી હુંફાળા પાણીથી હાથ ધોઇ નાખવા. નખની આસપાસની ત્વચા સ્વચ્છ થઇ જાય છે.

પા કપ દહીમાં લીંનો રસ અને બે મોટા ચમચા જૈતૂનનું તેલ ભેળવવું આ પેસ્ટને વાળમાં તેમજ ચહેરા પર પણ લગાડવી. ડ્ધો કલાક પછી સ્નાન કરી લેવું. વાળ ખરવાની સમસ્યા દૂર થવાની સાથેસાથે ચહેરા પર પણ નિખાર આવશે.

## દહીં અને ચણાનો લોટ

ઓઇલી ત્વચા ધરાવનાર માટે આ એક પરફેક્ટ પે છે. બે ચમચા દહીંમાં એક મોટો ચમચો ચણાનો લોટ ભેળવી પેસ્ટ કરી ચહેરા પર લગાડવું. ત્વચા પરનું વધારાનું તેલ શોષાઇ જશે.

# પરાકાષ્ઠા પછી મને વિકનેસ જેવું લાગે છે, કઈ ખામી હશે... ?

**સવાલ : ૧૮ વર્ષનો હતો ત્યારે સાઇકલ વાગતાં એક વૃષણ પદ્ધતિ કામ કરતી બંધ થઇ ગઇ છે. સર્જન ડોક્ટરના કહેવા પ્રમાણે હું સંભોગ નિયમિત કરી શકીશ. અમુક વર્ષ પછી હું મારી બીજી વૃધિ કામ કરતી બંધ થઇ જશે અથવા નબળી પડી જશે? શું બંધ પડી ગયેલી વૃષણગ્રંથિને ફરી કાર્ય કરતી કરી શકાય? શું અમુક વર્ષ પાછી હું સંભોગ નહીં કરી શકું? અથવા નબળાઇ આવી જશે? હાલમાં જે નોર્મલ વૃષણગ્રંથિ છે તેને કાયમ માટે નોર્મલ (ક્રિયાશીલ) રાખવાનો ઉપાય શો?**

**જવાબ :** તમે સંભોગ નિયમિત કરી શકશો. આમ છતાં, તમારા મનમાં ઘણા પ્રશ્નો કરે છે. તમારી એક વૃષણગ્રંથિ જે ક્રિયાશીલ છે તે કુદરતના ક્રમમાં ક્રિયાશીલ રહેશે. કોઇ દવા-ઉપાય તેને કાયમ ક્રિયાશીલ રાખવાની ચિંતા કરવાની જરૂર નથી. તે હાલ ક્રિયાશીલ છે. તમે મૈથુન કરી શકવાને સક્ષમ છો, તેથી લગ્નજીવનમાં જાતીય સુખ આપવામાં અને પામવામાં તમને કોઇ બાધા આવશે નહિ. તમારે લગ્ન કરતાં પહેલાં તમારો 'સિમેન ટેસ્ટ' કરાવો. જો વીર્યજંતુઓ પર્યાપ્ત પ્રમાણમાં હોય તો તમે સંતાનના પિતા પણ બની શકવાની યોગ્યતા ધરાવો છો.

**સવાલ : ૨૨ વર્ષનો પરિણીત યુવાન છું. સમાગમ પછી ખૂબ જ થાક લાગે છે. સમાગમ પછી વીર્ય યોનિમાંથી બહાર નીકળી જાય છે. લગ્નને છ માસ થયા છે. હજી સુધી પત્ની ગર્ભવતી થઇ નથી. માર્ગદર્શન આપશો.**

**જવાબ :** સમાગમ પછી થોડો 'થાક' લાગે, શરીર બધી રીતે નિરોગી હોય પછી ચિંતા કરવાની જરૂર નથી. મૈથુનક્રિયા પછી તરત અલગ ન પડી જવું. થોડી મિનિટો તેવી સ્થિતિમાં જ શાંત પડયા રહેવું. તમે પત્નીથી છૂટા પડી જાઓ પછી પણ પત્નીને ચત્તી સૂતેલી જ સ્થિતિમાં દસ મિનિટ પડયા રહેવાની સૂચના આપવી. એક વાત સમજી લો- જે વીર્ય યોનિમાં ફેંકાય છે તેમાં વીર્યજંતુઓ તો દસ ટકા જેટલા જ હોય છે. સંખ્યા તે જંતુઓની કરોડોની હોય છે. તે ગર્ભાશય મુખ દ્વારા ગર્ભાશયમાં પ્રવેશે છે. થોડું વીર્ય બહાર નીકળી જવાની બાબત ગર્ભ રહેવાની દ્રષ્ટિએ મહત્ત્વની નથી. હજુ લગ્નને માત્ર છ જ મહિના થયા છે. તેથી ચિંતા ન કરો. એક-દોઢ વર્ષના લગ્નજીવન અને સહજીવન છતાં ગર્ભ ન રહે તો ગાયનેકોલોજિસ્ટને મળીને બન્નેની તપાસ કરાવવી.

**સવાલ : મને ઈન્દ્રિયનો એક્સિડન્ટ થયો છે. દવાઓ બહુ કરી છે. નસોમાં લોહી જામી ગયું છે. લોહી છૂટું પડે તેવી કોઇ ટેબ્લેટ અગર ટયુબ હોય તો જણાવશો.**

**જવાબ :** આ પહેલાં મારે એ જાણવું જરૂરી છે કે તમારી ઈન્દ્રિયમાં ક્યારેય પણ યોગ્ય ઉત્થાન થાય છે? સંભોગ કરી શકો તેની ઉત્તેજના આવે છે? ક્યારેક પણ પેશાબ કરતી વખતે, હસ્તમૈથુન કરતી વખતે, સવારે પથારીમાંથી ઊઠો ત્યારે થોડો વખત માટે સંભોગ કરી શકો એવી ઉત્તેજના આવતી હોય તો તમારી સમસ્યા શારીરિક નથી પણ માનસિક છે. તમને દવા-ગોળીની કોઇ આવશ્યક્તા નથી અને આ સમસ્યા માનસિક છે. અને તેનું નિવારણ તે રીતે થવું જોઇએ. જો યોગ્ય ઉત્તેજના ક્યારેય ન આવતી હોય તો એ સમસ્યા શારીરિક છે અને એનો યોગ્ય ઉપચાર શારીરિક તપાસ પછી જ થઇ શકે.




**સવાલ : મારાં લગ્ન થયાને બે વર્ષ થયાં છે. એક બાળકની હું માતા છું. મારી ઉંમર ૨૮ વર્ષની છે. મને મૈથુન વખતે પરાકાાનો અનુભવ થાય છે ત્યારે ઘણા જ સુખનો અનુભવ થાય છે, પણ તે વખતે મારા પગમાં તે કંપતા હોય તેવું વિચિત્ર સંવેદન થાય છે. પરાકાષ્ઠા પછી મને વિકનેસ જેવું લાગે છે, પણ પછી કંઈ નહીં. મને આવું પહેલેથી જ થાય છે. શું મારામાં કોઈ ખામી છે? જો ખામી હોય તો મારે માટે યોગ્ય ઉપચાર બતાવવા વિનંતી.**

**જવાબ :** પહેલાં તો મનમાંથી ચિંતા દૂર કરો. તમારામાં કોઇ ખામી નથી. તમને થાય છે તેવું ઓછું કે વધતું ઘણાને થતું હોય છે. કામોત્તેજના વધવા માંડે તેની સાથે શરીરની માંસપેશીઓમાં તનાવ (ટેન્શન) પણ વધવા માંડે છે. પરાકાષ્ઠા (ઓર્ગેઝમ)ની ક્ષણોમાં આ તનાવ પણ ઘણો જ તીવ્ર હોય છે. પરાકાષ્ઠા આવી જતાં તે તનાવની સંગતા ત્વરાથી ઓસરી જાય છે. કોઇના પગોમાં આ તનાવ વિશેષરૂપે હોય અને પરાકાાની ક્ષણોમાં અને ખાસ તો પરાકાા સાવ સમીપ આવી ગઇ હોય તે ક્ષણોમાં કંપ- ધ્રુજારી જેવું સંવેદન થાય. પગમાં ઓચિંતા અને જોરદાર સ્પેઝોડિક જર્ક્સનો અનુભવ કેટલાકને થતો હોય છે. આ કોઇ ખામી નથી. તેથી તેના ઉપાયની ચિંતા કરવાની જરૂર નથી. આ બાબતને બીજી રીતે સમજાવી શકાય. કામોત્તેજના વધતાં બ્લડપ્રેશર વધે છે. પરાકાાની અંતિમ ક્ષણો આવતાં બ્લડપ્રેશર જનન અવયવો અને સમગ્ર દેહમાં વધી જાય છે. પરાકાા પસાર થઇ જતાં ત્વરાથી પ્રેશર ઘટી જાય છે.

**સવાલ : હું વય ૨૫ વર્ષની છે. લગ્નને ૬ વર્ષ થઇ ગયાં છે. એક પાંચ વર્ષની પુત્રી છે. મારું વજન ૫૦ કિલો છે. મારે સ્તનોને મોટી અનેકઠણ કરવાં છે. મેં સાંભળ્યું છે કે મુંબઇમાં કોઇ પ્રાઇવેટ હોસ્પિટલમાં ઇન્જેક્શન આપીને સ્તનોને મોટાં કરવાનો ઉપચાર કરવામાં આવે છે. યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતી.**

**જવાબ :** કોઇ ક્રીમ, લોશન કે તેલથી માલિશ કરવાથી સ્તનો મોટાં થતાં નથી. કોઇ ખાસ પ્રકારની કસરતોનાં સાધનોથી પણ બ્રેસ્ટ મોટાં કે કઠણ થતાં નથી કેમ કે સ્તનો મુખ્યત્વે ચરબી (ફેટ)ના કોષોમાંથી બનેલાં હોય છે. હોર્મોન્સના ઇન્જેક્શન આપવાથી શરીરમાં નમક (સોડિયમ ક્લોરાઇડ) અને પાણીનો સંગ્રહ (રિટેન્શન) થવાથી શરીર ફૂલી જાય. આમ અંતઃત્રાવોથી આવા પાણી-નમકનો સંગ્રહ થવાથી બ્રેસ્ટ પણ મોટાં અને ફૂલેલાં લાગે, પણ તે કંઈ મેદધાતુ વધવાથી ખરેખર મોટાં થયાં નથી હોતાં. સ્ટેરોઇડ્ઝ બંધ કર્યા પછી તે વૃદ્ધિ કરી જાય. સ્ટેરોઇડ્ઝનો ઉપયોગ હાનિકારક છે. પ્રવાહી સિલિકોન બ્રેસ્ટમાં આપવાના ઉપચારનો યુએસએમાં નિષેધ (મનાઇ) છે કેમ કે તેમાં ગંભીર આરોગ્યહાનિના ભયસ્થનો રહેલા છે. સિલિકોન જેલને (ઇમ્પ્લાન્ટ્સ) બ્રેસ્ટ ટિસ્યુની નીચે મૂકવાની ક્રિયા સર્જરીથી કરવામાં આવે છે. આ ગંભીર પ્રકારની સર્જરી- કોસ્મેટિક સર્જરી (ઓગમેન્ટેશન મેમોપ્લાસ્ટી) કરનાર નિષ્ણાત સર્જનો હોય છે. આવી સર્જરીનાં ભયસ્થાનો પણ છે જ.

# ગુજરાતમાં કાયદો વ્યવસ્થા ખાડે : 24 દિવસમાં 18 હત્યા

## રાજ્ય ગૃહવિભાગ પ્રજાને સુરક્ષા-સલામતી પુરી પાડવામાં સદંતર નિષ્ફળ નિવડ્યું, અમદાવાદમાં 20 દિવસમાં 9 હત્યાઓ થઈ

**અમદાવાદ**

અમદાવાદ સહિત ગુજરાતમાં હત્યાની ઘટનાઓ નોંધાઈ રહી છે તે પરથી એ વાત સ્પષ્ટ થઈ છે કે, રાજ્યમાં કાયદો વ્યવસ્થા ભાંગી પડી છે. એક બાજુ અસામાજીક તત્ત્વોને જાણે પોલીસનો ડર જ રહ્યો નથી, ત્યારે બીજી તરફ, ગૃહમંત્રી મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારમાં મગ્ન બન્યાં છે. ગુજરાતમાં માત્ર 24 દિવસમાં જ 18 હત્યા થઈ છે. રાજ્ય ગૃહવિભાગ પ્રજાને સુરક્ષા-સલામતી પુરી પાડવામાં સદંતર નિષ્ફળ નિવડ્યું છે.



છેલ્લાં કેટલાંય દિવસોથી રાજ્યમાં ધોળે દિવસે હત્યાઓ થઈ રહી છે જે ચિંતાનો વિષય છે. ભાજપના રાજમાં અસામાજીક તત્ત્વો-બુટલેગરોને જાણે મોકળુ મેદાન મળ્યુ છે. ગુંડા-અસામાજીક તત્ત્વોને ખાખી વર્દી કે કાયદાનો જરા પણ ડર રહ્યો નથી. ગૃહમંત્રીનો પણ એક જ તકીયાકલામ રહ્યો છે કે, કાયદામાં રહેશો તો, ફાયદામાં રહેશો. પણ ચિંતા એ છે કે, ગુજરાતમાં દિવસે દિવસે હત્યાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં અમદાવાદમાં બૂટલેગરોએ યુવકની હત્યા કરી દીધી હતી. વલસાડમાં કોલેજીયન યુવતીનું દુષ્કર્મની કરી કરપીણ હત્યા કરી નાખી હતી. બોપલમાં પોલીસ કોન્સ્ટેબલે વિદ્યાથીની સરેઆમ હત્યા કરી દીધી. આ ઉપરાંત પોલીસની હાજરીમાં પૂર્વ કોપીરટરના પુત્રની હત્યા કરી નંખાઈ હતી. ક્રુર હત્યાની ઘટનાઓ બાદ પણ સરકારના પેટનું પાણી હાલતું નથી. શું આજે ગુજરાતનું સુરક્ષા મોડલ? ગુજરાતમાં હત્યા, ધાડ, ખંડણી સહિતના ગંભીર ગુનાઓ માટે ભાજપ સરકારની ઢીલી નિતિ જવાબદાર છે તેવો આક્ષેપ કરતાં કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું કે, 'સરકાર-પોલીસના પાપે ગુજરાતની 6 કરોડ જનતા ભોગ બની રહી છે. ધોળા દિવસે હત્યાને અંજામ આપનારાઓ ખુલ્લેઆમ ખૂની ખેલ ખેલી રહ્યાં છે. સરકાર માત્ર ને માત્ર જાહેરાતોમાં જ સુરક્ષિત છે. બાકી ગુજરાતની પ્રજાનો અસલામતી અનુભવી રહી છે. છેલ્લાં 24 દિવસમાં ગુજરાતમાં 18 હત્યા પોલીસ ચોપડે નોંધાઈ છે. જ્યારે માત્ર 10 મહિના જેટલા ટૂંકા ગાળામાં અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં 78 લોકોના ખૂન થયાં છે. અમદાવાદ, અમરેલી, રાજકોટ, બોટાદ, ભાવનગર, સુરત, મહેસાણા, વલસાડ, સુરત, પાટણ અને વડોદરામાં હત્યાની ઘટના સામે આવી છે. અમદાવાદમાં દિવાળીના તહેવારથી અત્યાર સુધીના 20 દિવસમાં 9 જેટલી હત્યાઓ થતા કાયદો અને વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા છે.

# અમદાવાદની હોસ્પિટલની ક્રૂરતા લાશ લઈ જવા પહેલાં પૈસા માગ્યા

**અમદાવાદ**

અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં એમ કહીને મૃતદેહ તેમના સ્વજનોને સોંપવાથી ઈનકાર કર્યો હતો કે,'વધારાનો ચાર્જ ચૂકવશો તો જ મૃતદેહ લઈ જવા દેશું.'

જજીસ બંગલોમાં રહેતાં વૃદ્ધા પુષ્પાબેન દરજીને હાર્ટ એટેક આવતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. સારવાર દરમિયાન જ તેમનું મૃત્યુ નિપજ્યું હતું. સ્વજનો જ્યારે મૃતદેહને લેવા ગયા તો હોસ્પિટલ દ્વારા એમ કહેવામાં આવ્યું કે, 'પહેલા રૂપિયા 1.65 લાખનું બિલ ચૂકવો અને પછી જ મૃતદેહ લઈ જઈ શકાશે.'

સ્વજનો જ્યારે રૂપિયા 1.65 લાખનું બિલ ચૂકવીને ફરીથી મૃતદેહ લેવા માટે ગયા તો હોસ્પિટલ દ્વારા એવો જવાબ અપાયો કે, 'દિવસ દરમિયાન તબીબે મુલાકાત લીધી હોવાથી 23 હજારનો બીજો અન્ય ચાર્જ ઉમેરાયો છે. આ ચાર્જ ચૂકવ્યા બાદ જ મૃતદેહ લઈ જઈ શકશો.'

હોસ્પિટલે આ રીતે વધારાનો ચાર્જ ઉમેરતાં મૃતકના સ્વજનોએ હોબાળો મચાવ્યો હતો. મૃતકના સ્વજને કહ્યું કે, 'સવારે મૃત્યુ થઈ ગયા બાદ અમે તમામ ચાર્જ ચૂકવી દીધો હતો.

# સુરત-વડોદરા હાઈવે ઉપર અકસ્માત, બદલીનો ઓર્ડર લેવા જતા વીજ કંપનીના બે કર્મીના મોત

### પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક અને બાઇક તથા અન્ય એક વાહન વચ્ચે ભયાનક ટક્કર થઇ

**અમદાવાદ**

રાજ્યભરમાં દરરોજ અકસ્માતોના બનાવવામાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતના હાઈવે લોહીયાળ બનતા જાય છે. ત્યારે સુરત-વડોદરા હાઈવે પર ટ્રિપલ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં બે જીઈબી કર્મચારીઓના મોત મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જાતા આસપાસમાંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. તો બીજી તરફ ટ્રિપલ અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ સર્જાયો હતો. જોકે પોલીસે ભારે જહેમત બાદ ટ્રાફિકને દૂર કરી ફરીથી હાઈવે શરૂ કરાવ્યો હતો.

સુરત-વડોદરા હાઈવે પર સાવા પાટિયા વિસ્તારમાં પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક અને બાઈક તથા અન્ય એક વાહન વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બે જીઈબીના કર્મચારીઓના મોત નિપજ્યા હતા. અમોલ પાટીલ અને પ્રજ્ઞેશ પટેલ સુરતથી વડોદરા બદલીનો ઓર્ડર લેવા જઈ રહ્યા તે દરમિયાન અકસ્માતનો ભોગ બન્યા હતા.

ટ્રક અને બાઈક વચ્ચે ટક્કર થતાં આસપાસમાંથી લોકોના ટોળેટોળા દોડી આવ્યા હતા. મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જતાં અને વાહનોની લાંબી લાઈનો લાગતાં સુરત-વડોદરા હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે પોલીસે ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ રસ્તો ખુલ્લો કરાવી ટ્રાફિકને મેનેજ કરી હાઈવે શરૂ કરાવ્યો હતો. પોલીસે હાલમાં અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હવેથી જંત્રીના 10 ટકા વસૂલ કરીને જમીન બિન ખેતી કરાવી શકાશે, સરકારનો નિર્ણય

**અમદાવાદ**

ગુજરાતમાં રિવાઈઝડ બિન ખેતી (N.A.)ની પરવાનગી અને રિડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં સમાજના વિવિધ વર્ગો દ્વારા થયેલી રજૂઆતો બાદ તેમણે મહેસૂલ વિભાગને દિશા નિર્દેશો આપ્યા છે. જે હેઠળ હાલની જંત્રી કિંમતના 30 ટકાના બદલે 10 ટકા વસૂલ કરીને હેતુફેર કરવામાં આવશે. જેમાં રાજ્યમાં કોઈપણ હેતુ માટે અગાઉ N.A. થયેલી જમીનની કોઈપણ દરખાસ્ત પુન: હેતુફેર માટે જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ થાય ત્યારે, જો પ્રીમિયમ વસૂલાત પાત્ર હોય અને અગાઉના બિન ખેતીના નિર્ણય વખતે પ્રીમિયમ વસૂલ કરવાનું રહી ગયું હોય, તેવા કિસ્સામાં હાલ આવું પ્રીમિયમ પ્રવર્તમાન જંત્રી દરના 30% પ્રમાણે વસૂલ કરવાની પ્રથા અમલમાં છે. ભૂતકાળમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર અને નવી અને અવિભાજ્ય શરતની જમીનમાં પ્રીમિયમની રકમ વસૂલવાપાત્ર હતી, પણ તે રકમ વસૂલ લીધા વિના બિન ખેતી પરવાનગી આપવામાં આવેલ હોય તેવી જમીનમાં હવે હાલના અરજદાર/કબ્જેદાર પાસેથી પ્રવર્તમાન જંત્રી કિંમતના 10% પ્રીમિયમની રકમ વસૂલ કરીને રિવાઈઝડ બિન ખેતીની પરવાનગી આપવામાં આવશે. જો કે, જે કિસ્સાઓમાં પ્રીમિયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયેલો હોય તેવા કિસ્સાઓમાં આ નિર્ણય લાગુ કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં રિવાઈઝડ બિન ખેતી પરવાનગીની પ્રક્રિયામાં પારદર્શિતા અને ત્વરિતતા આવશે તેમજ રિડેવલપમેન્ટ પ્રક્રિયાને પણ વેગ મળશે.

# સુરતમાં રૂ.1.53 કરોડના MD ડ્રગ્સ સાથે પાંચ શખ્સ ઝડપાયા

**સુરત**

સુરત ક્રાઈમ બ્રાન્ચે કોસંબાના બે યુવાન તામીર શેખ અને સાહીલ દિવાનને ઝડપી પાડી તેમની પાસેથી ડ્રગ્સ ઉપરાંત બાઈક, બે મોબાઈલ ફોન અને રોકડા રૂ.2 હજાર મળી કુલ રૂ.97,99,400નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા તામીર શેખ અને કોસંબામાં બુટ ચંપલની દુકાનમાં નોકરી કરતા સાહીલ દિવાનની ક્રાઈમ બ્રાન્ચે પુછપરછ હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાન્ચની આ કામગીરી દરમિયાન જ વધુ એક બાતમી મળી હતી કે વેડરોડ સાબરીનગરમાં રહેતો અને વરીયાવી બજાર મેઈન રોડ ઉપર છેલ્લા આઠ વર્ષથી મી.કોકોના નામે રેડીમેઈડ કપડાંની દુકાન ચલાવતો ધો.10 પાસ મોહમદ તૌસીફ ઉર્ફે તૌસીફ કોકો તેના મિત્રો ઈરફાન પઠાણ અને અસ્ફાક કુરેશી સાથે મુંબઈથી એમ.ડી. ડ્રગ્સનો જથ્થો લઈ કાર ( નં.જીજે-01-સીવી-2370)માં નવસારી થઈ સુરતમાં આવે છે.આથી ક્રાઈમ બ્રાન્ચે સચીન કપલેથા ચેક પોસ્ટ પાસે વોચ ગોઠવી રૂ.55,48,200 ની મત્તાના 554.82 ગ્રામ એમ.ડી.ડ્રગ્સ સાથે ત્રણેયને ઝડપી પાડી તેમની પાસેથી ડ્રગ્સ ઉપરાંત કાર, રોકડા રૂ.53,750, ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.58,71,950 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# અમદાવાદના નકલી જજ સામે કાયદાનો સકંજો કસાયો, જેલમાંથી થઈ ધરપકડ

### આરોપીને કોર્ટમાં રજૂ કરતા ચાર દિવસના રિમાન્ડ મંજૂર

**અમદાવાદ**

અમદાવાદમાં નકલી જજ અને કોર્ટ ઊભી કરી અબજો રૂપિયાની કિંમતની સરકારી જમીનો ખાનગી વ્યકિતઓને પધરાવી દેવાનો કૌભાંડ સામે આવ્યો હતો. જેમાં નકલી જજ મોરિસ સેમ્યુલ ક્રિશ્ચિયનની કારંજ પોલીસે વધુ એક ગુનામાં સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી અને ઘી કાંટા ફોજદારી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આરોપી મોરિસ ક્રિશ્ચિયનને ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. બીજીબાજુ, નકલી જજ મોરિસ ક્રિશ્ચિયન મર્સીડીઝ કારનો ઉપયોગ કરતો હતો, તે છુપાવી રાખી તેને લઈને પણ તપાસ શરૂ કરી છે. એએમસીની કરોડો રૂપિયાની જમીનના કિસ્સામાં બોગસ હુકમો કરવાના પ્રકરણમાં કોર્ટના નિર્દેશાનુસાર, કારંજ પોલીસે ગુનો દાખલ કરી આરોપી નકલી જજ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયનની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. પોલીસે આરોપી નકલી જજ મોરિસ ક્રિશ્ચિયનના સાત દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

વધુમાં, આરોપી નકલી જજ બનીને કચેરીએ જવા માટે જે મર્સીડીઝ કારનો ઉપયોગ કરતો હતો, તે બોપલમાં કયાંક છુપાવાઈ હોવાનું જાણવા મળ્યું છે, પોલીસની રિમાન્ડ અરજી ધ્યાને લઈ કોર્ટે આરોપી નકલી જજ મોરિસ ક્રિશ્ચિયનના ચાર દિવસના રિમાન્ડ આપ્યા હતા.

# ગુજરાતમાં પાંચ વર્ષમાં 2,000 પુરુષે જીવન ટૂંકાવ્યું

### 1475 પુરુષે ભરેલા અંતિમ પગલા પાછળનું કારણ પારિવારિક સમસ્યા

**ગુજરાત**

ગુજરાતમાં પાંચ વર્ષમાં બે હજારથી વધુ પુરુષે લગ્ન-કારકિર્દીની સમસ્યાને કારણે પોતાનું જીવન ટૂંકાવ્યું છે.પુરુષ એટલે કઠણ કાળજાનો અને જાહેરમાં રડે કે ઢીલો પડે તે ચલાવી લેવાય જ નહીં તેવી સૈકાઓ પુરાણી વિચારધારા આજે પણ અમલમા છે. પરંતુ હકીકત એ છે કે પુરુષ ભલે લાગણી વ્યક્ત કરી શકતો ના હોય પરંતુ તે પણ માનસિક રીતે ભાંગી પડતો હોય છે.



નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ અનુસાર વર્ષ 2018થી 2022 દરમિયાન ગુજરાતમાંથી લગ્નને લગતી વિવિધ સમસ્યાને કારણે 1062 પુરુષ અને 700 મહિલાએ આત્મહત્યા કરી છે. જેમાં 225 પુરુષ અને 142 મહિલાનો સમાવેશ થાય છે. વર્ષ 2022માં 66 પુરુષે લગ્ન નહીં થવા, 50 પુરુષે લગ્નેતર સંબંધને કારણે, 61 પુરુષે છૂટાછેડાથી આત્મહત્યા કરી હતી.

આ સિવાય 1475 પુરુષને પારિવારિક સમસ્યાને કારણે પોતાનું જીવન ટૂંકાવવું પડ્યું છે. કારકિર્દીની સમસ્યાને કારણે પણ પુરુષોમાં આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે. કારકિર્દીની સમસ્યાને કારણે આત્મહત્યા કરનારા પુરુષોનું પ્રમાણ 2018માં 106 હતું અને તે 2022માં વધીને 329 થયું છે.

# USA બોર્ડર પર એક જ વર્ષમાં 90 હજાર ભારતીયો ઝડપાયા

## પકડાયેલા પૈકી 50 ટકા લોકો ગુજરાતી : અમેરિકાની બોર્ડર ઓળંગતા 90,415 લોકોની અટકાયત

**અમદાવાદ**

ડિંગુચા ગામના જગદીશ પટેલ અને તેમના પરિવારના થીજી ગયેલા મૃતદેહને આજે બે વર્ષ બાદ કેનેડિયન અને અમેરિકન સરકારે બંને તરફથી બે શખ્સો પર આ ગેરકાયદેસર ઘૂસણખોરી માટે કેસ ચલાવ્યો છે. જાન્યુઆરી 2022ના ગાળામાં જગદીશ પટેલના પરિવાર સહિત કુલ 11 જણાએ કેનેડાની બોર્ડર ક્રોસ કરીને ઘૂસવનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ જગદિશ પટેલનો પરિવાર છૂટો પડી ગયો હતો અને પૂરતા ગરમ કપડાના અભાવે તીવ્ર માઈનસ 30 ડિગ્રીમાં થીજાઈ ગયો હતો. અમેરિકન ખૂફીયા એજન્સી દ્વારા ઘૂસણખોરી કરાવનારી અનેક કડીઓને શોધવામાં સફળતા મેળવી છે. જેમાં આ સમગ્ર ગેરકાયદેસર પ્રક્રિયામાં સાથ આપનાર કેનેડા તરફના હર્ષ પટેલ અને અમેરિકા તરફથી ઘૂસાડનારા સ્ટિવ શેન્ડ પર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમેરિકન અને કેનેડિયન સરકારે આ બંને શખ્સોને સોફિસ્ટિકેટેડ હ્યુમન સ્મગલિંગ અંતર્ગત કેસ ચાલી રહ્યો છે. આ ઘટના બાદ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાતા એજન્સીએ કેનેડા અને અમેરિકાની સરકારે સંયુક્ત રીતે



2024માં 90,415 ભારતીયોને કેનેડા અને મેક્સિકોની સરહદથી પકડવામાં સફળતા મેળવી છે. જ્યારે એકલા કેનેડાની બોર્ડર પરથી 43764 બોર્ડર ક્રોસ કરતા ભારતીયોને પકડયા છે જેમાંના અડધાથી વધારે ગુજરાતી છે.

જો કે, 2023 કરતાં 2024માં કેનેડાથી અમેરિકા ઘૂસણખોરીનો આંક થોડો ઘટયો છે. અમદાવાદમાં મહેસાણા જિલ્લાના કેટલાંક ગામોમાં 'બે નંબર' કહેવાતા ગેરકાયદેસર ઘૂસણખોરીના કિસ્સામાં સૌથી વધુ 23 હજારથી વધુ ગુજરાતીઓ કેનેડાની બોર્ડરથી પકડાયા છે. અમેરિકામાં ટ્રમ્પ સરકાર આવવાની સાથે ઈમિગ્રેન્ટસના નિયમો વધુ કડક થવાની આગાહી છે સાથે સાથે કેનેડાની સરકારે પણ છેલ્લા બે મહિનામાં વિઝા નીતિ વધુને વધુ કડક બનાવતા હવે ભારતીયો માટે કેનેડા અને મેક્સિકો બોર્ડરથી ગેરકાયદેસર રીતે પ્રવેશવું દુષ્કર થઈ ગયું છે.

## બોપલમાં NRIની હત્યા કેસનો આરોપી ઝડપાયો

અમદાવાદ : બોપલ એનઆરઆઈ હત્યા કેસમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. જેમાં કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ પણ સામે આવ્યાં છે. જેમાં મૃતક દીપકભાઈ અને શીલજનો રહેવાસી આરોપી ઈન્દ્રજીતસિંહ વાઘેલા ઉર્ફે મુન્ના બંને જમીન દલાલીના ધંધામાં પાર્ટનર હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે તેમના વચ્ચે નફાની વહેંચણીને લઈને રકઝક થઈ હોવાનો ખુલાસો થયો છે. મૃતકે આરોપી પાસેથી 61 લાખ લીધા હોવાનું સામે આવ્યું છે.

મૃતક દીપકભાઈ અને આરોપી બંને કારમાં બેસીને ક્યાંક જઈ રહ્યાં હતા, ત્યારે પણ તેમના વચ્ચે નફાની વહેંચણીને લઈને બોલાચાલી થઈ હતી. જેમાં મામલો ઉગ્ર બનતા આરોપીએ દીપકભાઈને પાઈપ વડે માર મારીને હત્યા કરી હતી, આ પછી દીપકભાઈના મૃતદેહને અવાવરું જગ્યાએ ફેંકીને નાસી ગયો હતો.

## સેલવાસના આંબોલી ખાતે વૃદ્ધની હત્યા કેસના આરોપીને આજીવન કેદની સજા

**સેલવાસ**

સેલવાસના આંબોલી ગામે રહેતા મહાદુ ચૈતા બારાત અને પાડોશમાં રહેતા સુરાલી ઉર્ફે મુરલી ઝીનકન યાદવ વચ્ચે સમયાંતરે બોલાચાલી અને ઉગ્ર ઝઘડો થતો હતો. ગત તા. 4-2-2021ના રોજ મહાદુ અને સુરાલી વચ્ચે બોલાચાલી થઈ હતી. તે દરમિયાન ઉગ્ર ઝઘડો થતાં ઉશ્કેરાયેલા સુરાલીએ ચપ્પુ વડે મહાદુના છાતિના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. જો કે ગંભીર રીતે ઘાયલ મહાદુનું ઘટના સ્થળે મોત થયું હતું. આ બનાવ અંગે સેલવાસ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી સુરાલી યાદવની ધરપકડ કરી હતી. સેલવાસ પોલીસે આરોપી સુરાલી યાદવ સામે સેલવાસ સેશન્સ એન્ડ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ કરી હતી. આ કેસ સંદર્ભે હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન સરકારી વકીલ ગોરધન પૂરોહિતે સાક્ષી સહિત અનેક લોકોની જુબાની અને પુરાવા સાથે અનેક પાસાઓ પર દલીલ કરી હતી.

કોર્ટના જજ એસ.એસ.સાપનેકરે આરોપી સુરાલી યાદવને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા અને રૂ. 5000નો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. જ્યારે આરોપી દંડની રકમ નહીં ભરે તો વધુ ત્રણ માસની કેદની સજાની જોગવાઈ કરાઈ છે.

## વડોદરા ખાતે સદસ્યતા અભિયાન મુદ્દે ભાજપના બે ધારાસભ્ય વચ્ચે તુતુ-મેંમેં

વડોદરા : વડોદરામાં ભાજપના યોગેશ પટેલ અને ચૈતન્ય દેસાઈ સદસ્યતા અભિયાન મુદ્દે એકબીજા પર કટાક્ષ કરતા રાજકારણ ગરમાયું હતુ. સમારોહમાં ધારાસભ્ય ચૈતન્ય દેસાઈએ યોગેશ પટેલે કહ્યું કે, અકોટા વિધાનસભામાં સંશોધનનો વિષય છે કે, આટલા બધા સભ્યો કઈ રીતે બન્યા, તેવું મોટા નેતાએ જણાવેલું. ચૈતન્ય દેસાઈએ કહ્યું કે, તમે તમારી ચિંતા કરો, તમારા કેમ ન થયાં. ચૈતન્ય દેસાઈએ કહ્યું કે, ભાજપ સદસ્યતામાં મે વધુ સભ્યો બનાવ્યા એ મારી આવડત છે. જેમાં અમે આગળ જઈશું. આ બધામાં હું કાચબો અને યોગેશ કાકા સસલા નીકળ્યાં હતાં. બીજી તરફ, ભાજપના કાઉન્સિલર સ્નેહલ પટેલે પાણીની સમસ્યા અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં કામગીરી ન થતાં કાઉન્સિલરમાં રોષ જોવા મળ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડની ચોંકાવનારી ઘટના: શિવલિંગ પર જળાભિષેક વખતે આધેડને આવ્યો હાર્ટ એટેક

વલસાડ : વલસાડમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં પૂજા કરી રહેલા વ્યક્તિનું હાર્ટ એટેકના કારણે મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટના મંદિરમાં લાગેલા સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ હતી. આ ઘટના પારનેરા ડુંગર સ્થિત મહાદેવ મંદિરમાં બની હતી. મળતી માહિતી અનુસાર હાર્ટ એટેકથી મૃત્યુ પામનાર વ્યક્તિની ઓળખ કિશોર પટેલ તરીકે થઈ છે. ઘણાં સમયથી કિશોર પટેલ દરરોજ પારનેરા ડુંગર પર ચઢીને મહાદેવ મંદિર પરિસરમાં આરતી માટે જતા હતા. રોજની જેમ મંગળવારે (19મી નવેમ્બર) પણ સવારે કિશોરભાઈ મહાદેવની આરતી કર્યા બાદ શિવલિંગ પર અભિષેક કરી રહ્યા હતા. આ દરમિયાન તેમને હાર્ટ એટેક આવ્યો, જેના કારણે તેમનું મૃત્યુ થયું.

### શંકરસિંહ વાઘેલા ફરી આવશે મેદાનમાં, 22મી ડિસેમ્બરે નવી પાર્ટીની કરશે રચના

અમદાવાદ: ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ફરી રાજકીય ઈનિંગ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. 22મી ડિસેમ્બરે તેઓ નવી પાર્ટીની રચના કરશે. આજે ગાંધીનગર ખાતે જુના સમર્થકો સાથે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી નામનો પક્ષ રહેશે. ઉલ્લેખનીય છે કે શંકરસિંહ વાઘેલાએ 2017માં જન વિકલ્પ મોરચાની સ્થાપના કરી હતી.

### સ્માર્ટસિટી બન્યુ બીમાર સિટી, અમદાવાદમાં રોગચાળાના 20 હજારથી પણ વધુ કેસ નોંધાયા

અમદાવાદ- સ્માર્ટસિટીની ઓળખ ધરાવતુ અમદાવાદ બીમાર સિટી બન્યુ છે. આ વર્ષની શરુઆતથી અત્યાર સુધીમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના ૨૦ હજારથી પણ વધુ કેસ નોંધાયા છે. દક્ષિણ ઝોનમાં ઝાડા ઉલટીના સૌથી વધુ ૩૫૫ર કેસ નોંધાયા છે. ઉત્તરઝોનમાં આવેલા સરસપુર-રખિયાલ વોર્ડમાં ઝાડા ઉલટીના ૮૫૦ તથા દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં ૭૭૯ કેસ નોંધાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની બોર્ડ બેઠકમાં ઝીરો અવર્સની ચર્ચામાં વિપક્ષનેતાએ કહયુ, શહેરના સર્વાંગી વિકાસની વાતો વહીવટીતંત્ર અને સત્તાધારી પક્ષ તરફથી અવારનવાર કરવામા આવે છે.પરંતુ વાસ્તવિકતા એ છે કે શહેરીજનોને એક સમય પીવાનુ ચોખ્ખુ પાણી પણ મ્યુનિસિપલ કોર્પોરેશન પુરુ પાડી શકતુ નથી.

## શુકલતીર્થ પાસે નર્મદામાં સ્નાન કરતા પિતા અને પુત્ર ડૂબ્યાં; અન્ય કિશોરની લાશ મળી

### બે દિવસ પહેલા સુરતના યુવાનનું ડૂબી જતા મોત થયું હતું : રેતી ખનનથી સમસ્યા

**ભરૂચ**

શુકલતીર્થ ખાતે કાર્તિકી પૂર્ણિમાના ૬ દિવસના મેળાના દેવદિવાળીએ અંતિમ દિવસે સમગ્ર ગુજરાતમાંથી યાત્રિકો ઉમટતા હોય છે. આજે અંતિમ દિવસે પણ નર્મદા નદીના કાંઠે જાત્રા ચાલુ હોવા છતાં રેતી ખનન ધમધમતું હતું. મેળા બાદ કાંઠે જાત્રામાં આવતા લોકો માટે નર્મદા સ્નાન કરવાનું અનેરૂ મહત્વ હોવાના કારણે નદીમાં ડૂબકી લગાવતા હોય છે. ગઇકાલે એકનું ડૂબી જતા મોત થયું, જ્યારે આજે ત્રણ લોકો ડૂબ્યા હતા. જેમાં ૧૧ વર્ષના બાળકનો મૃતદેહ મળ્યો હતો. ગઇકાલે સુરતનો સચિન નામનો યુવાન નર્મદા નદીમાં નાહવા જતા તે ડૂબી જવાથી તેનું મોત થયું હતું. આજે ભરૂચના પશ્ચિમ વિસ્તારના વેજલપુરના નિઝામવાડી વિસ્તારમાંથી અસંખ્ય લોકો શુકલતીર્થની જાત્રામાં ગયા હતા. જેમાં નિઝામવાડીના મિસ્ત્રી પરિવારના લોકો પણ જોડાયા હતા. મિસ્ત્રી પરિવારના ત્રણ ડૂબી જતા અને એકનું મોત થતા મૃતકના પરિવારજનોએ નદીની આજુબાજુ રેતી ખનન મોટા પ્રમાણમાં ચાલી રહ્યું હોવાથી તે મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો. ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે મૃતક કિશોરના પરિવાર સહિત અન્ય લોકોએ પણ દોડી આવી રડતી આંખે આક્રોશ વ્યક્ત કર્યો હતો. વસંતભાઈ મિસ્ત્રી (ઉ.૪૫), બિનીત મિસ્ત્રી (ઉ.૧૭) આ બંને લાપતા છે. જ્યારે નિશાંત મિસ્ત્રી (ઉ.૧૧)નો મૃતદેહ મળ્યો છે.


## ગુજરાતમાં પ્રદૂષણ, સુરતની હવા સૌથી પ્રદૂષિત

### ગુજરાતમાંથી 263ના એર ક્વોલિટી ઇન્ડેક્સ સાથે સુરતની હવા સૌથી પ્રદૂષિત

**સુરત**

શિયાળાની સાથે જ દિલ્હીની હવા ઝેરી બનવા લાગી છે અને એર ક્વોલિટી ઈન્ડેક્સ સતત 400ને પાર થઈ ગયો છે. ગુજરાતમાં પણ ધીરે-ધીરે પ્રદૂષણનું પ્રમાણ વધવા લાગ્યું છે. 19 નવેમ્બરના સુરતમાં સૌથી વધુ 263નો એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો. ગુજરાતીઓ હાલ દિવસમાં બે સિગારેટ પીવે તેટલું પ્રદૂષણનું પ્રમાણ છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના માપદંડ કરતાં પણ દિલ્હીમાં પ્રદૂષણનું પ્રમાણ 60 ગણું વધારે છે. દિલ્હીમાં હાલ પ્રદૂષણનું પ્રમાણ દિવસમાં 49 સિગારેટ પીવા સમાન છે. જેના ઉપરથી



| શહેર/વિસ્તાર | પ્રદૂષણ |
|---|---|
| સુરત | 263 |
| અંકલેશ્વર | 182 |
| અમદાવાદ | 182 |
| વટવા | 118 |
| ગાંધીનગર | 113 |

જ દિલ્હીમાં પ્રદૂષણની ચિંતાજનક સ્થિતિનો તાગ મેળવી શકાય છે. અન્ય રાજ્યોમાંથી હરિયાણામાં 29, બિહારમાં 10, ઉત્તર પ્રદેશમાં 9.50, ઓડિશા-બંગાળ-રાજસ્થાનમાં 7.5, સિગારેટ પીવા જેટલું પ્રદૂષણ છે. ગુજરાતમાંથી મંગળવારની સ્થિતિએ સુરતમાં 263ના એર ક્વોલિટી ઈન્ડેક્સ સાથે સૌથી વધુ પ્રદૂષિત હવા હતી. તજજ્ઞોના મતે 201-300 વચ્ચે એર ક્વોલિટી ઈન્ડેક્સ હોય તો તેને ખરાબની શ્રેણીમાં મૂકવામાં આવે છે. જેમાં લાંબો સમય રહેવાથી શ્વાસ લેવામાં સમસ્યા સર્જાઈ શકે છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ 400ને પાર જાય તો તંદુરસ્ત વ્યક્તિને પણ અસર કરે છે. તબીબોના મતે શ્વાસની સમસ્યા હોય તેમના માટે હાલ માસ્ક પહેરીની બહાર નીકળવું હિતાવહ છે.

# મહારાષ્ટ્રમાં સરેરાશ 58 ટકા અને ઝારખંડમાં 68 ટકા વોટિંગ

**મુંબઈ**



મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. બુધવારે સવારે 7 વાગ્યાથી બંને રાજ્યોના મતદાન મથકો પર મતદાન થયું હતું. મહારાષ્ટ્રના અનેક દિગ્ગજ નેતાઓ જેમ કે શરદ પવાર, મુખ્યમંત્રી એકનાથ શિંદે, ઉદ્ધવ ઠાકરે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસનું ભાવિ EVMમાં કેદ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રની તમામ 288 બેઠકો પર અને ઝારખંડમાં 38 બેઠકો (બીજો તબક્કો) પર મતદાન થયું હતુ. આ સિવાય ચાર રાજ્યોની 15 બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીઓનું પરિણામ 23મીએ જાહેર કરાશે. ઝારખંડમાં સત્તાધારી ઈન્ડિયા બ્લોક અને NDA વચ્ચે મુકાબલો છે, જ્યારે મહારાષ્ટ્રમાં મહાયુતિ અને મહાવિકાસ અઘાડી વચ્ચે જંગ છે. મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી માટે થયેલા સરેરાશ મતદાનના આંકડા સામે આવ્યા છે. જેમાં મહારાષ્ટ્રમાં 58.43 ટકા અને ઝારખંડમાં (બીજો તબક્કો) 67.76 ટકા મતદાન થયું હતું.

## પશ્ચિમી રાજ્યમાં 1995 પછી બીજી વખત સૌથી વધુ મતદાન થયું

પશ્ચિમી રાજ્યમાં 1995 પછી બીજી વખત સૌથી વધુ મતદાન થયું છે. બુધવારે (20મી નવેમ્બર) મતદાનનો આંકડો 65 ટકાને વટાવી ગયો હતો. હવે બે મોટા ગઠબંધન, મહાયુતિ અને મહાવિકાસ આઘાડી આ સંબંધમાં પોતપોતાની જીતનો દાવો કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં રાત્રે 11:45 વાગ્યા સુધીમાં મતદાનનો આંકડો 65.1 ટકાને પાર કરી ગયો હતો. અગાઉ વર્ષ 1995માં રાજ્યમાં 71.69 ટકા મતદાન થયું હતું. ખાસ વાત એ છે કે 2024ની લોકસભા ચૂંટણીમાં મતદાનનો રેકોર્ડ પણ તૂટી ગયો છે. તે દરમિયાન રાજ્યમાં 61.39 ટકા મતદાન થયું હતું. રાજ્યમાં ભારે મતદાનનું કારણ એમવીએ અને મહાયુતિના જોરદાર પ્રચારને જવાબદાર ગણવામાં આવે છે.

## મહારાષ્ટ્ર-ઝારખંડમાં ભાજપની ગઠબંધન સરકારનો વરતારો

ઝારખંડમાં ઝારખંડ મૂક્તિ મોરચા અને કોંગ્રેસના ગઠબંધનની સરકાર છે. એક્ઝિટ પોલના તારણ મુજબ ભાજપનું એનડીએ ગઠબંધન મહારાષ્ટ્રમાં તો સત્તા જાળવી જ રાખશે સાથે જ વિપક્ષ પાસેથી ઝારખંડ પણ પોતાના હાથમાં લઇ લેશે. મેટ્રિઝ એક્ઝિટ પોલના આંકડા મુજબ ઝારખંડમાં એનડીએને ૮૧માંથી ૪૨થી ૪૭, ઇન્ડિયા ગઠબંધનને ૨૫થી ૩૦ બેઠકો મળશે. પીપલ્સ પલ્સના દાવા મુજબ મહારાષ્ટ્રમાં એનડીએની મહાયુતીને ૨૮૮માંથી ૧૭૫થી ૧૯૫ જ્યારે ઇન્ડિયા ગઠબંધનને ૮૫થી ૧૧૨ બેઠકો મળશે. આ જ એજન્સીએ ઝારખંડમાં એનડીએને ૪૪થી ૫૩ જ્યારે ઇન્ડિયા ગઠબંધનને ૨૫થી ૩૭ બેઠકો આપી છે. એક્સિસ માયઇન્ડિયાએ ઇન્ડિયા ગઠબંધનનો વોટશેર ૪૫ ટકા જ્યારે એનડીએનો વોટશેર ૩૭ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે.

# એનસીપીના ઉત્તમ જાનકરે ભવિષ્યવાણી કરી, અજિત પવાર 40000 મતોથી હારશે

**મુંબઈ**

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો શનિવારે 23 નવેમ્બરના રોજ રજૂ થશે. તે પહેલાં જ નેતાઓની જીત મુદ્દે વિવિધ રાજકારણીઓ દ્વારા ભવિષ્યવાણી કરવામાં આવી રહી છે. શરદ પવાર જૂથના નેતા ઉત્તમ જાનકરે બારામતી વિધાનસભા બેઠકમાંથી અજિત પવારની હારનો દાવો કર્યો છે.

ત્તમ જાનકરે ગુરુવારે નિવેદન આપ્યું હતું કે, અજિત પવાર માટે પોતાની બેઠક બચાવવી મુશ્કેલ બનશે. તેમને મળતો પ્રત્યેક વોટ ભાજપ અને દેવેન્દ્ર ફડણવીસના ખાતામાં જશે. બારામતી બેઠક પરથી યુગેન્દ્ર પવારની જીત નિશ્ચિત છે. આ બેઠક પરથી અજિત પવાર 40 હજારથી વધુ મતોથી હારશે.

અજિત પવારની હાર ઉપરાંત જાનકરે દાવો કર્યો છે કે, મહાવિકાસ અઘાડીને રાજ્યમાં 180થી 200 બેઠકો જ મળી શકે છે. અને હવે તે નવી સરકાર બનાવશે. ભાજપ ધારાસભ્ય રામ સતપુતે પણ માલશિરત વિધાનસભા બેઠક પરથી હારશે. ઉત્તમ જાનકરે પોતાની જીત પણ નિશ્ચિત કરી છે. જાનકરેને 1 લાખથી દોઢ લાખ સુધી મત મળી શકે છે.

# ઉત્તરપ્રદેશમાં મતદારોના હિજાબ ઉતારાવી ID ચેક કરવા બદલ 7 પોલીસકર્મી સસ્પેન્ડ

## SHO બંદુક દેખાડી લોકોને મતદાન કરતા અટકાવી રહ્યા છે : અખિલેશ યાદવ

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશની નવ બેઠકો પર પેટા ચૂંટણીને લઈને સત્તાધારી ભાજપ અને વિરોધી પક્ષ સમાજવાદી પાર્ટી વચ્ચે આક્ષેપોનું પ્રમાણ વધી રહ્યું છે. સમાજવાદી પાર્ટીની એક ફરિયાદના આધારે ચૂંટણી પંચે મોટી કાર્યવાહી કરી છે અને મતદારોના મતદાર કાર્ડ ચેક કરવાના આરોપો બદલ સાત પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા છે. સાથે જ કોઈ પણ મતદારનું વોટર આઈડી કાર્ડ ચેક નહીં કરવા પોલીસને આદેશ આપ્યો હતો.

કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે જેમાં મહિલાઓને પોલીસ હિજાબ હટાવવા કહી રહી છે અને તેમના ચહેરા પણ તપાસી રહી છે. આ દરમિયાન જ તેમના વોટરઆઈડી પણ તપાસાઈ રહ્યા હતા. ચૂંટણી પંચે અગાઉ જ પોલીસને કોઈના વોટર આઈડી ચેક નહીં કરવા તેમજ હિજાબ નહી હટાવવા કહ્યું હોવા છતા આવુ કરાતા અંતે આરોપી પોલીસકર્મીઓ સામે ચૂંટણી પંચે કાર્યવાહી કરી હતી. બીજી તરફ દરમિયાન સપાના વડા અખિલેશ યાદવે કહ્યું હતું કે મીરાપુરના કકરૌલી પોલીસ સ્ટેશનના એસએચઓ લોકોને બંદુક દેખાડી ધમકાવી મતદાન કરતા અટકાવી રહ્યા છે. તેમને તાત્કાલીક સસ્પેન્ડ કરવામાં આવે. ભાજપ હારના ડરને કારણે મતદાન સમયે ગડબડ કરાવી રહી છે.

# રાજીનામાં બાદ 'જય શ્રી રામ'ના નારા સાથે કૈલાશ ગેહલોત પ્રથમ વખત રસ્તા પર ઉતર્યા

**નવી દિલ્હી**

તાજેતરમાં જ આમ આદમી પાર્ટીના મોટા નેતા અને દિલ્હી સરકારમાં પરિવહન મંત્રી કૈલાશ ગેહલોતે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામાં બાદ કૈલાશ ગેહલોત ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. આજે ભાજપે અરવિંદ કેજરીવાલ સામે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. આ દરમિયાન આ વિરોધ પ્રદર્શનમાં ભાજપ નેતાઓની સાથે કૈલાશ ગેહલોત પર નજર આવ્યા હતા. આ પહેલી વખત છે જ્યારે કૈલાશ ગેહલોત દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને 'આમ આદમી પાર્ટી'ના સંયોજક વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા છે. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ કેજરીવાલ પર ગંભીર આરોપ લગાવ્યા છે. ભાજપે કેજરીવાલને તેમના સરકારી બંગલાને લઈને પણ આડે હાથ લીધા હતા.

આજે જ્યારે દિલ્હીના પૂર્વ મંત્રી કૈલાશ ગેહલોત કેજરીવાલ વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા ત્યારે જય શ્રીરામના નારા સાથે હુંકાર ભર્યો અને ભારી ભીડમાં લોકોને સંબોધિત કર્યા હતા. આ પહેલી વખત છે જ્યારે દિલ્હી સરકારના પૂર્વ મંત્રી કૈલાશ ગેહલોત પોતાના પૂર્વ નેતા પર ભ્રષ્ટાચારના આરોપ લગાવતા રસ્તા પર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે.




# લિકર પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલને હાઈકોર્ટનો ઝટકો

**નવી દિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના નેતા અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ લિકર પોલિસી કેસની કાર્યવાહી પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો. કેજરીવાલ દિલ્હી એક્સાઇઝ પોલિસી 2021-22 સંબંધિત અનિયમિતતાના કેસમાં આરોપી છે જસ્ટિસ મનોજ કુમાર ઓહરીએ કેસમાં ચાર્જશીટને સંજ્ઞાન લેવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી કેજરીવાલની અરજી પર તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસેથી જવાબ માંગ્યો હતો. હવે આ કેસની સુનાવણી 20મી ડિસેમ્બરે થશે.

20 નવેમ્બરના રોજ, કેજરીવાલે કથિત લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ધ્યાનમાં લેવાના ટ્રાયલ કોર્ટના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અગાઉ 12 નવેમ્બરે હાઈકોર્ટે કેજરીવાલની અન્ય એક અરજી પર ED પાસેથી જવાબ માંગ્યો હતો, જેમાં મની લોન્ડરિંગ કેસમાં એજન્સીની ફરિયાદ પર તેમને જારી કરાયેલા સમન્સને પડકારવામાં આવ્યો હતો. તેણે ફોજદારી કેસમાં આ તબક્કે તાબાની અદાલતની કાર્યવાહી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો.

# ગૃહ મંત્રાલયની ડિજિટલ સ્ટ્રાઈક 17 હજારથી વધુ વોટ્સ એપ એકાઉન્ટ્સ બ્લોક કરી દેવાયા

**નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA) એ ડિજિટલ ધરપકડ અને સાયબર ફ્રોડના મામલામાં મોટી કાર્યવાહી કરી છે. MHAની I4C વિંગની સૂચના બાદ 17000 વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યા છે. જે એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યા છે તેમાં મોટા ભાગના નંબર કંબોડિયા, મ્યાનમાર, લાઓસ અને થાઈલેન્ડના એક્ટિવ હતા. સાયબર ફ્રોડ અને ડિજિટલ ધરપકડની ઘટનાઓ દરરોજ પ્રકાશમાં આવી રહી છે. આ ઘટનાઓને કારણે લોકોને લાખો રૂપિયાની છેતરપિંડી થઈ છે. તેને નિયંત્રિત કરવા માટે વિવિધ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગૃહ મંત્રાલયની I4C વિંગે સાયબર ફ્રોડને રોકવા માટે મોટી કાર્યવાહી કરી છે.

# યુપીના અલીગઢમાં યમુના એક્સપ્રેસ વે બસ-ટ્રક વચ્ચે ટક્કર થતાં 5ના મોત

## મૃતકોમા  બાળક, એક મહિલા અને ત્રણ પુરૂષોનો સમાવેશ

**અલીગઢ**

ઉત્તર પ્રદેશના અલીગઢમાં ટ્રક અને બસ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં ૫ મુસાફરોના મોત થયા અને ૧૫ લોકો ઘાયલ થયા હતા. યમુના એક્સપ્રેસવે નંબર ૫૬ પર એક ડબલ ડેકર ખાનગી બસ પાછળથી  ભંગારથી ભરેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટ્રક સાથે અથડાયા બાદ બસના ટુકડા થઈ ગયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં પાંચ મહિનાનું બાળક, એક મહિલા અને ત્રણ પુરૂષોનો સમાવેશ થાય છે. મુસાફરોથી ભરેલી ડબલ ડેકર ખાનગી બસ દિલ્હીથી આઝમગઢ જઈ રહી હતી. અકસ્માત બાદ મૃતકોના મૃતદેહ બસની અંદર ફસાયેલા જોવા મળ્યા હતા. બસમાં મુસાફરી કરી રહેલા લોકો જે અકસ્માત બાદ જીવિત હતા તેઓ બારીના કાચ તોડીને બહાર આવ્યા હતા.માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તમામ ઘાયલોને બચાવીને સારવાર અર્થે જેવરની કૈલાશ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાંચેય મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# કોંગ્રેસ ૨૬મી નવે.થી સમગ્ર દેસમા 'ભારત જોડો સંવિધાન અભિયાન' શરૂ કરશે

**નવી દિલ્હી**

દેશમાં ૨૬મી નવેમ્બરે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે 'બંધારણ દિવસ' નિમિત્તે એટલે કે ૨૬મી નવેમ્બરથી કોંગ્રેસ ભારત જોડો સંવિધાન(બંધારણ) અભિયાન શરૂ કરશે, તેમ કોંગ્રેસના ઓબીસી વિંગના ચેરમેન અજયસિંહે યાદવે જણાવ્યું છે. આ સાથે અજયસિંહે યાદવે સત્તાપક્ષ ભાજપ પર નિશાન તાકીને આરોપ લગાવ્યો છે કે, ''જાતિ આધારીત વસ્તી ગણતરી નહીં કરાવીને એ(ભાજપ) તમામને તેમના અધિકારીથી વંચિત કરી રહ્યું છે.''ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી)ના ઓબીસી વિંગના ચેરમેન અજયસિંહ યાદવે કહ્યું કે, ''ભારત જોડો બંધારણ અભિયાન - દિલ્હીના તાલકોટરા સ્ટેડિયમમાં શરુ કરાશે.

# CBI એક્શન મોડમાં, 6600 કરોડના બિટકોઈન કૌભાંડની તપાસ શરૂ કરી

**નવી દિલ્હી**

CBIએ બુધવારે મહારાષ્ટ્રના કથિત 'બિટકોઈન કૌભાંડ' કેસની તપાસ શરૂ કરી દીધી છે, જેની રકમ 6,600 કરોડ રૂપિયા હોવાનું કહેવામા આવી રહ્યું છે. આ કેસ મામલે બે માસ્ટરમાઈન્ડ સામે કેસ પણ નોંધવામાં આવ્યો છે, જ્યારે અન્ય એક આરોપીને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ તપાસ શરૂ કરવામાં આવી છે.

આ કેસમાં બે શંકાસ્પદ અમિત ભારદ્વાજ અને અજય ભારદ્વાજને માસ્ટરમાઈન્ડ તરીકે નામ આપવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે અમિતનું તાજેતરમાં જ હાર્ટ એટેકથી નિધન થયું હતું અને અજય ભારદ્વાજ હાલમાં ફરાર છે અને ઘણી તપાસ એજન્સીઓ તેની શોધખોળ કરી રહી છે.

CBIએ આ કેસમાં અન્ય આરોપી ગૌરવ મહેતાને પણ સમન્સ પાઠવ્યા છે. તેમને ટૂંક સમયમાં તપાસ અધિકારી સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. શરૂઆતમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ભારદ્વાજ બંધુઓ સામે દિલ્હી, પૂણે અને અન્ય કેટલાક સ્થળોએ FIR દાખલ કરી હતી, જેમાં તેમના પર રોકાણકારોને છેતરવાનો આરોપ લગાવ્યો હતો. મહારાષ્ટ્ર પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ દ્વારા પણ નોંધાયેલા કેસના આધારે EDએ તપાસ શરૂ કરી હતી. સુપ્રિયા સુલેએ ભાજપના આરોપને નકારી કાઢતા કહ્યું કે આ તેમનો અવાજ જ નથી અને ભાજપ પર 'ગંદી રાજનીતિ' કરવાનો આરોપ લગાવ્યો હતો. સુલેએ કહ્યું કે તે આવા ગંદા રાજકારણમાં સામેલ નથી અને ભાજપ પર તેમના નામને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આ મામલે ભાજપને નોટિસ પણ મોકલી છે.

# ભાજપને વોટ આપવા જતાં દલિતની હત્યા : સપા નેતા પર ગંભીર આરોપ

**લખનઉ**

યુપી પેટાચૂંટણી દરમિયાન કરહાલમાં મતદાન કરવા આવેલી દલિત યુવતીની હત્યાના સમાચાર સામે આવ્યા હતા. સમાજવાદી પાર્ટીના નેતા પર યુવતીની હત્યાનો આરોપ છે. ભાજપના નેતાએ કરહાલમાં દલિત બાળકીની હત્યા પર કડક કાર્યવાહીની માંગ કરી છે. ભાજપના કરહાલ ઉમેદવાર અનુજેશ પ્રતાપે પણ યુવતીની હત્યાનો આરોપ સપા પર લગાવ્યો છે.

ભાજપ ઉમેદવાર અનુજેશ પ્રતાપે X પર પોસ્ટ કરીને લખ્યું છે કે, ગુંડાગીરીની તમામ હદ વટાવીને અને માનવતાને શરમમાં મૂકી કરહાલના કજરા ગામ બૂથ નંબર 13માં દલિત સમુદાયની એક દીકરીની હત્યા કરવામાં આવી હતી. અને આ હત્યા કરવા પાછળનું કારણ ભાજપને મત આપવા જઈ રહી હતી તે હતું. તો ભાજપના હેન્ડલ પરથી પોસ્ટ કરવામાં આવ્યું છે કે કરહાલમાં ભાજપની જન કલ્યાણ યોજનાઓનો લાભ મેળવનાર એક દલિત યુવતીની પ્રશાંત યાદવ અને તેના સાથીદારો દ્વારા હત્યા કરવામાં આવી હતી, કારણ કે તેણે ભાજપને મત આપવાનું કહ્યું હતું. તો આ બાજુ યુવતીના પરિવારજનોએ પણ આક્ષેપો કર્યા હતા કે, યુવતીએ ભાજપને વોટ આપવાનું કહ્યું હતું એટલે તેની હત્યા કરવામાં આવી છે.

# લૉરેન્સના ભાઈની ભારત સરકારથી બચવાની યુક્તિ, USમાં માંગ્યો આશ્રય

**નવી દિલ્હી**

ગેંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ બિશ્નોઈની કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં ધરપકડ કરવામાં આવી છે. ગયા ગુરુવારે તેને ગેરકાયદેસર દસ્તાવેજો સાથે યુએસમાં પ્રવેશવાના આરોપમાં અટકાયતમાં લેવામાં આવ્યો હતો. હાલ તે આયોવામાં પોટ્ટાવાટ્ટમી કાઉન્ટી જેલમાં બંધ છે. ભારતે આપેલી જાણકારી બાદ અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ વિભાગે અનમોલની ધરપકડ કરી હતી. હવે તેણે રાજકીય આશ્રય માટે અરજી કરી છે.

## અનમોલ અનેક કેસમાં વોન્ટેડ

અનમોલ બિશ્નોઈ પર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના નેતા બાબા સિદ્દીકીની હત્યા અને અભિનેતા સલમાન ખાનના મુંબઈના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં વોન્ટેડ છે. વર્ષ 2022માં પંજાબી સિંગર સિદ્ધુ મૂઝવાલા હત્યા કેસમાં પણ તેનું નામ સામે આવ્યું હતુ. મુંબઈ પોલીસે અનમોલના પ્રત્યાર્પણ અંગે કેન્દ્રને પ્રસ્તાવ મોકલ્યો હતો. તેમજ NIAએ અનમોલ બિશ્નોઈ પર 10 લાખ રૂપિયાનું ઈનામ રાખ્યુ છે.

# નાગપુર ખાતે ઝોનલ અધિકારીની કારમાં EVM જોઈ ભડકેલી ભીડનો પથ્થરમારો, કાર ક્ષતિગ્રસ્ત

**નાગપુર**



મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં બુધવારે મતદાન બાદ એક ઝોનલ અધિકારીની કાર પર પથ્થરમારો કરવાનો મામલો સામે આવ્યો છે. આ પથ્થરમારાના કારણે ઝોનલ અધિકારીની કાર ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. આ મામલે નાગપુરના જોઈન્ટ સીપી નિસાર તંબોલીની પ્રતિક્રિયા સામે આવી છે. મતદાન પૂર્ણ થયા બાદ એક ઝોનલ અધિકારી કોઈ કામ અર્થે મતદાન મથકની બહાર ગયા હતા. આ દરમિયાન તેમની કારમાં એક EVM મશીન હતું. કેટલાક લોકોને એવી ગેરસમજ થઈ ગઈ કે આ એ જ EVM છે જેનો ઉપયોગ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના મતદાનમાં કરવામાં આવ્યો હતો, જો કે, તેમની કારમાં એક વધારાનું EVM હતું.

કારમાં EVM મશીન જોઈને લોકોએ ઝોનલ અધિકારીનો પીછો કરવા લાગ્યા અને પછી મારામારી પર ઉતરી ગયા અને કાર રોકવા માટે તેમના પર પથ્થરમારો પણ કર્યો હતો. જેના કારણે કારને નુકસાન થયું હતું. નિસાર તંબોલીએ જણાવ્યું કે, આ ઘટનામાં કોણ-કોણ સામેલ હતું તેની તપાસ કરવામાં આવી રહી છે. પથ્થરમારો કરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

# ક્રિપ્ટોકરન્સી કૌભાંડથી મહારાષ્ટ્રમાં ખળભળાટ સુપ્રિયા - નાના પટોલે ઘેરાયા: ભાજપના આક્ષેપો

**મુંબઈ**

મહારાષ્ટ્રની ચૂંટણીઓ વચ્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ બુધવારે કથિત બિટકોઈન કૌભાંડના સંબંધમાં ગૌરવ મહેતા (સારથી એસોસિએટ્સ નામની ઓડિટ ફર્મ)ના પરિસરમાં દરોડા પાડ્યા હતા. છત્તીસગઢના રાયપુરમાં આ દરોડો પાડવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના 12 કલાક પહેલા ભાજપે સુપ્રિયા સુલે અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા નાના પટોલે પર બિટકોઈનના ગેરઉપયોગને લઈને ગંભીર આરોપ લગાવ્યા હતા.



પૂર્વ IPS અધિકારી રવિન્દ્રનાથ પાટીલે 2018માં સુપ્રિયા સુલે અને મહારાષ્ટ્ર કોંગ્રેસ ચીફ નાના પટોલે પર ક્રિપ્ટોકરન્સી સંબંધિત છેતરપિંડીમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. પૂર્વ IPSના આરોપોને મુદ્દો બનાવીને ભાજપે સુપ્રિયા સુલે અને નાના પટોલેને ભીંસમાં લીધા છે. પૂર્વ IPS ઓફિસર રવિન્દ્રનાથ પાટીલે આરોપ લગાવ્યો હતો કે સુપ્રિયા સુલે અને નાના પટોલે વર્ષ 2018માં ક્રિપ્ટોકરન્સી સંબંધિત છેતરપિંડીમાં સામેલ હતા. તેમણે દાવો કર્યો હતો કે આ ચલણનો ઉપયોગ વિધાનસભા ચૂંટણી પ્રચારમાં કરવામાં આવ્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે બિટકોઈન ડીલર અમિતાભ ગુપ્તાએ સુપ્રિયા સુલે અને નાના પટોલેની સંડોવણી વિશે જણાવ્યું હતું. બંનેએ 150 કરોડ રૂપિયાના બિટકોઈન વેચ્યા છે. તેમની પાસે હજુ પણ સો કરોડનું ચલણ બાકી છે.

# ચાર વર્ષથી ફરાર આતંકીનો મદદગાર ઝડપાયો, પાકિસ્તાન કનેક્શન ખુલ્યું

**જમ્મુ કાશ્મીર**

NIAએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા માટે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો દ્વારા ઘડવામાં આવેલા કાવતરામાં સામેલ થવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરી છે. એજન્સીએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુનીર અહેમદ બંદે નામનો આ વ્યક્તિ ડ્રગ્સની દાણચોરી કરીને પૈસા એકઠા કરતો હતો અને આતંકવાદીઓને મદદ કરતો હતો. NIA દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, મુનીર અહેમદ બંદે, જે છેલ્લા 4 વર્ષથી ધરપકડથી બચી રહ્યો હતો, તે જમ્મુ અને કાશ્મીર અને ભારતના અન્ય ભાગોમાં આતંકવાદ ફેલાવવા માટે નાણાં એકત્ર કરવાના ઉદ્દેશ્ય સાથે રચાયેલા કાવતરાનો એક મહત્વપૂર્ણ ભાગ હતો. NIAએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ-મુજાહિદ્દીન જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના ઓપરેટિવ્સ સાથે સંકળાયેલા ષડયંત્રનો જૂન 2020માં જાણ કરવામાં આવ્યો હતો. એજન્સીએ કહ્યું કે જૂન 2020માં હંદવાડા પોલીસે વાહન ચેકિંગ દરમિયાન 2 કિલો હેરોઈન અને 20 લાખ રૂપિયા રોકડા જપ્ત કર્યા બાદ કેસ નોંધ્યો હતો.

# બાબા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીની હિન્દુ જોડો યાત્રા, કહ્યું-"છેડોગે તો છોડેંગે નહીં"

**નવી દિલ્હી**

ગુરુવારથી બાગેશ્વર ધામ સરકાર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી પદયાત્રાનો પ્રારંભ કરી રહી છે. તેમની પદયાત્રા 21થી 29 નવેમ્બર સુધી ચાલશે અને બાગેશ્વર ધામથી ઓરછા સુધીની 160 કિમીની યાત્રા કવર કરશે. બાગેશ્વર ધામ પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આજથી હિંદુઓના અધિકારની વાત કરવા અને હિંદુઓને એક કરવા માટે. તેઓ 160 કિલોમીટર લાંબી સનાતન હિન્દુ એકતા પદયાત્રા કાઢી રહ્યા છે. બાગેશ્વર સરકારની યાત્રા બાગેશ્વર ધામથી શરૂ થશે અને ઓરછા સુધી જશે. 21 થી 29 નવેમ્બર સુધી ચાલનારી આ યાત્રા દરમિયાન ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી હિન્દુઓને જાતિથી ઉપર ઉઠીને એકતાનો સંદેશ આપશે. તેમણે કહ્યું કે, હિન્દુઓને છેડોગે તો છોડેંગે નહીંય.

# ISRO ચીન-NASA સૌને છોડશે પાછળ 1 નહીં, પરંતુ 2 સ્પેસ સ્ટેશન બનાવશે

## મૂન સ્પેસ સ્ટેશન બનાવનારો ભારત પહેલો દેશ હશે

**બેંગ્લોર**

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન ISRO એક નહીં પરંતુ બે સ્પેસ સ્ટેશન બનાવશે. જેમાં એક પૃથ્વીનું ચક્કર લગાવશે અને બીજું ચંદ્રની પરિક્રમા કરીને રહસ્ય શોધશે. પૃથ્વીના ઓર્બિટમાં ચક્કર લગાવનારા સ્પેસ સ્ટેશન ISS અને ચીન તિયાગોંગ સ્પેસ સ્ટેશન બાદ દુનિયાનું ત્રીજું સ્પેસ સ્ટેશન હશે. આ સાથે ભારત એકલું આ કારનામું કરનારો વિશ્વનો બીજો દેશ બની જશે, જ્યારે મૂન સ્પેસ સ્ટેશન બનાવનારો ભારત પહેલો દેશ હશે.

ચંદ્રયાન-3ને ચંદ્રના સાઉથ પોલ પર ઉતારીને ઈતિહાસ રચનાર ભારત સ્પેસ રિસર્ચમાં તમામને પાછળ છોડવા માટે તૈયાર છે. હાલમાં જ પોતાની સ્વદેશી હબલને વિકસિત કરીને નાસા અને યૂરોપિયન સ્પેસ એજન્સીને પડકાર આપનારા ભારતે હવે પોતાના સ્પેસ સ્ટેશન પર કામ શરૂ કરી દીધું છે. આ મિશન ખાસ એટલા માટે પણ છે, કારણ કે 2030માં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનને ડિસ્ટ્રોય કરી દેવાશે, ભારતનું સ્પેસ સ્ટેશનરિસર્ચમાં મોટી ભૂમિકા નિભાવી શકે છે.

# પંજાબમાં 3000 પંચાયત પદાધિકારી વિરોધ વગર ચૂંટાતાં SC પણ આશ્ચર્યમાં

**નવી દિલ્હી**

પંજાબમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૧૩૦૦૦ પંચાયત પદાધિકારીઓમાંથી ૩૦૦૦થી વધુને કોઈ પણ પ્રકારના વિરોધ વગર પસંદ કરવામાં આવ્યા હતા. જેને લઈને સુપ્રીમ કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. સાથે જ કહ્યું હતું કે જે પણ ઉમેદવારોના ઉમેદવારીપત્રો નકારવામાં આવ્યા હોય કે ફાડી નખાયા હોય તેઓ પંજાબ-હરિયાણા હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બેંચે અગાઉ આ સમગ્ર મામલે નોટિસ જારી કરી હતી. બેંચે કહ્યું હતું કે પીડિત વ્યક્તિ ઈલેક્શન ટ્રિબ્યૂનલ સમક્ષ અરજી કરી શકે છે. ટ્રિબ્યૂનલે આ મામલાનો નિકાલ છ મહિનામાં કરવાનો રહેશે.



# આઈસીસી રેન્કિંગ : હાર્દિક પંડ્યા નંબર વન ઓલરાઉન્ડર

દુબઈ : ICCએ તાજેતરમાં ક્રિકેટરોની રેન્કિંગ જાહેર કરી હતી. જેમાં ભારતીય ખેલાડીઓએ ધૂમ મચાવી દીધી હતી. ભારતનો સ્ટાર ક્રિકેટર હાર્દિક પંડ્યાને T20 ઓલરાઉન્ડર તરીકે પહેલા સ્થાને પહોંચી ગયો છે. તો બીજી તરફ દક્ષિણ આફ્રિકા સામેની T20 આંતરરાષ્ટ્રીય સીરિઝમાં બે બેક ટુ બેક સદી ફટકારનાર યુવા બેટર તિલક વર્માએ બેટરોની રેન્કિંગમાં 69 સ્થાનની મોટી છલાંગ લગાવી છે. આટલું જ નહીં જાદુઈ સ્પીનર વરુણ ચક્રવર્તી અને બેટર સંજુ સેમસનને પણ રેન્કિંગમાં ઘણો ફાયદો થયો છે. ભારતના અનુભવી ક્રિકેટર હાર્દિક પંડ્યાએ ફરીથી વિશ્વના ટોચના T20I ઓલરાઉન્ડર તરીકે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. પંડ્યાએ તાજેતરમાં જ દક્ષિણ આફ્રિકા સામેની T20 સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. જેના કારણે તે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નંબર-1 ઓલરાઉન્ડર બની ગયો હતો. તેણે ઈંગ્લેન્ડના લિયામ લિવિંગસ્ટોન અને નેપાળના દીપેન્દ્ર સિંહ એરીને પાછળ છોડી દીધા હતા. યુવા બેટર તિલક વર્માએ ICC મેન્સ T20I રેન્કિંગમાં ટોપ 10 બેટરોની યાદીમાં મોટી છલાંગ લગાવી છે. તે 69 ખેલાડીઓને પાછળ છોડીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. આનો અર્થ એ થયો કે તે હવે ભારતના ટોચના બેટરોની યાદીમાં સામેલ થઈ ગયો છે. જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવ એક સ્થાન નીચે ચોથા સ્થાને આવી ગયો છે. તિલક વર્માએ દક્ષિણ આફ્રિકા સામે તાજેતરની T20I સીરિઝની છેલ્લી બે મેચમાં સદી ફટકારીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. તિલક વર્માની જેમ સંજુ સેમસને પણ દક્ષિણ આફ્રિકા સામેની T20 સીરિઝમાં 2 સદી ફટકારી હતી. પરંતુ સેમસન પણ બે વખત 0 પર આઉટ થયો હતો. જેના કારણે તેને T20 રેન્કિંગમાં નુકસાન થયું હતું. સંજુ સેમસન હાલ 22મા સ્થાને છે.

# ચક દે ઇન્ડિયા : મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતની ચીન સામે જીત



મુંબઈ : ભારતીય મહિલા હોકી ટીમે ઈતિહાસ રચી દીધો છે. ભારત અને ચીન વચ્ચેની મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારતની મહિલા હોકી ટીમે 1-0થી ભવ્ય વિજય મેળવ્યો છે. બંને ટીમોએ શાનદાર પ્રદર્શન કરીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી હતી. ભારતીય ટીમ અત્યાર સુધીમાં એક પણ મેચ હારી ન હતી. જ્યારે ચીનની ટીમ એક મેચ હારી હતી. અગાઉ ભારત સેમિ ફાઈનલમાં જાપાનને 2-0થી હરાવીને ફાઈનલમાં પહોંચ્યું હતું. જાપાન સામેની રોમાંચક સેમિફાઈનલ મેચમાં નવનીત કૌર અને લાલરેમસિયામીએ છેલ્લા ક્વાર્ટરમાં એક-એક ગોલ કરીને ભારતને ભવ્ય વિજય અપાવ્યો હતો. આ ચેમ્પિયન્સ ટ્રોફી રાજગીર, બિહારમાં રમાઈ રહી છે.

# ચાઈના માસ્ટર્સ : સિંધુ બીજા રાઉન્ડમાં પરાસ્ત, ત્રીશા-ગાયત્રીની જોડી પણ હારી

## બેડમિન્ટન : વિમેન્સ કેટેગરીમાં ભારતનું અભિયાન પૂરું



નવી દિલ્હી : ચાઈના માસ્ટર્સ સુપર ૭૫૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતની ઓલિમ્પિયન પીવી સિંધુની સફર બીજા રાઉન્ડમાં જ થંભી ગઈ હતી. સિંધુને સિંગાપુરની ખેલાડી યિઓ જિયા મિન સામે ત્રણ સેટ સુધી રમાયેલી મેચમાં ૨-૧થી સામનો કરવો પડયો હતો. પ્રથમ સેટને એકતરફી સ્કોર ૧૬-૨૧થી હાર્યા બાદ સિંધુએ બીજી ગેમમાં ૨૧-૧૭થી જીતીને વળતી લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. નિર્ણાયક ગેમમાં તેણે એક સમયે ૧૩-૯ની લીડ મેળવી હતી પરંતુ જિયા મિને આક્રમક રમત દાખવવા ઉપરાંત સિંધુની ભૂલોનો ફાયદો ઉઠાવીને ગેમ ૨૧-૨૩થી જીતી લીધી હતી. બંને વચ્ચેની મેચ એક કલાક નવ મિનિટ સુધી રમાઈ હતી.

વિમેન્સ ડબલ્સમાં અનુપમા ઉપાધ્યાય અને માલવિકા બંસોડની જોડીનો ચીનની લ્યૂ શેંગ શૂ અને ટેન નિંગની જોડી સામે ૧૬-૨૧, ૧૧-૨૧ના સ્કોરથી સીધી બે ગેમમાં પરાજય થતાં બીજા રાઉન્ડમાં તેમનું અભિયાન પૂરું થઈ ગયું હતું. અનુપમાને જાપાનની નાત્સુકી નિદાઈરા સામે ૭-૨૧, ૧૪-૨૧થી તથા માલવિકાને થાઈલેન્ડની સુપાનિદા કેટથોંગ સામે ૯-૨૧, ૯-૨૧થી હારનો સામનો કરવો પડયો હતો.



# ક્લે કોર્ટના કિંગ રાફેલ નડાલની નિવૃત્તિ

## નિવૃત્તિ સમયે લાગણીશીલ બનેલા નડાલે કહ્યું - સારા માણસ તરીકે ઓળખાવા માગું છું

ટેનિસના મહાનતમ ખેલાડીઓ પૈકીના એક એવા સ્પેનના રાફેલ નડાલે મંગળવાર, નવેમ્બર 19 ના રોજ ટેનિસને અલવિદા કહી દીધું હતું. તેમણે પોતાના દેશ માટે વ્યાવસાયિક કારકિર્દીની અંતિમ મેચ ‘ડેવિસ કપ’માં રમી હતી, જેમાં તેમનો પરાજય થયો હતો. સ્પેનના નાનકડા ગામડામાં જન્મેલું બાળક ટેનિસ-જગતનો ‘કિંગ’ બનીને ભવ્ય કહેવાય એવો વારસો છોડી ગયો છે.ડેવિસ કપ ક્વાર્ટર ફાઈનલમાં સ્પેનનો મુકાબલો નેધરલેન્ડ સામે હતો, જે નેધરલેન્ડે 2-1થી જીતી લીધો હતો. પહેલી સિંગલ્સ મેચમાં સ્પેનના 38 વર્ષીય રાફેલ નડાલનો મુકાલબો વિશ્વના 80 મા ક્રમના બોટિક વાન ડી ઝેન્ડસ્ચલ્પ સાથે થયો હતો, જેમાં નડાલની 4-6, 4-6 ના સ્કોરથી હાર થઈ હતી. બીજી સિંગલ્સમાં કાર્લોસ અલ્કારાઝે ટેલોન ગ્રીકસ્પૂરને 7-6(7-0), 6-3થી હરાવીને સ્પેનને બરાબરી પર લાવી દીધું હતું, પણ ત્રીજી અને નિર્ણાયક ડબલ્સ મેચમાં નેધરલેન્ડની ટીમ 7-6(7-4), 7-6(7-3) જીતી જતાં સ્પેન સ્પર્ધામાંથી બહાર થઈ ગયું હતું. સ્પેનના મેલગા શહેરમાં રમાયેલ મેચમાં નડાલને છેલ્લી વાર રમતા જોવા માટે ભરચક ભીડ જામી હતી. ‘રાફા, રાફા’ના નારાથી સમગ્ર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ગુંજી ઉઠ્યું હતું. મેચ શરૂ થાય એ પહેલાં સ્પેનનું રાષ્ટ્રગીત વાગ્યું ત્યારે નડાલ ભાવુક થઈ ગયા હતા, વિદાય સમારંભમાં નડાલને પૂછવામાં આવ્યું હતું કે, ‘લોકો તમને કઈ રીતે યાદ રાખે, એ ગમશે?’ ત્યારે નડાલે જવાબ આપ્યો હતો કે, ‘રેકોર્ડ અને ટ્રોફીઓ તો છે, અને લોકો એના વિશે જાણતા જ હશે, પણ મને જો એક નાના ગામના ભલા માણસ તરીકે અને પોતાના સપનાં પૂરા કરવા માટે સખત મહેનત કરનાર બાળક તરીકે યાદ રાખવામાં આવશે તો વધુ ગમશે.’

# ભારત વગર ચેમ્પિયન્સ ટ્રોફી સંભવ નહીં થાય આઈસીસીએએ પાકિસ્તાનને રોકડું પરખાવ્યું

નવીદિલ્હી : પાકિસ્તાન 29 વર્ષ બાદ કોઈ આઈસીસી ટુર્નામેન્ટનું આયોજન કરવા જઈ રહ્યું છે. પરંતુ હવે આ ઈવેન્ટને લઈને ઘણાં વિવાદો ઊભા થઈ રહ્યા છે. કારણ કે ભારતે પાકિસ્તાન જવાનો ઈન્કાર કરી દીધો છે. આ પછી આઈસીસીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને હાઈબ્રિડ મોડલની ઓફર કરી હતી. પરંતુ પીસીબીએ તેનો ઈનકાર કરી દીધો હતો. ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં રમશે કે નહીં અને જો રમશે તો તેની મેચો ક્યાં યોજાશે તે અંગે હજુ સુધી સ્થિતિ સ્પષ્ટ નથી. બીજી તરફ આઈસીસીએ ભારત વિરુદ્ધ નિવેદન આપવા બદલ પાકિસ્તાનને ઠપકો આપ્યો છે. એક અહેવાલ અનુસાર, આઈસીસી આ ટુર્નામેન્ટને લઈને પીસીબી સાથે સતત વાતચીત કરી રહ્યું છે. આઈસીસીએ ફરી એકવાર પીસીબીને હાઈબ્રિડ મોડલ અનુસાર ટુર્નામેન્ટ યોજાવાની ઓફર કરી છે. આટલું જ નહીં આઈસીસીએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ભારતીય ટીમ વિના કોઈપણ આઈસીસી ટુર્નામેન્ટ શક્ય નથી. આ સિવાય આઈસીસીએ પીસીબીને ભારત વિરુદ્ધ નિવેદનો આપવાની મનાઈ કરી છે.’ પીસીબી સાથે વાતચીત કર્યા બાદ આઈસીસી ટૂંક સમયમાં ટુર્નામેન્ટનું શિડ્યૂલ જાહેર કરી શકે છે. જેને લઈને જુદા જુદા અહેવાલો સામે આવી રહ્યા છે. પીસીબી દ્વારા તૈયાર કરાયેલા ડ્રાફ્ટ શિડ્યૂલમાં ભારતીય ટીમની તમામ મેચ લાહોરમાં યોજાવાની હતી. પરંતુ હવે તેમાં ફેરફાર થઈ શકે છે.

# 15 વર્ષના ખેલાડીએ તોડ્યો તેંડુલકરનો મહારેકોર્ડ! 152 બોલમાં 24 છગ્ગા સાથે ફટકાર્યા 419 રન




મુંબઈ: યુવા ઓપનર આયુષ શિંદેએ હેરિસ શીલ્ડ ટુર્નામેન્ટમાં 419 રનની ઈનિંગ રમી. તેણે 152 બોલ પર 43 ચોગ્ગા અને 24 સિક્સર મારી. જનરલ એજ્યુકેશન એકેડેમી તરફથી રમતાં પાર્લ તિલક વિદ્યા મંદિર સામે આ ઐતિહાસિક ઈનિંગ રમી. આયુષે આ સાથે દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરના વર્ષો જૂના મહારેકોર્ડને પણ તોડી દીધો. ક્રોસ મેદાન પર રમાયેલી મેચમાં આયુષે પોતાનું નામ રેકોર્ડ બુકમાં નોંધાવી દીધું. તે અંડર 16 ટુર્નામેન્ટમાં સૌથી મોટી ઈનિંગ રમનાર બેટ્સમેનોની લિસ્ટમાં ચોથા નંબરે છે. વર્ષ 2009માં સરફરાઝ ખાને 12 વર્ષની ઉંમરમાં 439 રન બનાવ્યા હતા. આયુષની મેરેથોન ઈનિંગના દમ પર તેની ટીમ 464 રનથી જીત નોંધાવવામાં સફળ રહી. આયુષ શિંદેએ એક સાથે સચિન તેંડુલકર અને વિનોદ કાંબલીને પાછળ છોડી દીધા. સચિને શારદા વિદ્યા મંદિર તરફથી રમતાં 326 રનની ઈનિંગ રમી હતી જ્યારે વિનોદ કાંબલીએ 349 રન બનાવ્યા હતા. બંનેએ 664 રન કરીને રેકોર્ડ ભાગીદારીની ટીમને મોટી જીત અપાવી હતી.

# નાઈજિરિયામાં સૈનિકોના કાફલા પર હુમલો, 50 આતંકીઓ ઠાર

**નાઈજિરિયા**

નાઈજીરિયાના બોર્નો રાજ્યમાં બોકો હરામના 200થી વધુ આતંકવાદીઓ નાઈજીરિયન સૈનિકોના સુરક્ષા કાફલા પર હુમલો કરી રહ્યા હતા. તક મળતાં જ તેણે અધિકારીઓ પર હુમલો કર્યો. આ દરમિયાન બોકો હરામના 50 જેટલા આતંકીઓ પણ માર્યા ગયા હતા. લગભગ 200 બોકો હરામ આતંકવાદીઓ પેટ્રોલિંગ કરી રહેલા સુરક્ષા દળો પર હુમલો કરી રહ્યા હતા.

નાઈજીરીયાની પાવર ગ્રીડ સંસ્થાઓની સુરક્ષા માટે તૈનાત 7 અધિકારીઓ પણ ગુમ છે. નાઈજીરીયાની સુરક્ષા એજન્સીના પ્રવક્તા બાબાવાલે અફોલાબીએ જણાવ્યું હતું કે નાઈજીરીયાના સુરક્ષા કર્મચારીઓ પેટ્રોલીંગની કામગીરી પર હતા. બોકો હરામના આતંકવાદીઓએ ત્યાં સુરક્ષા દળોને નિશાન બનાવ્યા હતા. આ હુમલા દરમિયાન 7 આતંકીઓ પણ ઘટનાસ્થળેથી ફરાર છે. જે નાઈજીરીયાના જંગલો અને ઝાડીઓમાં શોધી કાઢવામાં આવી રહ્યા છે. આ હુમલામાં સુરક્ષા દળોના કેટલાક અધિકારીઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોકો હરામના આતંકવાદીઓ નાઈજીરીયાના પૂર્વોત્તર ભાગમાં હાજર છે.

બોકો હરામના આતંકવાદીઓ મોટાભાગે નાઈજીરિયાના મુસ્લિમ પ્રભુત્વવાળા વિસ્તારોમાં હાજર છે. બોકો હરામ સંગઠનના આતંકવાદીઓએ પહેલા સૈનિકો અને બાદમાં નાગરિકો પર પણ હુમલો કર્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગયા સપ્તાહે શનિવારે 5 શંકાસ્પદ બોકો હરામ આતંકવાદીઓ પણ માર્યા ગયા હતા.



# ઈઝરાયેલના PM નેતન્યાહુ વિરુદ્ધ ICCએ ધરપકડ વોરંટ જારી કર્યું

**જેરુસલેમ**

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ના ન્યાયાધીશોએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ તેમજ હમાસના લશ્કરી કમાન્ડર સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે. એક પ્રી-ટ્રાયલ ચેમ્બરે કોર્ટના અધિકારક્ષેત્રમાં ઈઝરાયલી પડકારોને નકારી કાઢ્યા હતા અને બેન્જામિન નેતન્યાહુ અને યોવ ગાલાન્ટ માટે વોરંટ જારી કર્યા હતા,

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ના ન્યાયાધીશોએ બેન્જામિન નેતન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ તેમજ હમાસના લશ્કરી કમાન્ડર સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે. એક નિવેદનમાં જણાવાયું છે કે મોહમ્મદ દેઈફ માટે પણ વોરંટ જારી કરવામાં આવ્યું હતું, જોકે ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તે જુલાઈમાં ગાઝામાં હવાઈ હુમલામાં માર્યો ગયો હતો. જાણવા મળ્યું છે કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ દરમિયાન કથિત યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ત્રણેય વ્યક્તિઓ "ગુનાહિત જવાબદારી" લે છે તે માનવા માટે "વાજબી કારણો" હતા.

# પાકિસ્તાનમાં બનશે સ્વામીનારાયણ મંદિર ટ્રસ્ટી સાથે સંતોની વાતચીત-મીટિંગો શરૂ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં સ્વામીનારાયણ મંદિર બનશે તેવા સમાચાર સામે આવી રહ્યા છે. પાકિસ્તાનમાં સ્વામિનારાયણની ગુંજ સંભળાશે. આ અંગે જાણકારી મળતા કાલુપુર સ્વામિનારાયણ મંદિરના હરિ ભક્તોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. અમદાવાદથી સંતો કરાંચી મંદિર માટે જશે. વિશ્વમાં આવેલા અનેક સ્વામિનારાયણ મંદિરોમાંથી સૌ પ્રથમ કાલુપુરમાં સ્થાપના થઈ હતી. જેથી પાકિસ્તાનમાં પણ કાલુપુર મંદિરની ડિઝાઈન સમાન



જ પાકિસ્તાનમાં મંદિર બનશે. ક્યાં બે સંતોને પાકિસ્તાન મોકલવા તે મુદ્દે આગામી દિવસમાં જાહેરાત કરાશે. મંદિરના સ્ટ્રક્ચર સહિત મુદ્દે ટ્રસ્ટી સાથે સંતોની વાતચીત મિટિંગ શરૂ કરવામાં આવી છે. સ્વામિનારાયણ મંદિર પાકિસ્તાનમાં ઝડપી બને તે દિશામાં કામ કરાશે.

એક સમયે પાકિસ્તાનમાં અસંખ્ય હિન્દુ મંદિરો હતા. પરંતુ કાળક્રમે તે નાશ થતા ગયા. મુસ્લિમ વસ્તીને કારણે પાકિસ્તાનમાં હિન્દુ મંદિરો પર આક્રમણ કરીને તેનો નાશ કરી દેવાયો. હવે ત્યાં ગણ્યાગાંઠ્યા હિન્દુ મંદિરો બચ્યા છે. ત્યારે હવે કાલુપુર સ્વામીનારાયણ સંપ્રદાય એક મોટું પગલું લેવા જઈ રહ્યું છે. કાલુપુર સંપ્રદાય પાકિસ્તાનમાં આવેલા સ્વામીનારાયણ મંદિરનું નવનિર્માણ કરાવશે.

# યુક્રેન પર રશિયાનો ખતરનાક હુમલો, યુદ્ધમાં પહેલીવાર આઈસીબીએમ મિસાઈલો છોડી

**કીવ**

યુક્રેન-રશિયા યુદ્ધ હવે ભયાનક સ્થિતિમાં પહોંચી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. યુક્રેને અમેરિકન અને બ્રિટિશ મિસાઈલો વડે રશિયન શહેરોને નિશાન બનાવ્યા બાદ હવે રશિયાએ પણ પોતાનો દાવ ખેલ્યો છે. ગુરુવારે યુક્રેને કહ્યું કે લગભગ 3 વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધમાં રશિયાએ પહેલીવાર યુક્રેન પર ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છોડી છે. રશિયાએ યુક્રેનના ડિનિપ્રો શહેર પર 21 નવેમ્બરે સવારે 5 થી 7 વાગ્યાની વચ્ચે ICBM મિસાઈલ વડે યુક્રેનિયન શહેર ડિનિપ્રો પર તાબડતોડ હુમલા



કર્યા છે. આ માટે રશિયાએ RS-26 Rubezh મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની શક્યતા છે. જેને અસ્ત્રાખાન વિસ્તારમાંથી છોડવામાં આવી હતી. યુક્રેનની વાયુસેનાએ આ હુમલાની પુષ્ટિ કરી છે. આ મિસાઈલ ઉપરાંત કિંઝલ હાઈપરસોનિક અને KH-101 ક્રૂઝ મિસાઈલોથી પણ હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનની વાયુસેનાએ એ વાતની પુષ્ટિ કરી છે કે, અમારી મહત્વપૂર્ણ સંસ્થાઓ, ઈમારતો અને માળખાને નુકસાન થયું છે. આ હુમલામાં બિન-પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ક્રૂઝ મિસાઈલો છોડવા માટે રશિયાએ તેના લાંબા અંતરના બોમ્બર Tu-95MS નો ઉપયોગ કર્યો છે. આ બોમ્બરોએ વોલ્ગોગ્રાડ વિસ્તારમાંથી ઉડાન ભરી હતી. જ્યારે કિંઝલ હાઈપરસોનિક મિસાઈલોને તામ્બોવ વિસ્તારમાંથી ઉડાન ભરેલ MiG-31K ફાઈટર જેટમાંથી છોડવામાં આવી હતી.

# ચીનમા એક રોબોટે બીજી કંપનીના 12 મોટા રોબોટ્સનું અપહરણ કર્યું

**શાંઘાઈ**

ઈન્ટરનેટ જગતમાં સનસનાટી ફેલાવતી અને સાથે-સાથે ભયભીત કરી દેતી એક આશ્ચર્યજનક ઘટનામાં ચીનના હાંગઝોઉમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત એક નાનકડા રોબોટે શાંઘાઈ રોબોટિક્સ કંપનીના શોરૂમમાંથી 12 મોટા રોબોટ્સનું સફળતાપૂર્વક 'અપહરણ' કર્યું હતું. CCTV ફૂટેજમાં કેદ થયેલી આ અસામાન્ય ઘટનાથી આધુનિક AIની સંભવિત અસરો અંગે વ્યાપક ચર્ચા અને ચિંતાને વેગ આપ્યો હતો.સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે એર્બી નામનો નાનો રોબોટ મોટા રોબોટ્સ સાથે વાતચીત કરી રહ્યો છે અને મોટા રોબોટ્સને વર્ક સ્ટેશન છોડી શોરૂમની બહાર જવા માટે સમજાવે છે. મોટા રોબોટ્સ એર્બીના આદેશોનું પાલન કરી શોરૂમમાં બહાર નીકળી જાય છે. નાનો રોબોટ બીજા એક રોબોટ સાથે વાતચીત પણ કરે છે. મોટો રોબોટ કહે છે કે મને કામમાંથી ક્યારે છૂટકારો મળતો નથી. આ પછી નાનો રોબોટ કહે છે કે તો શું તું ઘરે નથી જતો. તેનાજવાબમાં મોટો રોબોટ કહે છે કે મારે ઘર નથી. આ સાંભળીને નાનો રોબોટ કહે છે કે આવું હોય તો મારી સાથે ઘરે ચાલ.આ અંગેના વીડિયોને શરૂઆતમાં રમૂજી છેતરપિંડી ગણીને ફગાવી દેવામાં આવ્યો હતો.

# ગયાનામા મોદીનું સંબોધન : લોકશાહી આપણા ડીએનએમાં, ધ્યેયોમાં અને વર્તનમાં પણ છે

**નવી દિલ્હી**

પીએમ મોદીએ કહ્યું કે સમાવેશી સમાજના નિર્માણ માટે લોકશાહીથી મોટું કોઈ માધ્યમ નથી. લોકશાહી આપણા ડીએનએમાં, આપણા ધ્યેયોમાં અને આપણા વર્તનમાં છે. તેથી જ્યારે વિશ્વને એક કરવાની વાત આવી ત્યારે ભારતે તેના G20 પ્રમુખપદ દરમિયાન એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યનો મંત્ર આપ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ગયાનામાં સંસદના વિશેષ સત્રને સંબોધિત કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને ગયાના વચ્ચેના સંબંધો ગાઢ છે. તે માટી, પરસેવો અને મહેનતનો સંબંધ છે. લગભગ 180 વર્ષ પહેલાં, એક ભારતીય ગયાનાની ધરતી પર આવ્યો હતો અને ત્યારથી, સુખ અને દુઃખ બંનેમાં, ભારત અને ગયાના વચ્ચેના સંબંધો આત્મીયતાથી ભરેલા છે.

# જેલમાંથી મુક્તીના કલાકોમાં પાકિસ્તાનના પૂર્વ PM ઇમરાન ખાનની ફરીવાર ધરપકડ

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને કથિત ભ્રષ્ટાચારના કેસમાં જામીન મળ્યાના થોડા કલાકો પછી વિરોધ પ્રદર્શન મામલે ધરપકડ કરવામાં આવી હતી. આ નવી ધરપકડ સાથે ખાનની જેલમાંથી મુક્ત થવાની સંભાવનાઓ ખતમ થઈ ગઈ છે.

ઈસ્લામાબાદ હાઈ કોર્ટે તોશખાના સંબંધિત અન્ય કેસમાં ખાનને જામીન આપ્યા બાદ તેમની મુક્તિની આશાઓ વધી ગઈ હતી. આ મામલો એક મોંઘા બુલગારી જ્વેલરી સેટને ખૂબ જ ઓછી કિંમત પર ખરીદવા સંબંધિત છે.

ઈસ્લામાબાદ હાઈ કોર્ટમાંથી તેને જામીન મળ્યાના કેટલાક કલાકો પછી રાવલપિંડી પોલીસે ન્યૂ ટાઉન પોલીસ સ્ટેશનમાં આતંકવાદ અને અન્ય આરોપો પર દાખલ કેસમાં મોડી રાત્રે ખાનની ધરપકડ કરી હતી. પોલીસે આરોપ લગાવ્યો હતો કે ખાને રાવલપિંડીની અદિયાલા જેલમાં કેદ દરમિયાન 28 સપ્ટેમ્બરે રાવલપિંડીમાં વિરોધ પ્રદર્શનનું આહવાન કર્યું હતું. 28 સપ્ટેમ્બરે નોંધાયેલા કેસમાં ખાનની અટકાયત કરવામાં આવી છે અને આરોપોની તપાસ માટે એક ટીમને કામ સોંપવામાં આવ્યું છે.

# ત્રીજા વિશ્વ યુદ્ધનો ઘૂઘવાટ : રશિયાની ધમકીથી US ગભરાયું, કીવ સ્થિત દૂતાવાસ બંધ કર્યો

**મોસ્કો**

રશિયા-યુક્રેન યુદ્ધ હવે ચરમસીમાએ પહોંચી રહ્યું છે. તેવે સમયે અમેરિકાએ કીવ સ્થિત પોતાનો દૂતાવાસ બંધ કરી દીધો છે અને કર્મચારીઓને સુરક્ષિત સ્થાનોએ પહોંચી જવા કહી દીધું છે. તેટલું જ નહીં પરંતુ અમેરિકી દૂતાવાસના અધિકારીઓએ નિકટવર્તી મિત્ર દેશોના રાજદૂતોને પણ તેઓના દૂતાવાસો બંધ કરી પોત પોતાના અધિકારીઓ અને કર્મચારીઓને સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવા જણાવી દીધું છે. યુક્રેન રશિયાનો જબરજસ્ત સામનો કરી રહ્યું છે. પરંતુ રશિયાના એક ધાર્યા હવાઈ અને મિસાઈલ હુમલાથી પરિસ્થિતિ બેહદ ખરાબ થઈ છે. અમેરિકાએ યુક્રેનમાં રહેતા અન્ય અમેરિકી નાગરિકોને પણ ચેતાવી દીધા છે.

# સિનિયર્સ ક્લબ બ્રામ્પ્ટનનો દિવાળી અને નૂતન વર્ષનો કાર્યક્રમ

## ગીત-સંગીત અને નૃત્યની પ્રસ્તુતિ બાદ સભ્યોને નવુ વર્ષ અને જન્મ દિનની શૂભેચ્છા પાઠવી : પ્રીતિ ભોજનનો કાર્યક્રમ પણ યોજાયો







**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પ્ટનનો દિવાળી અને નૂતન વર્ષનો રંગારંગ કાર્યક્રમ 10મી નવેમ્બરના રોજ યોજાયો હતો. પ્રાર્થના અને ભજનથી શરૂ થયેલા કાર્યક્રમમાં હસમુખભાઈ પટેલે કલબના તમામ સભ્યોને નૂતનવર્ષાભિનંદન પાઠવ્યા હતા. જે બાદ ઈશ્વરભાઈ પટેલે "એ માલિક તેરે બંદે હમ" સૂરીલા રાગમાં ગાઈને સભ્યોને આનંદવિભોર કરી દીધા હતા. પ્રદ્યુમ્ન ભટ્ટે સભ્યોને જાતીઓમાં વિભક્ત થવાને બદલે સૌને સનાતનનો સ્વીકાર કરવાની વિનંતી કરી હતી. આ સાથે જ કુસુમબેન પટેલે તથા ચંદ્રકાંતભાઈ શુકલે તમામ સભ્યોને આશીર્વચન પાઠવ્યા હતા. રાજેશ્વરીબેન શુકલે "મેં તો ઉબર પર દીવડો મેલ્યો, ઘર મારું ઝળહળતું" ગીત પર સુંદર નૃત્ય કર્યુ હતુ. અતુલભાઈ પંડયાએ "જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમકી ગંગા બહાતે ચલો" સુંદર અવાજમાં ગીત રજૂ કર્યું હતુ. અજયભાઈ શુકલે "આપ કો હમારી કસમ લૌટ આઈએ" ગીત ગાઈને સૌને આનંદિત કર્યા હતા. અંતે અતુલભાઈ પંડયાએ "એકલા જ આવ્યા મનવા એકલા જ જવાના સાથી વિના સંગી વિના એકલા જવાના" ગીત ગાઈને સૌને ભાવવિભોર બનાવી દીધા હતા. સજ્જનસિંહ પરમારે જન્મદિવસ શુભેચ્છા માટે સભ્યોને આમંત્રિત કર્યા અને તેમને તમામ સભ્યોએ જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. સૌ સભ્યોએ ભોજનમા દાળ, ભાત ઉંધિયું, પૂરી, ખમણ અને મોહનથાળ આરોગી આનંદ માણ્યો હતો. હસમુખભાઈ પટેલે મોહનથાળના મનોરથી રાજેશ્વરીબેન શુકલ તથા ખમણના મનોરથી હસમુખભાઈ પ્રજાપતિનો સૌ સભ્યોવતી આભાર માન્યો હતો. ક્લબ તરફથી તમામ સભ્યોને "હલ્દીરામની સોનપાપડી" નું પેકેટ દિવાળી ગિફ્ટ તરીકે એનાયત કરવામાં આવ્યું હતુ.

# ટ્રમ્પની જીત બાદ ભારતીયોએ 'લીગલ ઈમિગ્રેશન' અને અમેરિકનોએ 'કેનેડા જવાની પદ્ધતિ' અંગે સર્ચ કર્યું

## સ્ટીફન મિલરની ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્તિ થતાં જ અસર

**વોશિંગ્ટન**

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીનું પરીણામ ૬ નવેમ્બરે જાહેર થયું હતું, જેમાં ડેમોક્રેટ ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પના વિજયની જાહેરાત થઈ હતી. જોકે, આ સાથે માત્ર ભારતીયો જ નહીં અમેરિકનો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ તેમની આકરી વિઝા નીતિ માટે જાણિતા છે. આથી તેમને વિજયી જાહેર કરાવાની સાથે જ ભારતમાં ૬ નવેમ્બરે ગૂગલ સર્ચમાં 'લીગલ ઈમિગ્રેશન', 'એચ૧-બી વિઝા' અને 'યુએસ બર્થ સિટિઝનશિપ' જેવા વિષયો પર સર્ચમાં અચાનક ઊછાળો આવ્યો હતો.



ગૂગલ ટ્રેન્ડ્સ મુજબ આ સર્ચમાં પંજાબ સૌથી આગળ હતું. ત્યાર પછી તેલંગણા, આંધ્ર પ્રદેશ, હરિયાણા અને કેરળનો ક્રમ આવે છે. ભારતીયોએ ગૂગલ સર્ચમાં 'સ્ટીફન મિલર' જેવા વિષય પર પણ સર્ચ કર્યું હતું. સ્ટીફન મિલરને ટ્રમ્પે ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ નિયુક્ત કર્યા છે, જે આકરી ઈમિગ્રેશન નીતિઓ માટે ઓળખાય છે. તેમના નેતૃત્વમાં એચ૧બી વિઝા જેવા વર્ક વિઝાની અરજીઓ રિજેક્ટ થવાની સંભાવના વધી શકે છે. ભારતમાં તેલંગણા, ચંડીગઢ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુમાં એચ૧-બી વિઝા સર્ચનું પ્રમાણ વધ્યું હતું.

ટ્રમ્પના વિજય સાથે અમેરિકામાં પણ ઈમિગ્રેશન અને સામાજિક મુદ્દાઓ પર ચિંતા વધી છે. અમેરિકાના મેન, વરમોન્ટ, ન્યૂ હેમ્પશાયર, ઓરેગન અને મિનેસોટા જેવા ડેમોક્રેટિક રાજ્યોમાં 'કેનેડા જવાની પદ્ધતિ' જેવા સવાલોનું પ્રમાણ ગૂગલ સર્ચમાં વધ્યું હતું. વધુમાં અમેરિકન મહિલાઓમાં જન્મ નિયંત્રણ ઉપાયો પર સંભવિત પ્રતિબંધો અંગે પણ ચિંતા વધી છે. ટ્રમ્પના સત્તા પર પાછા આવતા મિસિસિપી, વેસ્ટ વર્જિનિયા, અલબામા, લુઈસિયાના અને કેન્ટકી જેવા રાજ્યોમાં 'બર્થ કંટ્રોલ' સંબંધિત સર્ચમાં ઉછાળો આવ્યો હતો.

# એરપોર્ટ પર આવતા ભારતીયોનું ખાસ ચેકિંગ કરો, ટ્રુડો સરકારનો નિર્ણય

**ઓન્ટેરિયો**

ભારત અને કેનેડા વચ્ચે વધતા તણાવ વચ્ચે હવે કેનેડાથી ભારત આવતા મુસાફરોની વધુ સુરક્ષા તપાસ કરવામાં આવશે. ભારત આવતા લોકો તથા તેમના સામાનનું એરપોર્ટ પર ખાસ સ્ક્રિનિંગ કરવામાં આવશે. જેના કારણે મુસાફરોની તપાસમાં થોડો વધુ સમય લાગશે. કેનેડાના પરિવહન મંત્રી અનિતા આનંદે સોમવારે સાંજે આ નિર્ણય વિશે વાત કરતા તેને નવા અસ્થાયી પ્રોટોકોલનો એક ભાગ ગણાવ્યો હતો, જેને ખૂબ જ સાવધાની પૂર્વક લાગુ કરવામાં આવ્યો છે.

આ સુરક્ષા પ્રોટોકોલ કેનેડિયન એર ટ્રાન્સપોર્ટ સિક્યુરિટી ઓથોરિટી (CATSA) દ્વારા લાગુ કરવામાં આવશે. CATSA એ એજન્સી છે જે કેનેડિયન એરપોર્ટના પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશતા પહેલા મુસાફરો અને તેમના સામાનની તપાસ કરશે.

નવા પ્રોટોકોલ મુજબ, એર કેનેડાએ ભારત મુસાફરી કરતા મુસાફરોને લાંબા સિક્યુરિટી ટાઈમ અંગેની જાણકારી આપી દીધી છે. જેના માટે મુસાફરોએ ચાર કલાક પહેલા એરપોર્ટ પર પહોંચવાનું રહેશે.

રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે દાવો કર્યાના એક મહિના પછી ભારત મુસાફરી કરતા પ્રવાસીઓ માટે સુરક્ષા પ્રોટોકોલ કડક કરવાનું પગલું ભરવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે તેમની પાસે ભારત સરકાર વતી કામ કરતા એજન્ટોની સંડોવણીના પુરાવા છે, જેઓ કેનેડામાં ગેરવસૂલી, ધાકધમકી, સતામણી જેવા સંગઠિત ગુનાઓમાં સામેલ હતા.

ત્યારે સામે ભારતે કેનેડિયન પોલીસના આ દાવાને રદિયો આપ્યો હતો. ઓટાવાના આરોપોને નકારી કાઢ્યા બાદ ભારતે કેનેડા ખાતેના તેના હાઈ કમિશનર સંજય કુમાર વર્માને પણ પાછા બોલાવ્યા હતા. ત્યારથી બંને દેશોએ એકબીજાના ટોચના રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા.

# G-20 સમિટ : મોદીએ ટ્રુડો સામે સ્મિત કર્યું, પણ હાથ ન મિલાવ્યો

**રિયો ડી જેનેરિયા**



બ્રાઝિલની રાજધાની રિયો ડી જેનેરિયામાં G20 સમિટનું સમાપન થયું છે. દક્ષિણ આફ્રિકાને 2025માં યોજાનારી આગામી સમિટની યજમાની કરવાની તક મળી છે. તમામ સભ્યો દ્વારા જાહેર કરાયેલા સંયુક્ત ઘોષણાપત્રમાં ભૂખમરા સામે લડવા માટે વૈશ્વિક સમજૂતી, યુદ્ધગ્રસ્ત ગાઝા માટે વધુ સહાય અને મધ્ય પૂર્વ અને યુક્રેનમાં લડાઈનો અંત લાવવા માટે અપીલ કરાઈ હતી.

G 20 સમિટના બીજા દિવસે ફોટો સેશનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રમુખ જો બાઈડેન અને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સાથે જોવા મળ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદી હસતા જોવા મળ્યા, ટ્રુડો હસતા હતા અને બાયડેન બંને સાથે વાત કરી રહ્યા હતા. જો બાઈડેન વડાપ્રધાન મોદીના ખભા પર હાથ મુક્યો હતો. જ્યારે વડાપ્રધાન મોદી કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડો સામે હસતા હતા, પરંતુ હાથ મિલાવ્યો નહતો. ભારત અને કેનેડા વચ્ચેનો વિવાદ ગયા વર્ષે G 20 સમિટ બાદ શરૂ થયો હતો. ત્યારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ભારત પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો.

# નવા વર્ષમાં અમેરિકા બોર્ડરથી એન્ટ્રીના 35 પોર્ટ ઉપર પ્રક્રિયાના સમય બદલાશે

**ટોરોન્ટો**

જે લોકો વારંવાર કેનેડા-યુએસ બોર્ડર પાર કરે છે તેઓને નવા વર્ષમાં મુસાફરી માટે મુશ્કેલી પડશે. કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી કહે છે કે 6 જાન્યુઆરીના રોજ સ્થાનિક સમય મુજબ સવારે 12:01 વાગ્યે, કેનેડા અને યુએસ બંને માટે સુરક્ષા વધારવાના માર્ગ તરીકે પ્રવેશના 35 બંદરો તેમની સેવાના કલાકોને સમાયોજિત કરશે. મેનિટોબામાં પ્રવેશના 12, ક્યૂબેકમાં 10, સાસ્કાચેવાનમાં છ, ન્યૂ બ્રુન્સવિકમાં ચાર, બી.સી.માં બે બંદરો પર અઠવાડિયામાં સાત દિવસ કલાકો ગોઠવવામાં આવશે.

સમયના ફેરફારો સરહદના આધારે બદલાય છે, જેમાં પ્રવેશના કેટલાક બંદરો ખુલ્લા સમયને એક કલાક અને અન્ય પાંચ કલાકથી ટૂંકાવે છે. વાણિજ્યિક પ્રવેશ સમયના ફેરફારો સમગ્ર દેશમાં બદલાય છે. આ અપડેટ સેવા યુનાઈટેડ સ્ટેટ્સના સહયોગથી બનાવવામાં આવી હતી અને દરેક સરહદ પર જરૂરી કામગીરી, પીક પીરિયડ્સ અને સેવાઓના વિશ્લેષણના આધારે 100 કિલોમીટરની અંદર સરહદ પાર કરવાના વૈકલ્પિક વિકલ્પ સાથે પ્રવેશ અપાશે એમ બોર્ડર સર્વિસે જણાવ્યું હતું.

મીડિયાના અહેવાલો મુજબ યુ.એસ. તેમના ક્રોસિંગ સમયને પણ સમાયોજિત કરશે, જેથી બંને દેશો અસ્વીકાર્ય




પ્રવાસીઓ અને માલસામાનને અન્ય દેશમાં પાછા ફરવાની મંજૂરી આપવા ખુલ્લા સમયનું સંકલન કરે તે આવશ્યક બની રહેશે. કલાકોમાં ફેરફારના પરિણામે સરહદ અધિકારીઓને અમલીકરણ પ્રવૃત્તિઓનું સંચાલન કરવા અને પ્રવેશના વ્યસ્ત બંદરો પર પ્રવાસીઓની પ્રક્રિયામાં મદદ કરવા માટે વધુ સંસાધનો મળશે. કેનેડા સાથેની સરહદે યુએસ બોર્ડર પેટ્રોલ એન્કાઉન્ટર્સ 2023ની શરૂઆતથી ઝડપથી વધી રહ્યા છે. કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીના વરિષ્ઠ પ્રવક્તા રેબેકા પર્ડીએ સીબીસીને એક ઈમેલમાં જણાવ્યું હતું કે કેનેડા-યુએસ બોર્ડર પરના ફેરફારો ડોનાલ્ડ ટ્રમ્પની પ્રમુખ તરીકેની તાજેતરની ચૂંટણીના પગલે કરવામાં આવ્યા નથી. સેવામાં આ ગોઠવણ માટે વિશ્લેષણ અને આયોજન ઘણા મહિનાઓથી થયું હતું અને તે યુ.એસ.ની ચૂંટણી સાથે સંબંધિત નથી.

# USની કાર્યવાહી બાદ અદાણીએ 600 મિલિયન ડૉલરના બૉન્ડ રદ કર્યા



**વૉશિંગ્ટન**

દેશના ધનિક બિઝનેસમેન ગૌતમ અદાણી પર અમેરિકાના સિક્યોરિટીઝ ઍન્ડ ઍક્સચેન્જ કમિશન (SEC) દ્વારા છેતરપિંડી અને લાંચના આરોપો મૂકાયા બાદ અદાણી ગ્રૂપે 600 મિલિયન ડૉલર (અંદાજે રૂ. 5066 કરોડ)નો બૉન્ડ રદ કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકાના પ્રોસિક્યુટર દ્વારા આરોપો મૂકાતાં અદાણી ગ્રૂપે બૉન્ડની કિંમત નક્કી કર્યા બાદ થોડા જ કલાકોમાં તેને રદ કરવાની જાહેરાત કરી છે.

આ સમગ્ર મામલે અદાણી ગ્રીને નિવેદન જાહેર કર્યું છે કે, અમેરિકાના પ્રોસિક્યુટર અને SEC દ્વારા અમારા બોર્ડના સભ્યો ગૌતમ અદાણી, સાગર અદાણી વિરુદ્ધ ન્યૂયોર્કની એક યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે આરોપોની નોટિસ મળી છે. યુએસ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસે અમારા બોર્ડના સભ્ય વિનીત જૈનને પણ તેમાં સામેલ કર્યા છે. આ ઘટનાને ધ્યાનમાં લેતાં કંપનીએ અદાણી ગ્રીનનો પ્રસ્તાવિત બૉન્ડ ઈશ્યૂ રદ કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકાના પ્રોસિક્યુટરની ફરિયાદમાં ગૌતમ અદાણીના અદાણી ગ્રૂપના આઠ અધિકારીઓ જેમાં ભત્રીજા સાગર અદાણી, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારીઓ અને એજ્યોર પાવર ગ્લોબલ લિ.ના કાર્યકારી સિરિલ કાબેનેસ વિરુદ્ધ આરોપો મૂકાયા છે. હિન્ડનબર્ગના આરોપોમાં ક્લિનચીટ મળ્યા બાદ અદાણી ગ્રૂપ પર લાંચનો આરોપ મૂકાતાં જ અદાણીના શેરોમાં 25% સુધીનો કડાકો નોંધાયો હતો.

## USમાં આરોપો બાદ કેન્યાએ 700 મિલિયન ડોલર પાવર ટ્રાન્સમિશન ડીલ રદ કરી

કેન્યાના રાષ્ટ્રપતિ વિલિયમ રૂટોએ દેશને સંબોધિત કરતા ભારતીય કંપની અદાણી ગ્રૂપની સાથે થયેલા તમામ કરાર રદ કરવાની જાહેરાત કરી છે. આ કરાર હેઠળ વીજ ટ્રાન્સમિશન અને એરપોર્ટ વિસ્તાર જેવી મોટી પરિયોજનાઓ સામેલ હતી. કેન્યા સરકારે અદાણી ગ્રૂપની સાથે થયેલા 700 મિલિયન ડોલરના પાવર ટ્રાન્સમિશન ડીલ રદ કરી દીધી છે. આ ડીલ દેશમાં વીજળીના ટ્રાન્સમિશન માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાને લઈને હતી. આ સિવાય અદાણી ગ્રૂપના 1.8 બિલિયન ડોલર, જે એક ઈન્ટરનેશનલ એરપોર્ટના વિસ્તાર માટે હતો, તેને પણ રદ કરી દેવાયો છે. અદાણી ગ્રૂપ પર તાજેતરમાં અમેરિકામાં લાંચ લેવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આ આરોપો બાદ કેન્યા સરકારે આ પગલું ભર્યું છે. રાષ્ટ્રપતિ રૂટોએ કહ્યું કે, 'તેમની સરકાર પારદર્શિતા અને ઈમાનદારીના સિદ્ધાંતો પર કામ કરે છે અને દેશની છાપ અને હિતોની વિરુદ્ધ હોય તેવા કરારોને મંજૂરી આપશે નહીં.રાષ્ટ્રપતિ રૂટોએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, 'અમે એવા કોઈપણ કરારને સ્વીકારીશું નહીં જે આપણા દેશની નીતિઓ અને મૂલ્યોની વિરુદ્ધ જાય.' કેન્યા સરકારના આ નિર્ણયની દેશની વિકાસ યોજનાઓ પર શું અસર પડશે તે જોવું રસપ્રદ રહેશે.

## 'ગૌતમ અદાણી સામેના લાંચના આરોપોની CBI તપાસ થવી જોઈએ', વિપક્ષી દળોનું હલ્લાબોલ

દેશના જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુદ્ધ અમેરિકામાં કૌભાંડ અને લાંચ આપવાના સનસનીખેજ આરોપ લગાવાયા છે. અમેરિકામાં બુધવારે દાખલ એક કેસમાં તેમના વિરુદ્ધ પોતાની એક કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવાના બદલામાં ભારતીય અધિકારીઓને 25 કરોડ ડોલર (આશરે 2236 કરોડ રૂપિયા)ની લાંચ આપવાની તૈયારી બતાવી હતી. હવે આ મામલે દેશભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. વિપક્ષોનું કહેવું છે કે, 'અદાણી સામેના લાંચના આરોપોની CBI તપાસ થવી જોઈએ. તેમની ધરપકડ કરવામાં આવે. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નિવેદન આપવું જોઈએ. આ ભારતની પ્રતિષ્ઠાનો મામલો છે.' તો બીજીતરફ અદાણી ગ્રૂપે પણ આ મામલે નિવેદન આપ્યું છે.

### રાજકારણીની સાંઠગાંઠની તપાસ કરવી જોઈએ : મલ્લિકાર્જુન ખડગે

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પ્રતિક્રિયા આપી છે. તેમણે X પર પોસ્ટ કર્યું છે કે, 'જ્યારે ટોચના ભારતીય ઉદ્યોગપતિ પર અન્ય દેશ આરોપ લગાવે છે, ત્યારે તેના કારણે દેશની છબી બગડે છે. વડાપ્રધાન મોદી અને અદાણી દ્વારા ઉભી કરાયેલી મૂડીવાદીઓ, સમાધાનકારી અમલદારો અને કેટલાક રાજકારણીઓની સાંઠગાંઠની તપાસ કરવી જોઈએ અને તેનો નાશ કરવો જોઈએ.

### અદાણી પર પહેલા પણ આરોપો લાગ્યા હતા : ફારુક અબ્દુલ્લા

ફારૂક અબ્દુલ્લાએ કહ્યું, 'કેન્દ્ર સરકારે અદાણી ગ્રૂપ સામેના આરોપોને ગંભીરતાથી લેવા જોઈએ. આ મામલાની સંપૂર્ણ તપાસ કરવી જોઈએ. હું અદાણી ગ્રૂપ સાથે સંબંધિત મુદ્દાઓ વિશે વધુ જાણતો નથી, પરંતુ અગાઉ પણ તેમના પર ખોટા કામ કરવાના આરોપો લાગ્યા છે. જો આવું થયું છે તો તેની તપાસ થવી જોઈએ. જેપીસીની માંગ ઉઠી હોવાથી હું આશા રાખું છું કે, કેન્દ્ર સરકાર આ મુદ્દાને ગંભીરતાથી લેશે અને તેની સંપૂર્ણ તપાસ કરશે.'

## મોદીજી અદાણીની ધરપકડ ન કરાવી શકે કારણ કે, ભાજપને તેમનું ફંડિંગ છેઃ રાહુલ ગાંધી

અમેરિકાના પ્રોસિક્યુટર અને SEC દ્વારા ગૌતમ અદાણી સહિત તેમની પેટા કંપની ગ્રીન એનર્જીના બોર્ડ સભ્યો વિરુદ્ધ 250 મિલિયન ડૉલરની છેતરપિંડી અને લાંચના આરોપો પર કોંગ્રેસના અધ્યક્ષ અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ગૌતમ અદાણીની તાત્કાલિક ધોરણે ધરપકડ કરવા માંગ કરી છે. ગૌતમ અદાણીના રૂ. 2000 કરોડના કૌભાંડ અંગે રાહુલ ગાંધીએ કહ્યું છે કે, હવે તો અમેરિકાએ પણ અદાણી વિરુદ્ધ ભ્રષ્ટાચારના ગંભીર આરોપ લગાવ્યા છે. અદાણીએ ભ્રષ્ટાચાર કરીને મિલકતો ઊભી કરી છે. તેઓ ભાજપનું સમર્થન કરે છે અને આ બધું જ જગજાહેર છે. આમ છતાં, હિન્દુસ્તાનમાં અદાણી વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહીં થાય કારણ કે, ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને સુરક્ષા પૂરી પાડી રહ્યા છે. ભાજપનું સંપૂર્ણ ફંડિંગ અદાણી કરતાં હોવાનો દાવો કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મોદીજી કહે છે કે, દેશમાં કોઈ ક્રાઈમ કરે તો જેલમાં ધકેલી દઈશું. હવે તો અમેરિકન એજન્સી કહે છે કે, અદાણીએ ગુનો કર્યો છે, લાંચ આપી છે, અદાણીએ ઊંચા ભાવે વીજળી આપી છે. તો પણ તેમને કશું થતું નથી અને વડાપ્રધાન ઈચ્છે તો પણ કંઈ કરી શકે એમ નથી કારણ કે, ભાજપનું સંપૂર્ણ ફંડિંગ અને ફંડિંગ સ્ટ્રક્ચર અદાણીના હાથમાં છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels. TOP 75 Producers in Canada& Centurion Producer Awards Winner

Motel For Sale : Coming up
16 Room – Near London
21 Room – in Muskoka Area
17 Room – Sault Ste Marie

78 Room Hotel Ramada by Wyndham – Near Kingston - $6.99 Million
Sold Conditional

54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, library, gift shop, party room, execellent seasonal business from the tour buses

Urgent Listing Require:
Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers having 40% to 50% Down Payment Are Ready to CLOSE the Deal ASAP

35 Room Motel - $3.5 Million
Hwy 11, Northern Ontario

11 Room Motel - $749,000
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, Easy One Man Operation
2 Hrs from North Bay

Need Working Partner to Run Motels
Wiling to invest min $200,000. Partnership % + Salary to run and manage the motel. Must be PR or Citizen, Must know English & Computer

Motel Jobs Avaiable
Housekeeping and all general work,
Front-desk(must know English & Computer)
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100